પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH
Merry Christmas
FRIDAY, 27 December, 2019 Vol. 15, No. 52 Pages 28 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# કાશ્મીરનું દ્રાસ -૩૦.૨ ડિગ્રી સાથે થીજી ગયું

## ઉત્તર પશ્ચિમ ભારતમાં કાતિલ ઠંડીનો ચમકારો, રાજસ્થાનના સિકરમાં શૂન્ય ડિગ્રી તાપમાન

**• રાજસ્થાનના સિકરમાં -૩ અને માઉન્ટ આબુમાં એક ડિગ્રી સેલ્સિયસ તાપમાન**

નવી દિલ્હી : ઉત્તર ભારતમાં ઠંડીનું તીવ્ર મોજું યથાવત છે. દિલ્હીમાં ગુરુવારે લઘુતમ ૫.૮ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૧૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું છે. જે સામાન્ય કરતા સાત ડિગ્રી સેલ્સિયસ ઓછું હતું. દિલ્હીના અનેક વિસ્તારોમાં ૧૪ ડિસેમ્બરથી સળંગ ૧૩ દિવસ ઠંડા દિવસો જોવા મળ્યો છે જે ૧૯૯૭ પછીના સૌથી વધુ ઠંડા દિવસો છે. ૧૯૯૭માં સળંગ ૧૭ ઠંડા દિવસો જોવા મળ્યા હતાં. ભારતીય હવામાન વિભાગના રિજિયોનલ ફોરકાસ્ટિંગ સેન્ટરના વડા કુલદીપ શ્રી વાસ્તવના જણાવ્યા અનુસાર જ્યારે મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૪.૫ ડિગ્રી સેલ્સિયસ ઓછું હોય તો તેને ઠંડો દિવસ ગણવામાં આવે છે. દિલ્હીમાં છેલ્લા ૧૩ દિવસથી મહત્તમ તાપમામન સામાન્ય કરતા ૪.૫ ડિગ્રીથી ઓછું નોંધવામાં આવ્યું હતું. જમ્મુ-કાશ્મીરના કારગીલના દ્રાસ સેક્ટરમાં ગુરુવારે માઈનસ ૩૦.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. જેના કારણે દ્રાસ સેક્ટર જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સૌથી ઠંડો પ્રદેશ હતો. દ્રાસમાં મહત્તમ તાપમાન માઈનસ ૧૩ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. રાજસ્થાનના સિકર જિલ્લાના ફતેહપુરમાં આજે માઈનસ ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. માઉન્ટ આબુમાં આજે એક ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.



# ભારતીય સેનાએ ઉરીના શહિદોનો બદલો લીધો : પાક.ના બે સૈનિક ઠાર

**• અનેક ચોકીઓ ફુંકી મારી, સેના અને પોલીસે ગોળીબાર વચ્ચે સ્થાનિકોને સલામત રીતે બહાર કાઢ્યા**

જમ્મુ : ઉરી સેકટરમાં પાક. સેનાએ બુધવારે ગોળીબાર કર્યો હતો. જેને કારણે એક સેના અધિકારી તથા સ્થાનિક મહિલાનું મોત થયું હતુ. આ હુમલાના જવાબમાં ભારતીય સેનાએ ગુરુવારે વળતો જવાબ આપતા પાક.ની અનેક ચોકીઓ ફુંકી મારી હતી. ઉપરાંત પાક.ના બે જવાનોને ઠાર માર્યા હતા. પાક. સેનાએ બુધવારે ઉરીના સિલીકૂટ, હથલંગા, મોથલ, સોવરા, બાલકોટ, ચુરંડા અને તેની આસપાસના વિસ્તારોને નિશાન બનાવતા ગોળીબાર કર્યો હતો. દરમિયાન ૧૮ મરાઠા લાઈનના જેસીઓ બ્રજેશ કરાટે શહિદ થયા હતા. જયારે ચરુંડા ગામમાં થયેલા તોપમારામાં નસીમા નામની એક મહિલાનું મોત થયું હતુ. આ સમયે પોલીસ તથા સેનાએ સ્થાનિકોને સહીસલામત રીતે બહાર કાઢ્યા હતા. જે બાદ ગુરુવારે કઠુઆના હીરાનગર સેકટર તરફ પાકિસ્તાન તરફથી ગોળીબાર થયો હતો. જેનો જવાબ આપતા ભારતીય સેનાએ અનેક ચોકી નષ્ટ કરી હતી. આ સમયે પાક.ના બે જવાન શહિદ થયા હતા.






















Life Insurance, Critical Illness, Income Protection Plan (Disability Insurance), Travel Insurance/Super Visa Insurance, Mortgage Insurance, Non Medical Insurance Investments, RESP, RRSP, RRIF,TFSA, ANNUITY.
We Provide Better Rate for Super Visa Insurance
SECURING YOUR FAMILY'S FUTURE
CAN YOUR FAMILY AFFORD TO BE UNINSURED?
MAKE AN APPOINTMENT TODAY FOR YOUR FINANCIAL NEEDS
Jay Gandhi
Financial Advisor
647.894.5727
jaygandhi1102@gmail.com
www.jayfinancial.ca


AVAILABLE SERVICES:
EXCHANGE USD TO CAD & CAD TO USD
CURRENCY EXCHANGE & WIRE TRANSFER
GUARATEED BEST EXCHANGE RATE IN CANADA
PAYMENT AFTER DELIVERY**
CASH PICK-UP AND DIRECT BANK DEPOSIT ALL OVER THE WORLD
REMITTANCE PARTNER
MoneyGram
XPRESS MONEY
Ria MONEY TRANSFER
UREMIT
& more...
SEND MONEY TO
INDIA
DUBAI
ABU DHABI
KUWAIT
SAUDI ARABIA
PAKISTAN
OMAN
QATAR
BANGLADESH
SRI LANKA
UNITED KINGDOM
USA
AUSTRALIA
NEW ZEALAND
BRING MONEY FROM
TO
CANADA
ભારતથી બાપ-દાદાની મિલકત વેચીને રુપિયા કેનેડા કાયદેસર રીતે મંગાવવા માટે સંપર્ક કરો: ઝાકીરભાઇ
*No Service Charge & No Commission **Subject to Credibility
Call ZAKIRBHAI
There is NO TAX on most Inheritance, Loan, and Gift Money.
ZAKIRBHAI WILL PROVIDE GUIDANCE FOR THAT.
Jack Filled Foreign Exchange Inc
#102-305 MILNER AVE, SCARBOROUGH, ON, M1B 3V4
416.901.9995, 416.439.9995


The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Visitors Insurance
Super Visa Insurance
Travel Insurance
Protect Yourself, your family, investment & your valuable assets through
Life Insurance
Critical Illness Insurance
Disability Insurance
Supplemental Health Insurance
Make your investment plans, MEANINGFUL
Guaranteed Investment Funds
Tax Free Saving Account
Reg. Ed. Saving Plan
Reg. Retirement Plans
NO Medical Life Insurance Plans - up to $750,000.
HARD TO INSURE? YOU CAN BE COVERED!
Call today for a free no obligation quote
Jagdish Patel
(President, insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com
Hiring new & experienced insurance advisor
Better Commission package
Weekly product training
One on one basis support
Full flexibility


Rollz ICE CREAM
BEST TAWA ICE CREAM IN TORONTO
Flavours
Roasted Pistachio
Anjeer Baadam
Rose and Pistachio
Chickoo
Bombay Kulfi
Mava kulfi
Guvava Chili
Kaju Draksh
Sitafal
Maharaja Paan
Waffles
Chocolate nuts Waffle
Strawberry cracker Waffle
Classic Waffle
Pecan Banana Waffle
Dipped Gelato softserve Cones
Egg free waffles
UBER eats
NO EGGS
NO GELATINE
NO ALCOHOL
5631 Steeles Ave East, Unit 6, Middlefield & Steeles
Behind SUBWAY SANDWICH
416-293-4006 rollzicecream.com
blogTO
SKIP the DISHES
UBER eats

# ભાજપે હવે ઝારખંડ પણ ગુમાવ્યું ઘટતો જતો જનાધાર ચિંતાજનક

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને પછડાટ ખાવી પડી છે. આ સાથે જ મહારાષ્ટ્ર બાદ વધુ એક રાજ્યમાં તેના હાથમાંથી સત્તા છીનવાઈ ગઈ છે. ૨૦૧૮ જાન્યુઆરી પછી દેશના પાંચ રાજ્યો એવા છે કે જ્યાં ભાજપનું શાસન હતુ ત્યાં હવે ૨૦૧૯ના ડીસેમ્બરમાં કોંગ્રેસ અને ગઠબંધનો સત્તા પર આવી ગયા છે. છેલ્લાં ત્રણેક વર્ષથી સહયોગી પક્ષોને અવગણવા ભાજપ દ્વારા થઈ રહી હતી. આ નીતિની અસર તેને થઈ રહી છે. ઝારખંડમાં પણ જે પક્ષો ભાજપને વિજય અપાવી શકે એમ હતાં એમનાથી છેડો ફાડી મોદી અને અમીત શાહે એકલે હાથે જ ચૂંટણીમાં ઝંપલાવવાનો નિર્ણય લીધો હતો. મોદી, અમીત શાહ સહિતના ભાજપી નેતાઓને હતુ કે, ૩૭૦, જમ્મુ કાશ્મીર, રામ મંદિર જેવા મુદ્દાઓની વાતો કરીને તેઓ અહીં પણ વિજય મેળવી લેશે. પ્રચારસભામાં પણ ભાજપના નેતાઓએ આ જ મુદ્દા ચગાવ્યા, પરંતુ ઝારખંડની પ્રજાએ આ તમામ મુદ્દા કરતા સ્થાનિક પ્રશ્નોને મહત્વના ગણ્યા છે. વળી, સ્થાનિક સ્તરે ભાજપના જ કેટલાક નેતાને પણ કોરાણે મુકી દેવાયા, પરિણામે ઝારખંડ જેવા નાના રાજ્યમાં પણ ભાજપે સત્તાથી દૂર થવું પડ્યું છે.

વર્ષ ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તામાં આવ્યો ત્યારથી જ ભાજપ ઉપર સહયોગી પાર્ટીઓને અનેક વખત અવગણતો રહ્યાના આરોપ થતા રહ્યાં છે. ઝારખંડમાં પણ ભાજપને એ જ પરિબળ નડી ગયું. રાજ્યમાં ગત વિધાનસભાની ચૂંટણી ભાજપે ઓલ ઝારખંડ સ્ટુડન્ટ યુનિયન (એજેએસયુ) સાથે મળીને લડી હતી. જેમાં ભાજપને ૩૭ અને એજેએસયુને પાંચ બેઠકો મળી હતી. આ વખતે ભાજપે પોતાના સહયોગીઓને અવગણ્યાં અને એકલે હાથે ચૂંટણીમાં ઝંપલાવ્યું. હકીકતમાં વર્ષ ૨૦૦૦માં ઝારખંડ રાજ્યની રચના થઇ ત્યારથી એજેએસયુ ભાજપની સહયોગી પાર્ટી હતી. પરંતુ આ વખતે તેને કોરાણે મૂકવાનું ભાજપને ભારે પડી ગયું. ઝારખંડમાં એજેએસયુને ભાજપ સાથે બેઠકોની ફાળવણીના મુદ્દે વાંધો પડયો. ગત વિધાનસભાની ચૂંટણીમાં એજેએસયુએ આઠ બેઠકો પર ચૂંટણી લડીને પાંચ બેઠકો મેળવી હતી. પરંતુ આ વખતે તેણે ૧૭ બેઠકોની માગણી કરી હતી. જેને ભાજપે સ્વીકારી નહી. લોકસભાની ચૂંટણીમાં બંને પક્ષોએ સાથે ઝંપલાવીને રાજ્યની ૧૪માંથી ૧૨ બેઠકો અંકે કરી હતી અને ૫૬ ટકા વોટ હાંસલ કર્યા હતાં. જો લોકસભાની ચૂંટણીના પ્રદર્શનને વિધાનસભાની બેઠકોના હિસાબે જોવામાં આવે તો ભાજપ અને એજેએસયુને મળીને ૬૩ બેઠકો પર જીત મળી શકી હોત.

જોકે મહારાષ્ટ્રમાં શિવસેનાથી દાઝેલા ભાજપે ઝારખંડમાં સહયોગી વિના ઝંપલાવવાનું નક્કી કર્યું અને એ જ મુદ્દો તેને ભારે પડી ગયો. કેન્દ્રની એનડીએ સરકારમાં ભાજપની સહયોગી એવી રામવિલાસ પાસવાનની પાર્ટી એલજેપીએ પણ ભાજપને સાથે મળી ચૂંટણી લડવાનો પ્રસ્તાવ આપ્યો હતો. પરંતુ એ પણ ભાજપે ફગાવી દીધો. એ જ રીતે નીતીશ કુમારની જેડીયૂએ પણ ભાજપથી અલગ ચૂંટણી લડી. સહયોગી પક્ષો અલગ ચૂંટણી લડયા એનો સીધો ફટકો ભાજપને મતો વહેંચાઇ જવાના કારણે પડયો. ઝારખંડની ચૂંટણી અગાઉ ભાજપે દાવો કર્યો હતો કે, તેને ૮૧માંથી ૬૫ બેઠકો મળશે અને તે એકલે હાથે રાજ્યમાં સરકાર બનાવશે. ભાજપને અપેક્ષા હતી કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ચહેરો આગળ કરીને સફળતા મેળવશે. આ રણનીતિ અંતર્ગત ભાજપે ઝારખંડમાં વડાપ્રધાન મોદી અને અમિત શાહની અનેક ચૂંટણીસભા યોજી. એટલું જ નહીં, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પણ ચૂંટણી પ્રચારના મેદાનમાં ઉતાર્યા. પરંતુ ભાજપના આ દાવ ઉલટો પડયો છે. ઝારખંડમાં એક તરફ જ્યાં ભાજપે સહયોગીઓને અવગણવાનું વલણ અપનાવ્યું ત્યાં બીજી તરફ વિપક્ષોએ એકજૂથ થઈને ચૂંટણીમાં ઝંપલાવ્યું હતુ. કોંગ્રેસે ઝારખંડ મુક્તિ મોરચા અને આરજેડી સાથે બેઠકોમાં ભાગીદારી કરીને ચૂંટણી લડી અને સફળતા મેળવી છે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં આ ત્રણેય પક્ષો અલગ અલગ ચૂંટણી લડયાં હતાં પરંતુ આ વખતે કોંગ્રેસે મહારાષ્ટ્ર અને હરિયાણામાંથી બોધપાઠ લીધો. કોંગ્રેસે ઝારખંડ મુક્તિ મોરચા અને આરજેડી સાથે જોડાણ કરવાનું શાણપણ દાખવ્યું. ભાજપે મુખ્યમંત્રીપદ માટે આદિવાસી ચહેરો ન ઉતાર્યો એ પણ તેની હારનું એક કારણ છે. ઝારખંડમાં ૨૬.૩ ટકા વસતી આદિવાસીઓની છે અને રાજ્યની ૨૮ બેઠકો આદિવાસીઓ માટે અનામત છે. ઝારખંડ મુક્તિ મોરચાએ આદિવાસી નેતા હેમંત સોરેનને મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનાવ્યા જ્યારે ભાજપે બિનઆદિવાસી સમુદાયમાંથી આવતા રઘુબર દાસને જ ફરી વખત મુખ્યમંત્રીપદ માટે આગળ ધર્યા. ઝારખંડના આદિવાસીઓમાં રઘુબરદાસની નીતિઓને લઈને ઘણો રોષ હતો. આદિવાસીઓનું માનવું હતું કે, રઘુબર દાસે પોતાના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન આદિવાસીવિરોધી નીતિઓ બનાવી છે. આદિવાસી સમુદાયના નેતા અર્જુન મુંડેને મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનાવવાની માંગ પણ ઊઠી હતી. પરંતુ ભાજપના નેતૃત્ત્વએ ગંભીરતા દાખવી નહીં. ઝારખંડની ચૂંટણીમાં ભાજપ પાર્ટીના અસંતુષ્ટોને પણ ન સાચવી શક્યો. ભાજપના મોટા નેતા રાધાકૃષ્ણ કિશોરે પાર્ટી છોડીને એજેએસયુ સાથે હાથ મિલાવી લીધાં. એ જ રીતે ભાજપના કદાવર નેતા સરયૂ રાયે ટિકિટ ન મળતા પાર્ટી છોડી દીધી અને મુખ્યમંત્રી રઘુબરદાસ વિરુદ્ધ ઝંપલાવ્યું.

૨૦૧૪માં કેન્દ્રમાં સત્તામાં આવ્યા બાદ ભાજપે ડબલ એન્જિનવાળી થિયરી પર જોર આપવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં તો પ્રજાએ આ ડબલ એન્જિનવાળી ફોર્મ્યૂલાને પસંદ કરી અને પરિણામ એ આવ્યું કે ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તા મળ્યા બાદ ભાજપ અને તેના સમર્થિત પક્ષોએ ૨૦૧૮ સુધીમાં ૨૧ રાજ્યોમાં સત્તા હાંસલ કરી. પરંતુ હવે આ ફોર્મ્યૂલા નિષ્ફળ જઈ રહી છે. ૨૦૧૪માં માત્ર સાત રાજ્યોમાં ભાજપની સરકાર હતી એમાંયે બે રાજ્યોમાં ભાજપ ગઠબંધન સરકારમાં હતો. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગોવામાં ભાજપની સરકાર હતી જ્યારે પંજાબ અને મહારાષ્ટ્રમાં ભાજપની ગઠબંધન સરકાર હતી. બીજી બાજુ ૧૩ રાજ્યોમાં કોંગ્રેસની સરકાર હતી. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી બાદ હરિયાણા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરમાં એકલે હાથે અથવા તો જોડાણ કરીને ભાજપે સત્તા કબજે કરી હતી. વર્ષ ૨૦૧૬માં ભાજપે આસામમાં ઈતિહાસ સર્જ્યો અને કોંગ્રેસના ૧૫ વર્ષના શાસનને ખતમ કર્યું. એ પછી ૨૦૧૭માં સાત રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઇ ત્યારે ભાજપે ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, મણિપુર, હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં સરકાર બનાવી હતી. જ્યારે પંજાબમાં સત્તા ગુમાવી હતી. પૂર્વોત્તરના રાજ્યોમાં પણ ભાજપે સહયોગીઓની મદદ વડે સરકાર રચી. વર્ષ ૨૦૧૮ની શરૂઆત ભાજપ માટે સારી રહી અને તેણે ત્રિપુરામાં સરકાર બનાવી.

જોકે એ પછી ભાજપ માટે વળતા પાણી શરૂ થયા. મે ૨૦૧૮માં કર્ણાટકમાં સૌથી વધારે

અનુસંધાન પેજ નં. ૨૧

manoj1968@yahoo.ca






# ઓછી આવકવાળા ભાડૂતોને હાઉસિંગ બેનિફિટ મળશે

## ખર્ચ વેંઢારવામાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ૫૦-૫૦ ટકાની ભાગીદારી રહેશે, સંસ્થાને બદલે હવે વ્યક્તિને સીધો લાભ થશે

ઓન્ટેરિયો : કેન્દ્ર સરકાર ઓછી આવકવાળા પરિવારોને આર્થિક મદદ આપવા માટે જે તે ૧૩ કરારો રાજ્ય સરકાર સાથે કરવાની છે તેમના એક અહેવાલ ઉપર સહી કરવામાં આવી છે. ૧.૪૬ બિલિયન ડોલરના ઓન્ટેરિયો સાથેના સંયુક્ત કરાર પર સહી થઈ છે.

આ યોજનામાં કેન્દ્ર-રાજ્ય સરકારો આવા ભંડોળમાં ૫૦-૫૦% ની ભાગીદારી રાખશે. આવા કરારથી રાજ્ય સરકાર તેના હાલના કાર્યક્રમનો વિસ્તાર કરી પરિવારોને આર્થિક મદદ માટે કેનેડા હાઉસિંગ બેનિફિટ યોજના શરુ કરવામાં મદદ મળશે. આ યોજના આગામી વસંત ઋતુથી શરુ થવાની છે. કોઈ સામાજિક સંસ્થાના સભ્ય બન્યા પછી તે સંસ્થાને લાભ આપવાના બદલે આ વાર્ષિક લાભ વ્યક્તિને સીધો આપવામાં આવશે. તેથી જો ભાડૂત સ્થળાંતર કરશે તો પણ ભાડુતને વધારાની આ મદદ ગુમાવવી નહિ પડે. આ અગાઉ તેણે સામાજિક હાઉસિંગ સંસ્થા પોતાનું કાર્યાલય જે તે વિસ્તારમાં ખોલે ત્યાં સુધી લાભ મેળવવા માટે રાહ જોવી પડતી હતી.

ઓન્ટેરિયોમાં હાલ જે પરિવારોને આ સહાય મળે છે તેમને પણ વધારાનો લાભ આપવામાં આવશે અથવા જે લોકો આ યોજનામાં જોડાવવાને પાત્ર હશે અને સામાજિક હાઉસિંગ યુનિટ મેળવવા માટેની પ્રતીક્ષા યાદીમાં હશે અથવા જેણે કમ્યુનિટી હાઉસિંગ યુનિટમાં રહેવાનું છોડી દીધું હશે તેમને પણ વધારાની આ આર્થિક સહાય મળશે.

યોજનાથી કેટલાય લોકોને આર્થિક લાભ મળશે તેનો આંકડો હજુ નક્કી થયો નથી અને એક વખત ઓન્ટેરિયો જેવા રાજ્યો લાભાર્થીઓ માટેની યોજનાનો અમલ પૂરો કરે ત્યારબાદ તે આંકડા જાહેર કરી શકાશે. કરારની વિગત અથવા દરેક ક્ષેત્રમાં કેટલો ખર્ચ કરવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. ટ્રુડો લિબરલની સરકાર આ પ્રકારના કરાર દરેક રાજ્યો અને પ્રદેશો સાથે તેમની જરૂરિયાત મુજબના કરાર કરવા માટે વિચારી રહી છે. એ બાબતની પણ ખાતરી રાખવામાં આવશે કે આ પરિવારોને બાળ ઉછેર માટેની સહાય તથા પરિવારની આજીવિકા માટે આપવામાં આવતા અન્ય લાભોને કોઈ અસર થશે નહિ. કેન્દ્રના અધિકારીઓ એપ્રિલ ૨૦૨૦ સુધીમાં બધા રાજ્યો સાથેના કરાર પર સહી સિક્કાનું કામ પૂરું કરી લેવા ઈચ્છે છે. આ પોર્ટેબલ હાઉસિંગ યોજનાના લાભાર્થીઓ માટે ૧૦ વર્ષમાં ૪ બિલિયન ડોલરનો ખર્ચ કરવાની ફાળવણી કરવામાં આવી છે. પરંતુ આ માટે રાજ્યો અને પ્રદેશોએ પણ ૫૦% ખર્ચ ઉપાડવો પડશે. કેન્દ્ર દર વર્ષે પરિવારોને સરેરાશ ૩૦૦૦ ડોલરની સહાય આપશે.

# કેનેડામાં યોજાતા માર્ગદર્શક કેમ્પનો લાભ લેવા કોન્સ્યુલર દ્વારા અપીલ

- દસ્તાવેજોને પ્રમાણિત કરવા, વિઝા, પાસપોર્ટ માટે અરજી અંગે માહિતી અપાશે

ટોરન્ટો : ઈન્ડો-કેનેડિયન અને ભારતીય સમાજના સભ્યો સુધી પહોંચવા માટે ટોરન્ટો ખાતેના કોન્સુલેન્ટ જનરલ તરફથી દર મહિને જી.ટી.એ. અને અન્ય વિસ્તારોમાં નિયમિત કોન્સ્યુલર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

આ કેમ્પમાં સામાન્ય માહિતી આપવામાં આવે છે. જેમાં સલાહ તથા જુદી-જુદી સેવાઓ જેવી કે, દસ્તાવેજોને પ્રમાણિત કરવા, વિઝા, પાસપોર્ટ માટે અરજી, પી.સી.સી., સર્ટિફિકેટ સરેન્ડર કરવું, ઓ.સી.આઈ. અરજી, જરૂરી દસ્તાવેજો અને ફી સાથે પી.સી.સી. વગેરે જેવા કાર્યો માટે આ કેમ્પ યોજાય છે. કોન્સ્યુલેટ તરફથી આ પ્રકારનો એક પહેલો કાઉન્સિલર કેમ્પ ૨૦૨૦માં બ્રામ્પટન ખાતે યોજવામાં આવશે. આ કેમ્પ ૧૮, જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૧૦ થી બપોરના બે વાગ્યા સુધી નાનકસર ગુરુદ્વારા સાહિબ, ૬૪ ટીમ્બરલેન ડી.આર., બામ્પટન, ઓન એલ ૬ વાય ૪ વી૭ ખાતે યોજાશે. આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ભારતીયો રહેતા હોવાથી કાઉન્સિલર કેમ્પનું આયોજન અહીં કરાયું છે. ભવિષ્યમાં યોજાનાર વધુ કેમ્પની તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે.

ઈન્ડો-કેનેડિયન અને ભારતીય સમાજને બ્રામ્પટન ખાતે યોજાનારા ૧૮મી જાન્યુઆરી ૨૦૨૦ના કેમ્પનો લાભ ઉઠાવવા અપીલ કરાય છે.






# SkyRoute
## TRAVEL SERVICES INC.




AIR CANADA QATAR AIRWAYS القطرية Lufthansa Emirates الاتحاد ETIHAD AIRWAYS

| | | |
|---|---|---|
| **AHMEDABAD** | → | **$1159** |
| **DELHI** | ← | **$999** |
| **VADODARA** | → | **$1199** |
| **MUMBAI** | ← | **$989** |

24 24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC IATA tico.ca Travel Industry Council of Ontario Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**
Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# કેનેડામાં જાતીય શોષણના ૫૦૦૦ કેસ ફોટો - વીડિયો શેરની ઘટના ચિંતાજનક

• કેન્દ્ર સરકારે નગ્ન ફોટોગ્રાફ્સ અને વીડિયોના વિતરણને ડિસેમ્બર ૨૦૧૪થી ગુનાહિત કૃત્ય જાહેર કર્યું છે



ટોરન્ટો : કેનેડામાં લોકો ગેરકાયદેસર રીતે અંગત પળોના ફોટોગ્રાફ્સ અને વીડિઓ કોઈની મંજૂરી વિના શેયર કરી રહ્યા હોવાની ૫૦૦૦ ફરિયાદોના ઉકેલમાં પોલીસ તંત્ર વ્યસ્ત છે.

કેન્દ્ર સરકારે નગ્ન ફોટોગ્રાફ્સ અને વીડિયોના વિતરણને ડિસેમ્બર ૨૦૧૪થી ગુનાહિત કૃત્ય જાહેર કર્યું છે. આ અગાઉ કેટલાક ભદ્ર સમાજના ૩થી ચારના મોત થતાં મચેલા ઉહાપોહના કારણે આ પગલું ભરવામાં આવ્યું હતું. આ યુવતીઓની અંગત પળો અને નગ્ન ફોટોગ્રાફ્સ વ્યાપક રીતે સોશિયલ મીડિયા પર આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. લોકો તેનો ક્રૂર આનંદ ઉઠાવી રહ્યા હતા. એક સામુહિક બળાત્કારના વિકૃત ફોટોગ્રાફ્સ પણ પોસ્ટ કરવામાં આવ્યા હતા. પોલીસ તરફથી નોંધવામાં આવેલા આંકડા જે સ્ટેટિકસ કેનેડા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે તે મુજબ ૨૦૧૫માં ૩૦૪૦ કિસ્સા પોલીસમાં નોંધાયા હતા. જે ૨૦૧૭-૧૮માં મોટા કુદકા સાથે દર વર્ષે ૧૫૦૦ની સંખ્યા પર પહોંચ્યા હતા. મીડીયાએ એવા અહેવાલોને સમર્થન આપ્યું હતું કે, પોલીસ ૨૦૧૯માં ઉપરોક્ત વર્ષ કરતા મોટી સંખ્યામાં આવા કેસ ના ઉકેલ માટે વ્યસ્ત છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન આ આંકડો ૫૦૦૦ કેસથી વધુ પર પહોંચ્યો છે.

સાસ્કેચવાન આર.સી.એમ.પી.ના પ્રવક્તા કોર્પોરેલ રોબ કિંગે જણાવ્યું હતું કે, મારા અંદાજ મુજબ આવતા કેટલાક વર્ષોમાં આવા બનાવોમાં હજુ પણ વધારો થશે. આવા ફોટોગ્રાફ્સ લેવાની ટેક્નોલોજી સરળતાથી મળી રહેતી હોવાથી અને કાયદામાંથી છટકવાની આવડતનો વધારો થયો હોવાથી આવા ગુનાઓ વધે તે સ્વાભવિક છે. આવા કેસને રિવેન્જ પોર્ન તરીકે પણ ઓળખાવવામાં આવે છે. જેમાં ગુનેગાર અનેક વખત પોતાનો બદલો લેવા માટે પ્રેમીઓની અંગત પળો અથવા નગ્ન ફોટોગ્રાફ્સ વાયરલ કરતા હોય છે.

જોકે સંશોધકો કહે છે કે યુવાનો કોઈની મંજૂરી વિના સેક્સ સબંધિત સાહિત્યની આપ-લે કરતા હોય છે. મોટેભાગે વ્યક્તિ એક જ પ્રકારે જાતીય દબાણ ઉભું કરે છે અને તે મહિલા અથવા યુવતીની લાગણીઓને ઉશ્કેરી તેનો ગેરલાભ ઉઠાવે છે. રેજીના યુનિવર્સીટીના કેમ્પસમાં મહિલાઓ અને વિદ્યાર્થીનીએ જણાવ્યું હતું કે અન્ય વ્યક્તિઓ દ્વારા અમારી વિરુદ્ધ જે ગુનાહિત કાવતરા કરવામાં આવે છે તેનાથી અમે કંટાળી ગયા છીએ. આ યોગ્ય નથી.

# કેનેડા-ઈન્ડિયા ફાઉન્ડેશને ભારતના સચિવ એસ. જયશંકરને આવકાર્યા

• બંને દેશો વચ્ચે ધનિષ્ઠ સબંધ માટે સચિવની મુલાકાત મદદરૂપ બનવાની આશા



ઓકવિલ્લે : કેનેડા-ઈન્ડિયા ફાઉન્ડેશન(સી.આઈ.એફ.)એ ભારતના વિદેશ સચિવ ડો. સુબ્રમણિયમ જયશંકરની કેનેડાની સત્તાવાર મુલાકાતને આવકારી છે. અને આ બંને દેશો વચ્ચે વધુ ઘનિષ્ઠ સંબંધો વિકસાવવા માટે મદદ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

ડો. એસ.જયશંકરે હાઈ કમિશ્નર, ભારતના રાજદૂત અને વિદેશ સચિવ તરીકે અનેક દેશોમાં સેવાઓ આપીને ભારતનું નામ ગાજતુ કર્યું છે. આ પ્રવાસમાં પણ તેઓ રાજદ્વારી કુનેહ સાથે વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ પણ લાવ્યા છે. ઈન્ડિયા-કેનેડા વચ્ચે બદલાતી ભાગીદારી નામનો એક લેખ તેમની મુલાકાતના દિવસે નેશનલ પોસ્ટમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

આ મંત્રીએ ભારત-કેનેડા વચ્ચેના દ્વિ-પક્ષીય સબંધો, લોકતાંત્રિક મૂલ્યો, વિવિધતામાં એકતા અને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉલ્લેખ કર્યો હતો.

સી.આઈ.એફ. મક્કમ રીતે માને છે કે આ સિદ્ધાંતોના આધારે જ તેમની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. જયશંકરની સત્તાવાર મુલાકાત દરમિયાન બંને દેશોએ સબંધો મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા બતાવવાની તક ઝડપી લીધી હતી. બંને દેશોએ પોત-પોતાના અનુભવો અને મૂલ્યાંકનોની આપ-લે કરી હતી. બંને દેશોએ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રો જેવા હજુ સુધી જેનો લાભ મોટેપાયે હજુ સુધી લઇ શકાયો નથી તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને આ ક્ષેત્રનો વધુમાં વધુ લાભ લઈ શકાય તે બાબતે મદદ કરવા માટે સી.આઈ.એફે. પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# વેનકૂવર આઈલેન્ડમાં ભૂકંપના પાંચ આંચકા : ૪થી૬ સુધી તીવ્રતા નોંધાઈ

• આંચકાઓનું ઉદ્ગમ સ્થાન પોર્ટ હાર્ડીથી ૧૦૦ કિમિ દૂર બી.સી.મા પાંચ કિ.મિ.ની ઉંડાઈએ કેન્દ્રીત થયું

ઓટ્ટાવા : સોમવારે વેનકૂવર આઈલેન્ડની ઉત્તર-પશ્ચિમમાં ૭ કલાકમાં ભૂકંપના પાંચ આંચકા આવ્યાં હતાં. એ દરમિયાન જાન માલની ખુવારીના કોઈ અહેવાલ મળ્યા નથી. સવારે હળવી ધ્રુજારીઓથી શરૂઆત થઇ હતી. જે બપોર થતાં સુધીમાં ભારે શક્તિશાળી બની ગઈ હતી. અર્થક્વેક્સ કેનેડાએ ભૂકંપની તીવ્રતા ૫.૧ (૮:૪૪ એ.એમ. પી.ટી.), ૫.૬ (૧૧.૧૩ એ.એમ), ૫.૮(૧૧.૪૯ એ.એમ), ૬.૦ (૧૨.૫૬પી. એમ) ૪.૮ (૩.૩૮) હોવાનું જણાવ્યું હતું. ભૂકંપના આ પાંચેય આંચકાઓનું ઉદ્ગમ સ્થાન પોર્ટ હાર્ડીથી ૧૦૦ કિમી દૂર બી.સી.મા પાંચ કિ. મી.ની ઉંડાઈએ કેન્દ્રીત થયું હતું.

અર્થક્વેક કેનેડાના સિસ્મોલોજિસ્ટ એન્ડ્રયુ શેફરે જણાવ્યું હતું કે, ભૂકંપનો અનુભવ થયો હોવાના કોઈ સમાચાર અમને મળ્યા નથી. તમારે એવા અનુભવ માટે તૈયારી રાખવી પડશે અને રાહ જોવી પડશે. આ તો મોટી ટ્રક ચલાવતી વખતે આંચકા લાગે એવો અનુભવ હતો. સુનામી આવે એવો ભૂકંપ નહતો. ભૂકંપના પહેલા ચાર આંચકાના અનુભવ બાદ શેફરે જણાવ્યું હતું કે, વેનકૂવર આઈલેન્ડના પશ્ચિમ છેડા તરફના વિસ્તારમાં ભૂકંપની વધુ સંભાવના રહે છે. ગયા વર્ષે ૩ થી ૫ ની તીવ્રતા ધરાવતા ૧૦૦ આંચકા આવ્યાં હતાં.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com



"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance





Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com
We represent many insurance companies, we can shop around for best rates.



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Promotional Price

$500

Per Person / Per Month



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# શાહઆલમ હિંસા: મુફીસ અંસારી સહિત ૧૫ની ધરપકડ

**•લોકોને વિરોધ પ્રદર્શનમાં જોડાવા માટે અને પોલીસ મંજૂરી ના આપી તે મુદ્દે ઉશ્કેરવામાં આવ્યા હતા**

અમદાવાદ : શાહઆલમમાં ગુરૂવારે સીએએ અને એનઆરસીનો વિરોધ દરમિયાન થયેલા તોફાનોમાં સામેલ રેલીની મંજૂરી માંગનાર મુફીસ અંસારી સહીત ૧૫ લોકોની પોલીસે ધરપકડ કરતા આ કેસમાં અત્યાર સુધી કુલ ૬૪ લોકોની ધરપકડ કરાઈ છે. કોર્પોરેટર શહેજાદખાન પઠાણ સહીત ૧૩ લોકો રિમાન્ડ પર છે. પોલીસ તપાસમાં આરોપીઓએ શાહઆલમ, ઈસનપુર, વટવા, ચંડોળા અને રખિયાલ આ પાંચ વિસ્તારના જૂદા જૂદા એરિયાના ૫૦ જેટલા આગેવાનો અને મસ્જીદમાં આવતા લોકોને વોટસએપ ગ્રુપમાં સામેલ કર્યા હતા. એમએસ વોટસએપ ગ્રુપમાંથી મેસેજ થયા બાદ આ ૫૦ લોકો વિવિધ વોટસએપ ગ્રુપમાં મેસેજ ફોરવર્ડ કરતાં હતા. બીજી તરફ શહેજાદ પઠાણે અટકાયત બાદ પોતાનો લોકોને હિંસા ના કરવા અપીલ કરતો વીડિયો ફેસબૂક પર વાઈરલ કર્યો હતો. બંધના અગાઉના દિવસે વિરોધ પ્રદર્શનમાં જોડાવા લોકોને અપીલ કરતો વીડિયો મુક્યો હતો.

ક્રાઈમબ્રાંચે શાહઆલમ તોફાન કેસમાં જે ૧૫ લોકોની ધરપકડ કરી તેમાં રેલીની મંજૂરી માંગનાર અને મંજૂરી ના મળ્યા છતાં વિરોધ પ્રદર્શન માટે શહેજાદ પઠાણ સાથે મળીને લોકોને એકત્ર કરવામાં મહત્વનો રોલ ભજવનાર મુફીસઅહેમદ અનીશઅહેમદ અંસારીની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં ખુલેલી વિગતો મુજબ મુફીસ અહેમદ, શહેજાદ પઠાણ સહીતના લોકો ધાર્મિક સ્થળો પર ત્રણ જેટલી મિટીંગ કરી હતી. જેમાં લોકોને વિરોધ પ્રદર્શનમાં જોડાવા માટે અને પોલીસ મંજૂરી ના આપી તે મુદ્દે ઉશ્કેરવામાં આવ્યા હતા. જો કે, આરોપીઓના કહેવા મુજબ તેઓએ મંજૂરી પહેલા સામાન્ય મિટીંગ કરીને શાંતિની અપીલ કરી હતી. મંજૂરી ના મળ્યા બાદ પણ વિરોધ પ્રદર્શનમાં જોડવા લોકોને અપીલ જ કરી છે. હિસાં કરવાનો કે હુમલા કરવાનો તેઓનો કોઈ ઈરાદો ન હતો. પોલીસનો દાવો છે કે, એકથી વધુ વોટસએપ ગ્રુપમાં મેસેજો વાઈરલ કરવામાં આવ્યા છે.




## વડોદરામાં યોજનાબદ્ધ રીતે તોફાનો, બશીર બંગાલી સહિત વધુ ૧૦ તોફાની જેલભેગા

**•પોલીસ પર હુમલો થતાં અશ્રુવાયુના સેલ છોડી ફાયરિંગ કરાયું હતું.**

વડોદરા : હાથીખાનામાં થયેલા તોફાનોમાં પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તોફાનીઓની ધરપકડનો દોર જારી રાખ્યો છે. તોફાનીઓને ઉશ્કેરનારા સહિત મંગળવારે વધુ ૧૦ તોફાનીઓની પોલીસે ધરપકડ કરતાં હાથીખાનાના તોફાનોમાં પકડાયેલાઓની સંખ્યા ૨૬ થઈ છે. ફતેપુરા હાથીખાનામાં શુક્રવારે બપોરે વીડિયોગ્રાફી કરવા બાબતે પોલીસ સાથે ઝઘડો કરી યોજનાબધ્ધ રીતે કરાયેલા તોફાનો અને પોલીસ પર હુમલાના બનાવમાં પોલીસે અશ્રુવાયુના સેલ છોડી ફાયરિંગ કર્યું હતું.

આ તોફાનોમાં ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જયદિપસિંહ જાડેજાની આગેવાની હેઠળ જુદી જુદી ટીમો હુમલાખોરોને શોધી રહી છે.પોલીસે અત્યાર સુધીમાં ૧૬ તોફાનીઓની ધરપકડ કરી હતી.જ્યારે,આજે વધુ ૧૦ તોફાનીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે પકડેલા તોફાનીઓમાં બશીર અહેમદ મુલ્લા ઉર્ફે બંગાલીની ટોળાને ઉશ્કેરણી કરવામાં મુખ્ય ભૂમિકા હોવાની વિગતો બહાર આવી છે.આ ઉપરાંત પથ્થરમારો કરનારા તેમજ તોફાનીઓને રહેવા-જમવાની વ્યવસ્થા કરી આપનારાની પણ ધરપકડ કરાઈ છે.

## સત્તાલાલચું લોકોના પગ નીચેથી જમીન સરકી ગઈ છે: વિજય રૂપાણી

ગાંધીનગર : ગુજરાત ભાજપના આગેવાનોની રવિવારે ગાંધીનગર ખાતેના ભાજપના પ્રદેશ કાર્યલય ખાતે પ્રદેશ કક્ષાની બેઠક મળી હતી. જેમાં નાગરિક્તા અધિકાર બિલ અંગેના કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે. બેઠકમાં મુખ્ય પ્રધાને વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, નાગરિક્તા સંશોધન કાયદા અંગે કોંગ્રેસ દુષ્પ્રચાર અને જૂઠાણાં ફેલાવીને સમગ્ર દેશમાં અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. જાહેરજીવનમાં વ્યક્તિવિરોધ હોઈ શકે, પરંતુ વોટબેંક માટે દેશનો વિરોધ અને દેશની છબિ તેમજ એકતા અને અખંડિતતાને નુકસાન પહોંચે તે પ્રકારનું આચરણ એ કોંગ્રેસની હિન માનસિક્તાને દર્શાવે છે. ભાજપા દ્વારા રાષ્ટ્રની મજબૂતાઈ અને વિકાસ માટે એક પછી એક તે સહિતના નિર્ણયો થઈ રહ્યા છે તેથી સત્તાલાલચુ લોકોના પગ નીચેથી જમીન સરકી ગઈ છે.

## હિંસા કરાવવી એ ભાજપનો ઇતિહાસ રહ્યો છે: કોંગ્રેસ

અમદાવાદ: નાગરિક્તા કાયદાના વિરોધ પ્રદર્શન દરમિયાન અમદાવાદમાં શાહઆલમ વિસ્તારમાં થયેલી હિંસક ઘટનામાં કોંગ્રેસના હાથ હોવાનો ભાજપના નેતાઓએ કરેલા આક્ષેપો સામે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, મુખ્ય મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે હિંસા કરાવવી એ ભાજપનો ઇતિહાસ રહ્યો છે. ભાજપ સરકારના ઈશારે મુઠ્ઠીભર અસામાજિક તત્વો દ્વારા હિંસાના બનાવ બન્યા હોય એવું લોકો માની રહ્યા છે. અમારી સ્પષ્ટ માગ છે કે, જે પણ જવાબદાર હોય એની સામે કાર્યવાહી કરો. અમે તમારી સાથે છીએ. ચાવડાએ વધુમાં જણાવ્યું કે,સરકારે જો આગોતરું આયોજન કર્યું હોત તો આવી ઘટના નિવારી શકાય તેમ હતી. મુઠ્ઠીભર લોકો ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે. લોકો આવા તત્વોનો હાથો ન બને તેવી અમારી અપીલ છે. લોકોએ અફવાઓથી પણ દૂર રહેવું જોઈએ. ચાવડાએ જણાવ્યું કે, જે વિસ્તારમાં હિંસક બનાવો બન્યા તે વિસ્તારમાં શાંતિપ્રિય પ્રદર્શન થઈ રહ્યું હતું. શંકાના આધારે આવી ધરપકડ કરવામાં આવી છે. કોઈપણ સંજોગોમાં આ બાબતે રાજનીતિ ન થવી જોઈએ.

# NRC-CAA મુદ્દે ગુજરાત કોંગ્રેસના નેતાઓની બેઠકમાં રણનીતિ ઘડાશે

**•ભાજપના મેગા પ્લાન સામે કોંગ્રેસની પણ તૈયારીઓ, એનએસયુઆઇ-યુથ કોંગ્રેસ મેદાનમાં ઉતરશે**

અમદાવાદ : ગુજરાતમાં ય એનઆરસી-સીએએનો વિરોધ વંટોળ શરૂ થયો છે. ભાજપે આ વિરોધ ખાળવા ૨૯મી ડિસેમ્બરથી આખાય રાજ્યમાં જનજાગરણ અભિયાન શરૂ કરી રહી છે ત્યારે કોંગ્રેસ હાઈકમાન્ડે પણ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતાઓને સૂચના આપી છેકે,એનઆરસી-સીએએના કાયદાની સાચી સમજ મળે તેની ચાલી હકીકત લોકો સુધી પહોંચાડો.

આ જોતાં પ્રદેશ કોંગ્રેસના નેતાઓની ટૂંકમાં જ બેઠક મળશે જેમાં આ મુદ્દે આખીય રણનીતિ અને કાર્યક્રમ ઘડાશે. ગુજરાતમાં એક તરફ એનઆરસી-સીએએનો વિરોધ થઈ રહ્યો છે તો સામે છેડે સમર્થનમાં ય રેલીઓ પણ યોજાઈ રહી છે. આ મુદ્દાનો રાજકીય લાભ ખાટવા રાજકીય પક્ષો મેદાને પડયાં છે. કોંગ્રેસ હાઈકમાન્ડે પણ આ મુદ્દાને જીવંત રાખવા તૈયારીઓ કરી છે. હાઈકમાન્ડના આદેશને પગલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતાઓ પણ આ મામલે કેવા કાર્યક્રમો રાખવા તે અંગે વિચારણા કરી રહ્યાં છે.

પ્રદેશ કક્ષાના નેતાઓની એક બેઠક મળશે તેમાં આગામી દિવસોમાં એનઆરસી-સીએએના મુદ્દે રણનીતિ ઘડવામાં આવશે. કોંગ્રેસે એનએસયુઆઈને મેદાને ઉતારવા તૈયારી કરી છે કેમકે, સૌથી વધુ આ મામલે વિદ્યાર્થીઓ મેદાને છે. જામિયા મિલિયા યુનિવર્સિટીના પોલીસ દમન બાદ દેશભરમાં વિદ્યાર્થીઓ દેખાવ કરી રહ્યાં છે ત્યારે એનએસએસયુઆઈ ગુજરાતની કોલેજોમાં કેમ્પસમાં વિદ્યાર્થીઓને આ કાયદાના નુકશાનની હકીકત જણાવશે. આ ઉપરાંત યુથ કોંગ્રેસ અને મહિલા કોંગ્રેસ પણ આ મુદ્દે લોકો સુધી સંપર્ક કરશે તે દિશામાં તૈયારી કરવામાં આવી રહી છે.

# રાજ્યમાં ૧૫ લાખથી વધુ બાંગ્લાદેશી ઘૂષણખોર, અમદાવાદમાં સૌથી વધુ

ગુજરાતમાં બાંગ્લાદેશી ઘૂષણખોરીની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે. પાકિસ્તાનની બોર્ડર પર પહેરો જેટલો મજબૂત છે, તેટલી જ બેફિકરી બાંગ્લાદેશી બોર્ડર પર છે. બાંગ્લાદેશીઓ ભારત-બાંગ્લાદેશ વચ્ચે આવેલી બસીરહાટ બોર્ડરથી પશ્ચિમ બંગાળ થઈ ગુજરાતનાં જુદા-જુદા શહેરોમાં આસાનીથી ઘૂષણખોરી કરી રહ્યા છે. ગુજરાતમાં ૧૫ લાખથી વધુ બાંગ્લાદેશી ઘૂષણખોરો છે. જેમાં સૌથી વધુ સુરત અને અમદાવાદ બાદ વાપી, અંકલેશ્વર તેમજ વડોદરા શહેર-જિલ્લામાં છે. ગેરકાયદે રહેનારા આ બાંગ્લાદેશીઓનો રાજ્ય સરકાર કે પોલીસ તંત્ર પાસે પૂરતો ડેટા જ નથી. જેનો તેઓ આબાદ ફાયદો ઉઠાવી રહ્યા છે. રાજ્યમાં સૌથી વધુ બાંગ્લાદેશી ઘૂષણખોરો સુરત અને અમદાવાદમાં છે. તે પછી અંકલેશ્વર, વાપી અને વડોદરા શહેર-જિલ્લાનો નંબર આવે છે. ખાસ કરીને બાંગ્લાદેશીઓ ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારની આસપાસના અંતરિયાળ ગામોમાં સાચા નામ-સરનામા છૂપાવીને રહે છે. એક અંદાજ મુજબ ગુજરાતમાં લગભગ ૧૫ લાખ જેટલાં બાંગ્લાદેશી ઘૂષણખોરો હોવાનું પોલીસનાં આધારભૂત સુત્રો પાસેથી જાણવા મળ્યં છે. તેઓ કહે છે કે, ૧ હજાર ઘૂષણખોરોની સામે માંડ એક પકડાય છે. દલાલો પાસપોર્ટ કે અન્ય કોઈ દસ્તાવેજ વગર ઘૂષણખોરોને બોર્ડર પાસ કરાવી આપે છે.

## પાકિસ્તાનથી કચ્છ-ભૂજમાં સ્થાયી થયેલા હિન્દુને નાગરિકતા અપાઈ

ભુજ : સોમવારે ગાંધીધામ તાલુકાના કિડાણા ખાતે નાગરિકતા સંશોધન કાયદા બદલ શરણાર્થીઓ દ્વારા પ્રાધાનમંત્રી અને ગૃહમંત્રીનો આભાર પ્રગટ કરવા યોજાયેલાં સમારોહમાં શરણાર્થી ભાઈ-બહેનોને નાગરિકતા અધિકારપત્ર અર્પણ કરવાના કાર્યક્રમને સંબોધતાં કેન્દ્રીય શીપીંગ રાજયમંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે, ભારતમાં રહેતાં કોઈ પણ ધર્મના નાગરિકો કે લઘુમતિઓની વિરૂધૃધ આ કાયદો ઘડાયો નાથી. દરેક લઘુમતિ સમાજનાં નાગરિકને ભારતમાં સ્વાભિમાન સાથે રહેવાનો અધિકારી છે, તે ભવિષ્યમાં પણ જળવાઈ રહેશે. કોઈની વિરૂધૃધમાં આ કાનૂન નથી. તેમણે ઉમેર્યુ હતું કે, શરણાર્થી હોવું એક બાબત છે અને દેશમાં ઘૂષણખોરી કરવી અલગ બાબત છે. સંસદમાં નાગરિક સંશોધન કાયદાનું બિલ પસાર થઈ રહયું હતું ત્યારે ૯૦૦ થી વાધુ મુસ્લીમ ભાઈઓએ શરણ માગતા તેમને પણ શરણ અપાયું છે.

## ગુજરાતમાં સિંહ અને દીપડાની સંખ્યા વધી : ૨૩ હજારથી વધુ પશુનું મારણ

ગાંધીનગરઃ સુરેન્દ્રનગરના ચોટીલા વિસ્તારમાં આવી ગયેલા સિંહયુગલે હજુ સુધી તે વિસ્તારમાં જ ધામા નાખેલા છે અને વનવિભાગ દ્વારા પણ તેને ખસેડવાના પ્રયાસો થઈ રહ્યા નથી. તે જોતા સિંહોના નવા રહેઠાણ તરીકે સમગ્ર વિસ્તાર વિકસે તેવી શક્યતા વન વિભાગ પણ જોઈ રહ્યો છે. સિંહોની આગામી વસતિ ગણતરી અત્યાધુનિક રીતે મે મહિનામાં હાથ ધરાશે હાલ રાજ્યમાં સિંહ-દીપડાની સંખ્યા વધી હોવાનું મનાય છે. બીજી તરફ છેલ્લા પાંચ વર્ષમાં સિંહ, દીપડા સહિતના હિંસક પ્રાણીઓ દ્વારા રાજ્યમાં ૨૩ હજારથી વધુ પ્રાણીના મારણ કરવામાં આવ્યા છે. ગત ૧૯ નવેમ્બરે ચોટીલા નજીકના ગામમાં સિંહ દેખાયા હતા અને મારણ પણ કર્યું હતું. આ સિંહ હજુ આ વિસ્તારમાં જ ફરી રહ્યા છે. સિંહો માટે નીલ ગાય સહિતનું મારણ નજીકના રામપરા વીરડી અને હિંગોળગઢ જંગલ વિસ્તારમાં મળી રહેતું હોવાથી માનવ વસતિને ખલેલ પહોંચાડે તેવી સ્થિતિ નથી. આગામી મે મહિનામાં જીપીએસ સહિતની અત્યાધુનિક સિસ્ટમથી સિંહની વસતિ ગણતરી બે-ત્રણ દિવસમાં સેંકડો બીટ ગાર્ડ અને વન્ય પ્રાણી નિષ્ણાતોની મદદથી પૂર્ણ કરવામાં આવશે.

## રાજકોટમાં પોલીસ દમન સામે કોંગ્રેસની કોર્પોરેટરો લાલઘૂમ

રાજકોટ : મ્યુ.કોર્પોરેશન દ્વારા તાજેતરમાં યોજાયેલી જનરલ બોર્ડ મીટિંગમાં કોંગ્રેસનાં મહિલા કોર્પોરેટરો ઉપર પોલીસ દ્વારા કરવામાં આવેલા ગેરવર્તન અને દમન બાબતે ન્યાયીક તપાસ કરવા કોંગ્રેસના તમામ મહિલા કોર્પોરેટરો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ અંગે કોંગ્રેસનાં મહિલા કોર્પોરેટરોએ જણાવ્યું હતું કે, મનપાની ગત તા.૧૮ના રોજ મળેલી દ્વિમાસિક બોર્ડ બેઠકમાં સભાગૃહમાં લોકશાહી પદ્ધતિએ શહેરના લોકોની રોડ-રસ્તા, વીજળી, પાણી, ગટર વ્યવસ્થા, ટ્રાફિક સમસ્યા વગેરે મુદ્દાઓ ઉપર શાસક પક્ષ અને અધિકારીઓ સાથે ચર્ચાઓ અને તેના ઉકેલ માટે ચર્ચા-વિચારણા કરવાની હોય છે પરંતુ લોકશાહીના બધા જ નિયમો નેવે મૂકી ભાજપના શાસકો દ્વારા કયાંક બહુમતીના જોરે તો કયાંક સત્તાના જોરે અને હવે તો પોલીસને સભાગૃહમાં પરવાનો આપી પોલીસ મારફત દમન કરાવી જનતાનો અવાજ દબાવાઈ રહ્યો છે.

## ૧૮૦૦ બ્રાહ્મણોએ ૭૦૦ શ્લોક સાથે એક લાખ ચંડીપાઠના મંત્રોચ્ચાર વચ્ચે

# ઊંઝા ખાતે ઉમિયા માતાજીના મંદિરે લક્ષચંડી મહાયજ્ઞની રંગેચંગે પુર્ણાહૂતિ

મહેસાણા, ઊંઝા : ઊંઝા નગરમાં રવિવારે ૭૦૦ શ્લોકના મંત્રોચ્ચાર સાથે ૧૮૦૦થી વધુ વિદ્વાન બ્રાહ્મણોએ એક લાખ ચંડીપાઠનું પઠન કર્યું હતું. ૧૮ ડિસેમ્બરથી પ્રારંભ થયેલા ધાર્મિક મહોત્સવમાં દેશ વિદેશમાંથી જાણે માનવમહેરામણ ઉમટયો હતો.

પૂર્ણાહૂતિ સમયે રવિવારે યજ્ઞાશાળામાં ૧૧૦૦ જેટલા બ્રાહ્મણો દ્વારા પૂજાવિધિ કરવામાં આવી હતી. જ્યારે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ સહિત રાજ્ય સરકારના મંત્રીઓ અને મહાનુભાવોએ હાજરી આપી હતી. પાંચ દિવસના લક્ષચંડી મહાયજ્ઞા દરમિયાન ૧૮૦૦થી વધુ પ્રકાંડ બ્રાહ્મણોએ ૭૦૦ શ્લોકથી એક લાખ લક્ષચંડી પાઠનું પઠન કર્યું હતું. લક્ષચંડી મહાયજ્ઞા મહોત્સવ તા. ૧૮ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમ્યાન યોજાયો હતો. ઉમિયાનગર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫૦ ફૂટ બાય ૩૫૦ની લંબાઈ પહોળાઈ અને ૮૧ ફૂટની ઉંચાઈ ધરાવતું ભવ્યાતિભવ્ય યજ્ઞાશાળા વાંસમાંથી બનાવવામાં આવી હતી. ગોવિંદભાઈ વરમોરાએ રૂપિયા ૪ કરોડ ૫૧ લાખની બોલી બોલી યજ્ઞામાં મુખ્ય જમાન બનાવવા સહભાગી બન્યા હતા. શનિવારે બપોરે અઢી વાગ્યાથી યજ્ઞાશાળામાં ૧૦૮ હોમાત્મક યજ્ઞાકુંડ યોજાયો હતો.



### રાઈડ્સ અને સાંસ્કૃતિક કાર્યક્રમ આકર્ષક રહ્યા

લક્ષચંડી મહાયજ્ઞા મહોત્સવમાં આયોજીત બાલનગરીમાં પાંચ દિવસ દરમિયાન ૭ લાખથી વધુ લોકોએ વિવિધ રાઈડ્સનો આનંદ માણ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ નૃત્ય કાર્યક્રમો રજુ કરાયા હતા. જેમાં ૩૦૦થી વધુ યુવતીઓએ ભાગ લીધો હતો.

### ૪.૫૦ કરોડ લોકોએ લાઈવ પ્રસારણ નિહાળ્યું

કાર્યક્રમોની રજેરજની માહિતી ઉપરાંત ફોટોગ્રાફ્સ અને વિડીયો વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ તેમજ યુ ટયુબ જેવી સોશીયલ મીડીયાની સાઈટ પર અપલોડ કરવામાં આવતા હતા. લક્ષચંડી મહાયજ્ઞા મહોત્સવનું ૪ કરોડ ૫૦ લાખ લોકોએ ઘેરબેઠા લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.

### પાઘડીઓના પ્રદર્શને લોકોને ઘેલું લગાડયું

ઊંઝામાં સમાજ જીવનની ભવ્યતા દર્શાવતા પાઘડીઓના પ્રદર્શને લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. અહીં પ્રાંત, વિવિધ ધર્મો, સમાજ અને રાજા રજવાડાઓના જમાનામાં ઉપયોગમાં લેવાતી પાઘડીઓ મુકવામાં આવી હતી. વ્યક્તિના મોભા અને માન સન્માનનું પ્રતિક પાઘડી હોય છે.

# મહેસાણા સહકારી બેંકને 5 કરોડના દંડ મુદ્દે હાઈકોર્ટનો RBIને આદેશ

વીજાપુર : મહેસાણા અર્બન કો.ઓ. બેંકમાં થયેલી ગેરરીતિ બદલ દંડ ફટકારવાના ભારતીય રિઝર્વ બેંકના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આ અરજીને માન્ય રાખીને હાઈકોર્ટને RBIને તમામ સભાસદોની રજૂઆત સાંભળીને એક મહિનામાં નિર્ણય કરવા હુકમ કર્યો છે. તેમાં દંડ કોણ ભરે તે બાબત પણ સ્પષ્ટ કરવા પણ નિર્દેશ કર્યો છે. બેંકમાં ગેરરીતિ થવાના મામલે RBIએ મહેસાણા અર્બન કો. ઓ. બેંકને ૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

મહેસાણા અર્બ કો.ઓ. બેંકના સભ્ય કિરીટ પટેલે કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, મહેસાણા અર્બન કો.ઓ. બેંકમાં ૨૦૧૮ના વર્ષમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક નાણાંકીય ગેરરીતિઓ જણાઈ હતી. તેમાં RBIની માર્ગદર્શિકાનો ભંગ થતો હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું હતું. આ બાબતને ધ્યાનમાં લઈને RBIએ મહેસાણા બેંકને ૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. પરંતુ રકમ બેંકના ડિરેકટર અને સભાસદો પાસેથી વસૂલવામાં આવી રહી છે. પરંતુ આ દંડની રકમ બેંકના સભાસદો શા માટે ભોગવે તેવો મુદ્દો ઊપસ્થિત કર્યો હતો. આ અંગે RBIએ સ્પષ્ટતા કરવી જોઈએ તેવી દાદ માંગી હતી.

# છાપીમાં વિરોધ પ્રદર્શન વેળા પોલીસ જીપ ઊથલાવવાના પ્રયાસમાં ૪૦ની ધરપકડ

પાલનપુરઃ ગુજરાતમાં નાગરિકાતા કાયદા સામે અપાયેલા બંધના એલાન દરમિયાન અમદાવાદમાં થયેલા તોફાનની સાથે બનાસકાંઠાના વડગામમાં પ્રદર્શનકારીઓએ પોલીસની જીપને ઘેરી લઈને તેને ઊથલાવવાનો પ્રયાસ તેમ જ પોલીસ પર હુમલો કરવાના આરોપસર દલિત ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીના સાથીદાર સામે સહિતના ૫૦થી વધુના ટોળાં સામે ગુનો નોંધાયો હતો, જેમાં પોલીસે ૪૦ તોફાની તત્ત્વોની ધરપકડ કરી હતી.

પોલીસે છાપી અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક કોમ્બિંગ બાદ ૪૦ આરોપીઓની ધરપકડ કરતાં અન્ય આરોપીઓ ભૂગર્ભમાં ઊતરી ગયા છે. પોલીસવાન પર હુમલાની ઘટનાને લઈને ત્રણ હજારના ટોળાં સામે ફરિયાદ નોંધાઈ હતી અને ૨૨ વ્યક્તિઓને નામજોગ ફરિયાદ નોંધતા જ ગઈકાલે છાપી અને આસપાસનાં વિસ્તારમાં પોલીસે કોમ્બિંગ હાથ ધર્યુ હતું. ૧૦૦ જેટલા લોકોને વેરિફિકેશન માટે લવાયા હતા. નાગરિકતા કાયદા મામલે બનાસકાંઠાના છાપીમાં વિરોધને લઈને ત્રણ દિવસ અગાઉ પરમિશન વગરની એક સભાનું આયોજન કરાયું હતું. અહીં પોલીસ બંદોબસ્તમાં હતી અને આ બંદોબસ્તમાં રહેલી પોલીસ ટીમ પર ટોળાએ હિંસક હુમલો કર્યો હતો. આ દરમિયાન એક ઉગ્ર ટોળાએ પોલીસવાનને ઉથલાવી મારવાનો પ્રયાસ કર્યો હતો.

# ચાણસદમાં ખુશબૂ જાનીની હત્યા તેના જ કૌટુંબિક ભાઈએ કર્યાનો ઘટસ્ફોટ

- ઈજ્જત લેવાની કોશિષ દરમ્યાન પ્રતિકાર થતા કુહાડીના ફટકા મરાયા

વડોદરા- પાદરાના ચાણસદ ગામે રહેતી ખુશબુ જાનીની હત્યા કરીને લાશ તળાવમાં ફેંકી દેવામાં આવી હતી. દરમિયાન પોલીસ દ્વારા ગામના સીસીટીવી ફૂટેજની ચકાસણી થઈ હતી. પોતે સીસીટીવીમાં દેખાઈ ગયો હોવાની બીકે હત્યારાએ સ્વામિનારાયણ મંદિરના સીસીટીવી ફૂટેજના ડીવીઆરની ચોરી કરી હતી. જેથી આ જ ચોર હત્યારો હોવાની શંકા પોલીસને ગઈ હતી. ડીવીઆર ચોરી કરનાર હત્યારો ગ્રામપંચાયતના સીસીટીવી કેમેરામાં દેખાઈ ગયો હતો. જેથી હત્યારો આંગણવાડીમાં કામ કરતા રક્ષાબેન હિતેશભાઈ વ્યાસનો પુત્ર જ હોવાની શંકા પોલીસને મજબૂત બની હતી જેથી, પોલીસે ઘરના તમામ સભ્યોને અલગ-અલગ રાખી ક્રોસ વેરિફીકેશન કરતાં છેવટે જય વ્યાસે જ ખુશબૂની હત્યા કરી હોવાનો ઘટસ્ફોટ થયો હતો અને જયના માતા-રક્ષાબેન અને પિતા હિતેશભાઈની ધરપકડ કરાઈ હતી.

વધુમાં ચોપડીઓના પુઠ્ઠા ચઢાવવાના બહાને જય વ્યાસે ખુશબૂને ઘરે બોલાવી હતી. જય વ્યાસે ખુશબુને આલિંગન કરી પોતાના વશમાં લેવાનો પ્રયાસ કરતા ખુશબૂ હેબતાઈ ગઈ હતી અને તેને જયનો પ્રતિકાર કરી બૂમો પાડી હતી જેથી ઉશ્કેરાયેલા જય વ્યાસે ખુશબૂના માથામાં હથોડી અને કુહાડીના ફટકા મારી હત્યા કરી હતી.

Wanted live - in Nanny for
Mississauga/Richmond Hill,Ontario
મીસીસાગા/રિચમન્ડ હિલ, ઓન્ટારિયોમાં
લીવ-ઈન નેની જોઈએ છે
Gujarati or Hindi speaking Nanny
required for a Senior lady living in
Mississauga/Richmond Hill,Ontario.
Call Rozina 647-767-7412 or Firoz 416-520-8729
મીસીસાગા/રિચમન્ડ હિલ, ઓન્ટારિયો ખાતે રહેતા એક વડીલ
બહેન માટે ગુજરાતી અથવા હિન્દી ભાષા બોલનાર નેનીની જરૂર છે.
કોલ કરો : રોઝીના 647-767-7412 અથવા ફિરોઝ 416-520-8729

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets
10% Off
on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

# કલેક્ટરાલયમાં તોડફોડ કેસઃ બે MLA સહિત દસને સજા

• રાજકોટના પૂર્વ સાંસદ ફતેપરા, રાજકોટ ડેરીના ચેરમેન રાણપરીયા, કોંગ્રેસના ૩ પૂર્વ અને એક વર્તમાન પ્રમુખને વર્ષની કેદ

રાજકોટઃ રાજકોટના કોંગ્રેસના પુર્વ સાંસદ, હાલ ભાજપમાં જસદણના વર્તમાન ધારાસભ્ય અને રાજકોટ સરકારમાં મંત્રી કુંવરજી બાવળીયાની ૧૧ વર્ષ પહેલા કોંગ્રેસમાં હતા ત્યારે થયેલી ધરપકડના વિરોધમાં રાજકોટ કલેક્ટર કચેરી ખાતે કોંગ્રેસ મચાવેલી ધમાલનો કેસ ચાલી જતા અદાલતે કોંગ્રેસના બે વર્તમાન ધારાસભ્ય વાંકાનેરના મહમદ જાવેદ પીરઝાદા, જુનાગઢના ભીખા ગણાભાઈ જોષી, તેમજ અન્યો હાલ ભાજપમાં જોડાયેલા પુર્વ સાંસદ દેવજી ગોવિંદભાઈ ફતેપરા, રાજકોટ ડેરીના ચેરમેન ગોવિંદ શામજી રાણપરીયા, વીરપુરના ગોરધન પોપટ ધામેલીયા, જામનગરના ભીખુ વેજાણંદભાઈ વારોતરીયા, તથા રાજકોટ શહેર કોંગ્રેસના ત્રણ પુર્વ અને એક વર્તમાન પ્રમુખ ઈન્દ્રનીલ સંજયભાઈ રાજ્યગુરૂ (પુર્વ ધારાસભ્ય પણ ખરા), જસવંતસિંહ રૂપસિંહ ભટ્ટી, મહેશ કલ્યાણજીભાઈ રાજપુત તથા અશોક માણસુરભાઈ ડાંગર તથા પોરબંદરના મૃતક અને સાંસદ વિઠ્ઠલ હંસરાજભાઈ રાદડીયા અને ચોટીલાના મૃતક



ધારાસભ્ય પોપટ સવશીભાઈ જીંજરીયાને તકસીરવાન ઠેરવી એક વર્ષની કેદ અને પાંચ હજારના દંડની સજાનો આજે હૂકમ કરાયો હતો. અન્ય ૧૬૦ને નિર્દોષ જાહેર કરાયા હતા.

બાવળીયાની જમીન કૌભાડ સંદર્ભે સીઆઈડી ક્રાઈમે કરેલી ધરપકડના વિરોધમાં રાજકોટમાં કલેક્ટર કચેરી સામે તા.૪/૧૨/૨૦૦૮ના રોજ દેખાવો, ધરણા અને આવેદન પત્રનો કાર્યક્રમ રખાયો હતો. જસદણ અને સૌરાષ્ટ્રભરમાંથી કોંગ્રેસી અગ્રણીઓ, કાર્યકર્તાઓ આવ્યા હતા. આશરે ૭૦૦થી ૮૦૦ કાર્યકરો સહિતનાના ધરણા સાથે આગેવાનો દ્વારા વિરોધ કરાયો હતો. કલેક્ટરને આવેદનપત્ર આપવા કલેક્ટર કચેરીમાં જવા મુદ્દે હાજર પોલીસ સાથે કોંગ્રેસીઓને ચકમક જરી હતી અને ધમાલ થઈ પડી હતી. ટોળુ અંદર ધસી આવ્યુ હતું અને કચેરીમાં ફુલછોડના કુંડાઓ તેમજ અન્ય વસ્તુઓની તોડફોડ કરી પોલીસ સાથે પણ ઝપાઝપી કરાઈ હતી.

ધમાલના પગલે શહેરભરની પોલીસના અધિકારીઓ, સ્ટાફ પણ ધસી આવ્યો હતો અને પોલીસે કડકાઈ સાથે ટોળાને વિખેર્યુ હતું અને બનાવ સ્થળેથી જ અગ્રણીઓ, કાર્યકરોને ઘટના અંગે જે તે સમયે પ્ર.નગર પોલીસમાં પી.એસ. આ. એ..બી. સીસોદીયા સરકાર તરફે ફરિયાદી બનીને ગુનો દાખલ કરાવ્યો હતો. જેમાં મહિલા, પુરૂષો મળી ૧૭૯ આરોપીઓ હતા. ચર્ચાસ્પદ બનેલા ૧૧ વર્ષ પૂર્વેના કેસનો આજે ચૂકાદો હોય બપોર બાદ કોર્ટ કમ્પાઉન્ડમાં રાજકીય અગ્રણીઓ અને આરોપીઓનો મેળાવડો જામ્યો હતો. ચૂકાદો આવતા ઉપરોક્ત ૧૨ રાજકીય માથાઓને દોષિત અન્ય ૧૬૦ને શંકાનો લાભ આપી નિર્દોષ ઠેરવાયા હતા.

## કચ્છ દરિયામાં ફસાયેલા ૭ ખલાસીનું જખૌ કોસ્ટગાર્ડ દ્વારા રેસ્ક્યુ કરાયું

પોરબંદર : કચ્છના દરિયામાં જખૌ કોસ્ટગાર્ડે એક રેસ્ક્યૂ ઓપરેશન સફળતા પૂર્વક પાર પાડ્યું છે. જખૌ કોસ્ટગાર્ડ દ્વારા મધદરિયે બોટમાં ફસાયેલા ૭ ખલાસીનું રેસ્ક્યૂ કરી તેમના જીવ બચાવી લેવામાં આવ્યા છે. કચ્છના દરિયામાં માગરોડની રાજલક્ષ્મી બોટમાં મધ દરિયે પાણી ભરાવા માંડ્યું હતું. આ બોટમાં ૭ ખલાસીઓ સવાર હતા. આ ઘટનાની જાણ થતાં જખૌ કોસ્ટગાર્ડ તેમના વ્હારે આવી હતી. જખૌ કોસ્ટગાર્ડે મધદરિયે રેસ્ક્યૂ ઓપરેશન કરીને રાજલક્ષ્મી બોટમાં સવાર ૭ ખલાસીઓને મોતના મુખમાંથી ઉગારી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ ૭ ખલાસીઓને કોસ્ટગાડ દ્વારા જખૌ બંદર પર લઈ જવામાં આવ્યા છે. હાલ જખૌ કોસ્ટગાર્ડ દ્વારા તમામ ૭ ખલાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડી ઘટનાની જાણકારી મેળવવામાં આવી રહી છે. આ ઘટનામાં એવું જાણવા મળી રહ્યું છે કે, મધદરિયે રાજલક્ષ્મી બોટમાં પાણી ભરાયા હોવાની ઘટનાની માહિતી મળી હતી, ત્યારબાદ કોસ્ટગાર્ડનો કાફલો પહોંચીને તમામનું રેસ્ક્યૂ કરીને બચાવાયા હતા. અગાઉ પોરબંદરમાં દરિયો તોફાની થતાં ૧૯ બોટ તણાઈ ગઈ હતી. જેમાંથી ત્રણ બોટે જળસમાધિ લઈ લીધી હતી. જેના કારણે ૬ માછીમારોનાં મોત નિપજ્યા હતા.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોલ કૌભાંડઃ ગુજરાત જાહેર હિસાબ સમિતિ દ્વારા તપાસ શરૂ થઈ

રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૧ વર્ષ બાદ ફરી કોન્વોકેશન હોલનું કૌભાંડનું ભૂત ધુણ્યું છે. ગુજરાત જાહેર હિસાબ સિમિતિએ આ કૌભાંડ મામલે આજે તપાસ કરી હતી. વર્ષ ૨૦૦૮માં તત્કાલિન કુલપતિ કમલેશ જોશીપુરા અને વાઈસ કુલપતિ કલ્પક ત્રિવેદીના સમયગાળામાં ટેન્ડર વર્ક ઓર્ડર વિના અધૂરૂ બાંધકામ શરૂ થયું હતું. મારૂતિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ૧.૬૮ કરોડ ચૂકવ્યા બાદ કોન્ટ્રાક્ટર નાસી છૂટ્યો હતો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સીયુ શાહ ટ્રસ્ટ હોલના નિર્માણ માટે વર્ષ ૨૦૦૮માં દાતાએ ૧ કરોડ ફાળવ્યા હતા. જેમાં




પહેલાં ૫૦ લાખની ફાળવણી થઈ હતી. કોંગ્રેસના સિન્ડિકેટ સભ્ય હરદેવસિંહ જાડેજા સહિતના સભ્યોએ આ કૌભાંડ મામલે ગુજરાત જાહેર હિસાબ સમિતિમાં ફરિયાદ કરી હતી. આજે જાહેર હિસાબ સમિતિના ચેરમેન પુંજા વંશ સહિતની ટીમે આ મામલે યુનિવર્સિટીમાં પાસ કરી હતી. આ ઉપરાતં કોન્ટ્રાક્ટ કંપનીને દંડ કે બ્લેક લિસ્ટની કાર્યવાહી કેમ ન કરવામાં આવી તેની પણ તપાસ સમિતિ કરી રહી છે. હોલ કૌભાંડ મામલે ગુજરાત હિસાબ સમિતિના ચેરમેન પુંજા વંશ, કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમ, મોહન રાઠવા, નિરંજન પટેલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થળ તપાસ કરી હતી. બાદમાં આ મામલે પુંજા વંશે જણાવ્યું હતું કે, જાહેર હિસાબ સમિતિએ સ્થળ વિઝિટ કરી છે. રિપોર્ટ સરકારમાં સોંપવામાં આવશે. નાણાકીય ગેરરીતિ નહીં પણ બાંધકામ નબળું હોવાનું જાણવા મળ્યું છે.

## જેતપુરમાં પાલિકાપ્રમુખના દિયર સહિત ટોળા દ્વારા કોંગી સભ્યના ઘર પાસે તોફાન

• સાડીનું યુનિટ ચલાવી પ્રદૂષણ ફેલાતું હોવાનું ટોળાનો આક્ષેપ

જેતપુરઃ જેતપુર નગરપાલિકામાં કોંગ્રેસના મહિલા સદસ્યા દ્વારા પાલિકાના મહિલા પ્રમુખના પતિ મંજૂરી વગર સોફર ચલાવી પ્રદુષણ ફેલાવતા હોવાની જીપીસીબીમાં કરેલ ફરિયાદનો ખાર રાખી પ્રમુખના દિયર સહિત સાતથી આઠ શખ્સો ધોકા પાઈપ અને લાકડીઓ સાથે સદસ્યાના ઘરે પાસે બઘડાટી બોલાવતા રાયોટીંગ તેમજ એસ્ટ્રોસિટી એકટ હેઠળ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

જેતપુરના સામાંકાંઠા વિસ્તારમાં પ્રદુષણ બોર્ડની કોઈપણ જાતની મંજૂરી વગર નગરપાલિકાના પ્રમુખના પતિ સુરેશભાઈ સખરેલીયા સોફર (સાડીનું યુનિટ) ચલાવી પ્રદુષણ ફેલાવતા હોવાનું પ્રદુષણ બોર્ડને પાલિકાના જ કોંગ્રેસના મહિલા સદસ્યા શારદાબેન વેગડાની ફરિયાદના પગલે પ્રદુષણ બોર્ડ દ્વારા તપાસ કરતા ગેરકાયદે સોફર મળી આવેલ હતું.

જેથી આ ફરિયાદનો ખાર રાખી પાલિકા પ્રમુખના દિયર મનીષ સખરેલીયાએ ગતરાત્રીના મહિલા સદસ્યના ઘર પાસે આવીને બેફામ ગાળો બોલીને જતો રહેલ અને થોડીવારમાં ફરી પાછો સાતથી આઠ શખ્સો સાથે પ્રમુખ લખેલી કાળા કલરની ગાડીમાં આવી ધોકા, પાઈપ તેમજ લાકડી સાથે બઘડાટી બોલાવી બેફામ ગાળો બોલી જાતિ પ્રત્યે અપમાનિત કરી જાનથી મારી નાખવાની કોશિષ કરતા શારદાબેન પોતાનો જીવ બચાવી પોલીસ સ્ટેશને દોડી જઈને સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહિલા સદસ્યાની ફરિયાદ પરથી આરોપીઓ સામે એસ્ટ્રોસિટી એકટ અને રાયોટીંગનો ગુન્હો નોંધી આગળની તપાસ એસસી, એસટી સેલના ડીવાયએસપીને સોંપી હતી.

## મુંદ્રાના માર્કેટીંગ યાર્ડની ચૂંટણીમાં જુથવાદનો વિજય! કોંગ્રેસની હાર

મુંદ્રા : ગત ટર્મના વર્તમાન ચેરમેન મહેન્દ્રસિંહ જાડેજાની નીતિને કારણે મુંદ્રા તાલુકા ભાજપમાં ખુબ જ અસંતોષ જોવા મળ્યો હતો. જોથી ખુદ સ્થાનિક ભાજપ સંગઠન તરફાથી વર્તમાન ચેરમેનની સામે પ્રતિપેનલ ઉભી રહેતા વાતાવરણ જામ્યું હતું. જેમાં મુંદ્રા તાલુકા ભાજપ પ્રેરિત લખુરામભાઈ ગોરડીયાની પેનલને સ્થાનિક ધારાસભ્ય અને માજી ધારાસભ્યનો ટેકો સાંપડતા ખેડુત વિભાગની ૮ બેઠકોમાંથી ૫ બેઠકો જીતી લઈને વર્તમાન ચેરમેનની છાવણીમાં સોંપો પડી ગયો હતો. જ્યારે વર્તમાન ચેરમેનના વેપારી પેનલના ચારે ઉમેદવારો ચુંટાઈ આવતા વર્તમાન ચેરમેને વેપારી વિભાગમાં પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું હતું. આમ, બંને પક્ષે ડાયરેક્ટરો ચુંટાઈ આવતા ભાજપનું વર્ચસ્વ ફરી વખત મુંદરા માર્કેટીંગ યાર્ડ ઉપર સાબિત થયું છે. દરમિયાન ખેડુત વિભાગમાં અનુક્રમે માજી ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજા, હઠુભા જાડેજા, રવાભાઈ આહીર, ગીલવા પુનશી, લખુરામભાઈ ગોરડીયા, ધીરૂભા જાડેજા, શીવુભા જાડેજા ચુંટાયા હતા. જ્યારે ૮માં ક્રમમાં સરખા મત પડતા ટાઈ થતાં ચીઠ્ઠીમાં ભાજપ પ્રેરિત ગોરડીયા વ્યાસ માલારામ ચુંટાયા હતા. આ વિભાગમાં વર્તમાન ચેરમેનની પેનલના માત્ર ૩ ડાયરેક્ટરો ચુંટાઈ આવ્યા હતા જ્યારે વેપારી પેનલમાં અનુક્રમે બળદેવસિંહ જાડેજા, નગીનભાઈ ગોર, રમેશભાઈ ચોથાણી તેમજ રાજેન્દ્ર પાટડીયા ચુંટાઈ આવ્યા હતા.

## પોલીસને ધમકી આપનાર રાજકોટની લેડી ડોન સોનું ડાંગર ઉદેપુરથી ઝડપાઈ

ભાવનગર : રાજકોટની કુખ્યાત લેડી ડોન સોનુ ડાંગરે થોડા દિવસ પૂર્વે સોશિયલ મીડિયામાં મહિલા પી.એસ. આઈ.ને બિભત્સ શબ્દોનું ઉચ્ચારણ અને ધમકી આપતો વીડિયો વાયરલ કરતા ભારે ચકચાર મચી જવા પામી હતી જે મામલે સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો અને પોલીસે જુદી જુદી ટીમો બનાવી હતી. જે ગુનાના કામે રાજસ્થાનના ઉદેપુરમાં છુપાયેલ સોનુ ડાંગરને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડી હતી.ડોન સોનુ ડાંગરે તેના મિત્ર શિવરાજ ઉર્ફે મુન્નો રામકુભાઈ વિંછીયા (રે.રબારીકા) સામે સાવરકુંડલામાં ગુનો નોંધાયો હતો. જેની કાર્યવાહીમાં ઈરાદાપૂર્વક વિક્ષેપ કરવાના અને અધિકારીની માનહાની થાય તેવા ઈરાદાથી બિભત્સ શબ્દોના ઉચ્ચારણ સાથે ડાંગરે ધાક ધમકી આપી હતી.

## રાજકોટમાં એકતરફી પ્રેમમાં પાગલ યુવકે ચપ્પુથી યુવતીનું ગળું કાપ્યું

રાજકોટ : રાજકોટમાં વિક્રમ પાંડેશર નામના પ્રેમીએ પોતાની પ્રેમિકાને ગળાના ભાગે છરી મારી દીધી હતી. આ ઘટના બાદ વિક્રમે પણ પોતાના ગળાના ભાગે છરી મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બંનેને હાલ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. શહેરની લોધીકા જીઆઈડીસી વિસ્તારમાં એક યુવતી પર તેના પાગલ એકતરફી પ્રેમમાં પાગલ પ્રેમીએ છરીથી હુમલો કર્યાનો બનાવ બન્યો હતો. યુવતીએ લગ્ન માટેની ના કહી દેતા પ્રેમી ગુસ્સે ભરાયો હતો અને યુવતી પર હુમલો કરી દીધો હતો. જે બાદમાં યુવકે પોતે પણ ગળા પર છરી મારી હતી. આ ઘટનામાં પ્રેમમાં પાગલ વિક્રમ પાંડેસર નામના યુવકે એક યુવતી સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. યુવતીએ લગ્નનો પ્રસ્તાવ ફગાવી દેતા ગુસ્સે ભરાયેલા વિક્રમે યુવતીના ગળાના ભાગે છરી મારી દીધી હતી. જે બાદમાં પોતે પણ ગળા પર છરી મારી હતી. યુવતીએ લગ્નનો પ્રસ્તાવ ફગાવી દીધા બાદ વિક્રમે તેને 'તારા વગર મારી જિંદગી અધૂરી' હોવાનું જણાવીને તેના પર હુમલો કરી દીધો હતો. હાલ યુવક અને યુવતી બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

## જામનગરમાં હજારો લોકોની હાજરીમાં ૨૮૮ લોકોએ બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી

જામનગરઃ આમ્રપાલી બૌદ્ધ વિહાર સમિતિ દ્વારા કરવામાં આવેલા સામૂહિક બૌદ્ધ ધર્મની દીક્ષા સમારોહમાં પાંચ હજારથી વધુ લોકો ઉપસ્થિતિ રહ્યાં હતાં જેમાંથી બૌદ્ધ ધર્મગુરુના આશીર્વચન લઈ ૨૮૮ લોકોએ દીક્ષા ગ્રહણ કરી હતી. જામનગરમાં આમ્રપાલી બૌદ્ધ વિહાર સમિતિ દ્વારા ગુજરાતમાં રાજ્યકક્ષાનો બૌદ્ધ ધર્મ દીક્ષા મહોત્સવ યોજાયો હતો. જેમાં સૌરાષ્ટ્રમાંથી લોકોએ આવી દીક્ષા લીધી હતી. જામનગરના લાલ બંગલો સર્કલ પાસે આવેલા ડો.બાબાસાહબ આંબેડકર સ્ટેચ્યૂથી ભવ્ય ધમ્મ કારવા દીક્ષા સ્થળ સુધી યોજાઈ હતી. જેમાં ૨૮૮ દીક્ષાર્થીઓ ઉપસ્થતિ રહ્યા હતા આ સિવાય કાર્યક્રમમાં મૂળ જાપાનના ભદન્ત આર્ય નાગાર્જુન સુરઈ સસાઈ દીક્ષા ભૂમિ નાગપુર ખાતેથી ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાં જમીનદલાલની હત્યા કરવાના બનાવમાં ભાગીદાર શ્યામલાલ જ આરોપી

**• રામફેર ગૌતમના પરિવારે પહેલેથી જ ભાગીદાર સામે શંકા વ્યક્ત કરી હતી**

સુરત : સુરતના ડિંડોલી વિસ્તારમાંથી ગુમ જમીનદલાલ રામફેર ભોલાનાથ ગૌતમની હત્યા કરી ફેંકી દેવાયેલી અત્યંત કહોવાયેલી લાશ ૧૦ દિવસ અગાઉ શનિવારે સવારે ડિંડોલી ઉત્સવ રેસીડન્સી નજીક ગટરમાંથી મળી હતી. જમીનદલાલ ગુમ થતાં તેના પરિવારજનોએ ભાગીદાર શ્યામલાલ યાદવે હત્યા કરાવી હોવાની આશંકા જે તે સમયે જ વ્યક્ત કરી હતી પરંતુ ડિંડોલી પોલીસે ગંભીરતા દાખવી ન હતી. પરિવારજનોએ રાજકીય દબાણ લાવતાં દોડતી થયેલી ડિંડોલી પોલીસે થોડા દિવસ પહેલા મુંબઈથી ભાડાના બે હત્યારાને ઝડપ્યા હતા.

તેમની પુછપરછમાં જમીનદલાલના ભાગીદારે રૂ.૫ લાખમાં ડિંડોલીના જ એક માથાભારે વ્યક્તિને સોપારી આપી હત્યા કરાવ્યાનો ખુલાસો થતા મૃતદેહ બહાર કાઢીને જમીન દલાલની પત્નીની ફરિયાદના આધારે ભાડાના ચાર હત્યારા ઉપરાંત સોપારી લેનાર ડિંડોલીના માથાભારે વ્યક્તિ અને મૃતકના ભાગીદાર વિરુદ્ધ ગુનો નોંધઅયો હતો. જોકે, ડિંડોલી પોલીસે ભાગીદારે સોપારી આપી હોવાનું ઈન્કાર કરી રામફેરની હત્યા આલોકની પત્ની સાથે આડા સંબંધની શંકાથી થઈ હોવાનું બે આરોપીની પુછપરછ બાદ જાહેર કર્યું હતું. આ પ્રકરણમાં આલોક અને અન્યો સાથે ભાગીદાર શ્યામલાલ વિરુદ્ધ ગુનો નોંધનાર પોલીસે આખરે ગત મોડી રાત્રે શ્યામલાલ સહદેવ યાદવ (ઉ.વ.૩૨, રહે.૭૧, શિવનગર સોસાયટી, ન્યુ બાલાજી નગર પાસે, સી.આર.પાટીલ રોડ, ડિંડોલી, સુરત. મૂળ રહે. સુલતાનપુર, ઉત્તરપ્રદેશ) ની ધરપકડ કરી છે.

# સુરતમાં રસ્તા પર દોડાવી દોડાવીને ચપ્પાંના ઘા ઝીંકી યુવાનની હત્યા

સુરત : મજૂરા ગેટ નજીક આવેલા કૈલાસનગરમાં જૈમિશ નામના તરૂણની ચપ્પુના ઘા મારી ઘાતકી હત્યા કરવામાં આવી હતી.

મૃતક જૈમિશ એક છોકરી સાથે વાતચીત કરતો હોવાના રોષમાં છોકરીના પિતરાઈ ભાઈ જિગ્નેશ અને તેના સાથીઓએ જૈમિશની હત્યા કરી હતી. અઠવા પોલીસે હત્યાનો ગુનો નોંધી જીગ્નેશને ઝડપી પાડ્યો છે.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, ૧૭ વર્ષીય જૈમિશ પટેલ પિતાના મોત બાદ ભાઈ અને ભાભી અને માતા સાથે રહેતો હતો. તે એક યુવતી સાથે વાતચીત કરતો હતો. જે મામલે અગાઉ પણ ઝઘડો થયો હતો. તો રાત્રે ૧૨ વાગ્યે યુવતીના પિતરાઈ ભાઈ જિગ્નેશ અને તેના ત્રણથી ચાર સાથી મિત્રોએ જૈમિશને તેનાં ઘરની નજીક બોલાવ્યો હતો. જેવો જૈનિશ ઘરની નીચે આવ્યો ત્યાં જ જિગ્નેશ અને તેના મિત્રો ચપ્પુ લઈને હુમલો કર્યો હતો. અને તેઓએ જૈમિશને પીઠ, માથા અને ગળાના ભાગે ચપ્પુના અનેક ઘા માર્યા હતા.

લોહીલુહાણ હાલતમાં ફસડાયેલાં જૈમિશને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન જૈમિશનું મોત નિપજ્યું હતું. અઠવા પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યાના આરોપી જીગ્નેશને ઝડપી પાડ્યો છે.

## ડબલ મર્ડર : દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ સુખા પટેલ ભાગેડુ જાહેર થયા

વાપી-દમણ : કુંડ ફળિયા ભીમપોર દમણના રહેવાસી અને દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશ ઉર્ફે સુખા પટેલ સામે નાની દમણ પોલીસ મથકે ગુન્હો નોંધાયેલો છે. આથી આ અગાઉ સુરેશ પટેલ સામે ધરપકડ વોરન્ટ ઈસ્યૂ કરાયું હતુ. પરંતુ આરોપી ઘરે ન મળતા તે વોરન્ટપત્ર સ્વીકાર્યો ન હતો. જે બાદ સુરેશ પટેલ નાસતો ભાગતો ફરી રહ્યો છે. દમણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડી જણાવ્યુ છે કે, વોરંટની બજવણી નાં થઈ શકે તે માટે આરોપી ખુદને છુપાવતો ફરી રહ્યો છે. હવે ઉપરોક્ત ગુના અનુસંધાને સુખા પટેલ આગામી તારીખ ૧૩/૦૧/૨૦૨૦ના રોજ સમય ૧૦:૩૦ કલાક સુધીમાં અથવા તે પહેલા કોર્ટમાં હાજર રહે તેવો આદેશ કરાયો છે.

# મોરા ગામના લોકમેળામાં દુર્ઘટના ટળી ૮૦ ફૂટ ઊંચેથી ૭૧ લોકોનું રેસ્ક્યુ થયું

**• ફાયરે બે હાઈડ્રોલિક પ્લેટફોર્મ મંગાવી રેસ્ક્યુ કામગીરી કરી**

સુરત : મોરાગામમાં તીર્થ મેળામાં ૭૦-૮૦ ફૂટ ઊંચી મહાકાય ચગડોળ અચાનક બંધ પડી ગઈ હતી. ચગડોળ અચાનક બંધી પડી જતાં ૫૦થી વધુ લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. આ અંગેની જાણ ફાયરને થતાં તેઓએ બે હાઈડ્રોલિક પ્લેટફોર્મ વડે લોકોને સહીસલામત બહાર કાઢયા હતા.

મોરાગામ રિલાયન્સ કંપનીના ગેટ નં. ૪ની સામે તીર્થ મેળો ભરાયો હતો. બુધવારે નાતાલની રજા હોવાથી મોટી સંખ્યામાં લોકો મેળામાં આવ્યા હતા. મેળામાં સાંજે ૭૦થી ૮૦ ફૂટ ઊંચી ચગડોળ અચાનક બંધ થઈ ગઈ હતી. તેથી ૫૦ કરતાં વધુ લોકો ચગડોળમાં ફસાઈ ગયા હતાં.

ફસાયેલા સ્ત્રી, પુરુષ અને બાળકોએ હોબાળો અને ચિચિયારી કરતા મોટી સંખ્યામાં લોકો ચગડોળ પાસે અકત્ર થઈ ગયા હતાં. ચગડોળમાં ફસાયેલા લોકોને સહીસલામત બહાર કાઢવા માટે ફાયરને કોલ કરવામાં આવ્યો હતો. ચગડોળમાં લોકો ફસાયાનો કોલ મળતા તાત્કાલિક ફાયરનો કાફલો ઘટનાસ્થળે ધસી ગયો હતો. ફાયરે બે હાઈડ્રોલિક પ્લેટફોર્મ વડે ચગડોળમાં ફસાયેલા લોકોને સહીસલામત બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. હજીરા પોલીસે આયોજકો વિરુદ્ધ કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી હતી. ચગડોળની મેઈન એક્સલનું બેરિંગ અચાનક તૂટી ગયું હોવાથી તે જામ થઈ ગયું હતું.

## મહંતસ્વામી મહારાજની સુરતમાં પધરામણી, એક મહિનો રોકાણ કરશે

સુરત : બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના વડા પ.પૂ. મહંતસ્વામી મહારાજનું મંગળવારે અડાજણ સ્વામિ નારાયણ મંદિરે આગમન થયુ હતું. તેમનું ભક્તો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. તા-૨૪-૧૨-૨૦૧૯ થી તા-૨૬-૧-૨૦૨૦ સુધી સતત એક મહિના કરતા વધુ સમય માટે તેઓ સુરતમાં રોકાણ કરશે. અડાજણ મંદિર ખાતે તા-૨૭મી ડિસેમ્બરે વહેલી સવારે ૫.૧૫ થી ૭.૧૫ વાગ્યા દરમિયાન પ્રાતઃ પુજાનો લાભ મળશે. આ ઉપરાંત મહિના દરમિયાન સત્સંગસભા અને વિશિષ્ય ઉત્સવોનું પણ આયોજન કરાયુ છે. મહંત સ્વામીના આગમનને પગલે દક્ષિણ ગુજરાતના હરિભક્તોમાં ઉત્સાહનો માહોલ વર્તાય રહ્યો છે.









હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ બે ગંભીર આરોપો સાથે યુએસના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવ્ઝમાં ઇમ્પીચમેન્ટ પ્રસ્તાવ પસાર

# મહાભિયોગ પ્રસ્તાવ : ટ્રમ્પની આબરૂના ધજાગરા

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પ તેના કાર્યકાળ દરમિયાન અનેકવખત વિવાદમાં સપડાયા છે. સ્વભાવે આખા બોલકા અને કડક એવા ટ્રમ્પ વિશ્વના અનેક દેશો સાથે સંબંધોની જાળવણીમાં પણ કોઈ ખાસ કદમ ઉઠાવી શક્યા નથી. આવા સંજોગોમાં હવે યુએસમાં ફરી રાષ્ટ્રપતિ ચૂંટણી નજીકના મહિનાઓમાં યોજાશે. હાલમાં જ ટ્રમ્પ વિરુદ્ધ સંસદના નીચલા ગૃહ એટલે કે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝમાં મહાભિયોગ પ્રસ્તાવ પાસ થઈ ગયો છે. ઈમ્પીચમેન્ટનો પ્રસ્તાવ પાસ થઈ ગયા બાદ ટ્રમ્પની મુસીબત વધી ગઈ છે. તુંડમિજાજી ટ્રમ્પે પ્રસ્તાવ પાસ થયા બાદ અપેક્ષા મુજબ જ આકરી પ્રતિક્રિયા આપી છે અને પ્રસ્તાવને તેમને બદનામ કરવા માટેનું કાવતરું ગણાવ્યો છે.

આ પ્રસ્તાવ પર ૧૦ કલાક લાંબી ચર્ચા ચાલી અને એ પછી મતદાન થયું હતુ. યુએસ સંસદના નીચલા ગૃહમાં ટ્રમ્પ વિરુદ્ધ બે આરોપ મુકાયા છે. ટ્રમ્પ વિરુદ્ધ પહેલો આક્ષેપ સત્તાના દુરુપયોગનો હતો. જે ૧૯૭ સામે ૨૩૦ મતોથી પસાર થયો છે. બીજો આરોપ સંસદના કામમાં અવરોધ પેદા કરવાનો મુકાયો છે. આ દરખાસ્ત ૧૯૮ વિરુદ્ધ ૨૨૯ મતે પાસ થઈ ગઈ. આમ પણ નીચલા ગૃહમાં પ્રસ્તાવની તરફેણમાં મતદાન થવાનું મનાતુ હતું. કારણ કે, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝમાં વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીની બહુમતિ છે. હવે ટ્રમ્પ વિરુદ્ધ સંસદના ઉપલા ગૃહ એટલે કે, સેનેટમાં ઈમ્પીચમેન્ટ પ્રસ્તાવ લવાશે. સેનેટમાં ટ્રમ્પની સત્તાધારી રિપબ્લીકન પાર્ટી પાસે બહુમતિ છે. આ ગૃહમાં રિપબ્લીકન પાર્ટી પાસે ૧૦૦માંથી ૫૩ બેઠકો છે. જ્યારે વિપક્ષ એટલે કે, ડેમોક્રેટિક પાર્ટી પાસે ૪૭ બેઠકો છે. ટ્રમ્પને સત્તામાંથી દૂર કરવા માટે સાંસદોમાંથી બે તૃતીયાંશનું સમર્થન જરૂરી છે. જો સેનેટમાં પણ ઈમ્પીચમેન્ટનો પ્રસ્તાવ પાસ થઈ જાય તો ટ્રમ્પે સત્તા છોડવી પડશે અને તેમના સ્થાને ઉપરાષ્ટ્રપતિ સરકાર સંભાળશે.

અમેરિકામાં ઈમ્પીચમેન્ટની કાર્યવાહી ઘણી લાંબી અને જટિલ ગણાય છે. ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ પણ મહાભિયોગ ચલાવવા માટે લાંબી બંધારણીય પ્રક્રિયાનું પાલન કરવું પડયું. અમેરિકાના બંધારણ અનુસાર કોઈ રાષ્ટ્રપતિને તેમનો ચાર વર્ષનો કાર્યકાળ પૂરો થતા પહેલા ઈમ્પીચમેન્ટ દ્વારા સત્તા પરથી હટાવી શકાય છે. અમેરિકાના રાષ્ટ્રપતિને સત્તા પરથી દૂર કરવા માટે અનેક આધાર છે. બંધારણ અનુસાર રાષ્ટ્રપતિ દેશદ્રોહ કરવાના, લાંચ લેવાના, ઉચ્ચ અપરાધ અને સત્તાનો દુરુપયોગ કરવામાં દોષિત ઠરે તો તેમને રાષ્ટ્રપતિપદેથી દૂર કરી શકાય છે. ઉચ્ચ અપરાધ અને સત્તાના દુરુપયોગમાં કયા ગુનાનો સમાવેશ કરવો એ કોંગ્રેસના વિવેક પર છોડવામાં આવે છે. ભ્રષ્ટાચાર, દુર્વ્યવહાર અને ન્યાયિક પ્રક્રિયામાં અડચણ ઊભી કરવી ઉચ્ચ અપરાધમાં ગણાય છે. સેનેટ પાસે સત્તા હોય છે કે ઈમ્પીચમેન્ટનો પ્રસ્તાવ પાસ થયા બાદ તે એક અદાલત તરીકે રાષ્ટ્રપતિને તેમના પદ પરથી દૂર કરે. જુદાં જુદાં દેશોમાં ઈમ્પીચમેન્ટની પ્રક્રિયા જુદી જુદી હોય છે. અમેરિકામાં તેની શરૂઆત હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવ્ઝથી થાય છે. ઈમ્પીચમેન્ટની પ્રક્રિયા સમજવા માટે અમેરિકન સંસદની રચના સમજવી જરૂરી છે. અમેરિકાની કોંગ્રેસના પણ બે ભાગ છે. સેનેટ એટલે કે, ઉપલું ગૃહ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ એટલે નીચલું ગૃહ. સેનેટમાં ૧૧૦ સભ્યો હોય છે જેઓ સેનેટર કહેવાય છે.

અમેરિકામાં કુલ ૫૦ રાજ્યો છે અને દરેક રાજ્યમાંથી બે સેનેટર હોય છે. તો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝમાં કુલ ૪૩૫ ચૂંટાયેલા સભ્યો હોય છે અને ૬ નોટ વોટિંગ સભ્યો હોય છે. ઈમ્પીચમેન્ટની પ્રક્રિયામાં સંસદના બંને ગૃહોની ભૂમિકા મહત્ત્વની છે. હવે ટ્રમ્પના કેસની વાત કરીએ તો સમગ્ર મામલો આવતા વર્ષે આવી રહેલી રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ઉભો થયો છે. વિપક્ષ ડેમોક્રેટિક પાર્ટીએ ટ્રમ્પ સામે ઉમેદવાર તરીકે જો બિડેનને ઉભા કરે એવી પૂરેપૂરી શક્યતા છે. જો બિડેન અગાઉ બરાક ઓબામાની સરકારમાં ઉપરાષ્ટ્રપતિ રહી ચૂક્યાં છે. ટ્રમ્પે બિડેન વિરુદ્ધ ષડયંત્ર રચ્યું હોવાના આરોપ છે અને પ્રાથમિક તપાસમાં આ આરોપોમાં તથ્ય હોવાનું બહાર આવ્યું છે. જેના કારણે ટ્રમ્પ વિરુદ્ધ ઈમ્પીચમેન્ટી કાર્યવાહીનો પ્રારંભ થયો છે. જો બિડેનના પુત્ર હન્ટર બિડેન યુક્રેનની બુરશિમા હોલ્ડિંગના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં હતાં. આ કંપની ઉર્જા ક્ષેત્રમાં કામ કરે છે. યુક્રેનમાં આંતરિક અશાંતિ દરમિયાન ૨૦૧૪માં તત્કાલિન અમેરિકી રાષ્ટ્રપતિ ઓબામાએ યુક્રેનની મદદ કરી હતી. ઉપરાષ્ટ્રપતિ તરીકે જો બિડેન પોતે પણ યુક્રેનની મુલાકાતે ગયા હતાં. હન્ટર બિડેન બુરશિમા હોલ્ડિંગના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ૨૦૧૪થી ૨૦૧૯ દરમિયાન હતાં. આ સમયે તેમણે કશીક ગેરરીતિ આચરી હોવાનો ટ્રમ્પનો આક્ષેપ છે. ટ્રમ્પે યુક્રેનના કોમેડિયનમાંથી પ્રમુખ બનેલા વોલ્દોમીર ઝેલેન્સ્કીને જો બિડેન અને હન્ટર બિડેન વિરુદ્ધ તપાસ કરવા માટે દબાણ કર્યું. ટ્રમ્પનું આ કારસ્તાન એક વ્હીસલબ્લોઅરની ફરિયાદ બાદ બહાર આવ્યું છે. આ વ્યક્તિ અમેરિકાના ગુપ્તચર તંત્ર સાથે જોડાયેલી છે અને તેણે ૨૫ જુલાઈએ ટ્રમ્પે કરેલા એક ફોનકૉલની જાણકારી આપી છે.

આ પુરાવા બાદ ટ્રમ્પ પર આરોપ મૂકાયો કે તેમણે પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો છે. સાથે જ જો બિડેનને બદનામ કરવા પ્રયાસ કર્યો છે. એ સાથે જ ટ્રમ્પ પર પોતાના રાજકીય લાભ માટે યુક્રેનને મળનારી આર્થિક મદદ રોકવાનો આરોપ પણ છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવ્ઝમાં ટ્રમ્પ વિરુદ્ધ ઈમ્પીચમેન્ટનો પ્રસ્તાવ પાસ થઈ ગયા પછી પણ હવેની રાહ આસાન નથી. હવે ઉપલા ગૃહ એટલે કે સેનેટમાં પ્રસ્તાવ રજૂ થયા બાદ જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવશે. જેમાં ટ્રમ્પ વિરુદ્ધના આરાપોની તપાસ થશે અને એ પછી મતદાન થશે.

હવે નીચલા ગૃહના સ્પીકર નેન્સી પેલોસી ઈમ્પીચમેન્ટ મેનેજર તરીકે ઓળખાતા એ સભ્યોના નામ નક્કી કરશે. જે સેનેટમાં ટ્રમ્પ વિરુદ્ધ ડેમોક્રેટિક પાર્ટી તરફથી દલીલો રજૂ કરશે. આ લોકો આમાં મોટાભાગના સભ્યો સંસદની જ્યુડિશરી અને ઈન્ટેલિજન્સ કમિટીઓના સભ્યો જ હશે. ટ્રમ્પ સામે ઈમ્પીચમેન્ટનો મામલો સેનેટમાં ટ્રાયલ માટે જશે ત્યારે સેનેટના સભ્યો જ્યુરીની ભૂમિકામાં હશે જ્યારે ઈમ્પીચમેન્ટ મેનેજરો ફરિયાદી તરીકે કામગીરી બજાવશે. અમેરિકાના ચીફ જસ્ટીસ સમગ્ર ટ્રાયલની અધ્યક્ષતા કરશે. જો તમામ આરાપો ફગાવી દેવામાં આવશે તો ટ્રમ્પની ખુરશી બચી જશે. ટ્રાયલની રૂપરેખા નક્કી કરવા માટે ડેમોક્રેટિક પાર્ટીના નેતા ચક શુમરે ગયા રવિવારે વ્હાઈટ હાઉસના કાર્યવાહક પ્રમુખ મિક મુલવાને, તેમના સહયોગી રોબર્ટ બ્લેર, ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જ્હોન બોલ્ટન અને બજેટ અધિકારી માઈકલ ડફને બોલાવ્યાં હતાં.

શુમરે ટ્રાયલ છઠ્ઠી જાન્યુઆરીથી શરૂ થતા અઠવાડિયામાં રજૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે નિવેદનો, પુરાવા અને સવાલો તેમજ ચર્ચા માટે ૧૨૬ કલાક ફાળવવાની માંગ કરી છે. હવે સેનેટમાં ડેમોક્રેટિક પાર્ટીની બહુમતિ જોતાં ટ્રમ્પ વિરુદ્ધ પણ ઈમ્પીચમેન્ટનો પ્રસ્તાવ પાસ થાય એવી શક્યતા ઓછી છે. ટ્રમ્પની રિપબ્લીકન પાર્ટી પણ તેમના સમર્થનમાં મક્કમ રીતે ઊભી છે. એવામાં ટ્રમ્પની ખુરશી જાય એવી શક્યતા ઓછી છે. પરંતુ આવતા વર્ષે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પને મોટું નુકસાન થાય તો નવાઈ નહીં.



૨૦૨૦ની શરૂઆતમાં આ પ્રસ્તાવ સેનેટ સમક્ષ મુકાશે, જો સેનેટમાં પણ આ પાસ થઇ જાય તો ટ્રમ્પે સત્તા છોડવી પડશે, જો કે, તેવી શક્યતા ખૂબ ધૂંધળી છે



સલમાન ખાનની 'દબંગ 3' ૨૦ ડિસેમ્બરના રોજ રિલીઝ કરવામાં આવી, પરંતુ તેના બીજા જ દિવસે આ ફિલ્મની લંબાઈ નવ મિનીટ એડિટ કરીને ટૂંકી કરવામાં આવી છે.આ ફિલ્મ બહુ લાંબી છે, તેવી ટીપ્પણીઓ થતાં ફિલ્મને ટૂંકી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. "નવ મિનીટમાંથી, આઠ મિનીટના દ્રશ્યો ફિલ્મના ઇન્ટરવલના પહેલા ભાગમાંથીજ દૂર કરવામાં આવ્યા છે. ગીત 'આવારા'જે સલમાન અને સાંઇ માંજરેકર પર ફિલ્માવવામાં આવ્યું હતું તે ફિલ્મમાંથી દૂર કરવામાં આવ્યું છે. જ્યારે અન્ય એક ગીત 'નાના લડે'ને થોડુ કાપવામાં આવ્યું છે,

સ્વદેશ

## અમિતાભ બચ્ચનને ૨૯મીએ દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સમ્માનિત કરાશે



મુંબઈ : હાલમા જ નેશનલ એવોર્ડ સમ્માનથી કલાકારોને નવાજવામાં આવ્યા હતા. જેમા અમિતાભ બચ્ચનને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સમ્માનિત કરવાના હતા. પરંતુ તેઓ તાવથી પીડાતા હોવાથી સફર કરવાની સ્થિતિમાં ન હોવાને કારણે આ એવોર્ડ સમારહમાં હાજરી આપી શક્યા નહીં. હવે સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે તેમને આ માન ૨૯મી ડિસેમ્બરે આપવાની ઘોષણા કરી છે. સૂચના એવં પ્રસારણ મંત્રી પ્રકાશ જાવેડકરે જણાવ્યુ હતુ કે, ''પીઢ અભિનેતા અમિતાભ બચ્ચન અસ્વસ્થ હોવાથી સોમવારે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં હાજરી આપવામાં અસમર્થ હતા. પરિણામે તેમને દાદા સાહેબ ફાળક એવોર્ડથી ૨૯મી ડિસેમ્બરે સમ્માનિત કરવામાં આવશે.'' જાવડેકરે વધુમાં જણાવ્યું હતું કે, ''બચ્ચનને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૨૯ ડિસેમ્બરે એક સંક્ષિપ્ત સમારોહમાં દાદા સાહેબ ફાળકે પુરસ્કાર પ્રદાન કરશે. સાલ ૨૦૧૮ના દાદા સાહેબ ફાલકે સમ્માન ફિલ્મ ઉદ્યોગમાં ઉલ્લેખનીય યોગદાન માટે ૭૭ વર્ષીય અમિતાભ બચ્ચનને આપવામાં આવવાનો હતો. પરંતુ તેઓ અસ્વસ્થ હોવાને કારણે હાજ ૨ રહી શક્યા નહોતા.

# મોટી હસ્તી આગળ આવશે તો જ જાતીય સતામણી રોકાશે : રાધિકા આપ્ટે

મુંબઇ : રાધિકા આપ્ટે માને છે કે જો ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ અને સંબંધિત ઉદ્યોગમાં મોટી હસ્તીઓ આગળ આવશે તો જાતિય સતામણીને રોકવામાં સફળતા મળી શકે છે. તે મી ટુ અભિયાનને પહેલા પણ ટેકો આપી ચુકી છે. હવે ફરી એકવાર આ અંગેની પ્રતિક્રિયા આપી રહી છે. તેના કહેવા મુજબ મોટી સેલિબ્રિટી આગળ આવશે તો જ સ્થિતીમાં સુધારો થઇ શકે છે. રાધિકા ધીમે ધીમે બોલિવુડમાં પોતાની સ્થિતી મજબુત કરી રહી છે. તે માત્ર હિન્દી ફિલ્મો જ નહીં બલ્કે અંગ્રેજી અને દક્ષિણ ભારતની ફિલ્મો પણ કરી રહી છે. તે એક્ટિંગ કુશળતાની તમામ નિર્માતા નિર્દેશકો નોંધ લઇ રહ્યા છે. ચાલુ વર્ષમાં જ તેની ત્રણ મોટી ફિલ્મ રજૂ થઇ હતી. જેમાં પેડમેન બાદ સેફ અલી ખાન સાથે બજાર ફિલ્મનો સમાવેશ થાય છે. તમામ લોકો જાણે છે કે આપ્ટેનુ નામ આવતાની સાથે જ બોલિવુડની સેક્સી સ્ટારની ઇમેજ તાજી થઇ જાય છે. રાધિકાની પાસે અનેક ફિલ્મો રહેલી છે. તે અક્ષય કુમારની સાથે પેડમેનમાં દેખાઇ હતી. રાધિકા આપ્ટેએ ટુંકા ગાળામાં જ પોતાની જુદી જુદી એક્ટિંગ કુશળતાના કારણે તમામ લોકોના મન જીતી લીધા છે. હવે રાધિકાનુ સપનુ માત્ર બોલિવુડ અને હોલિવુડ સુધી જ મર્યાદિત નથી. તે વર્લ્ડ સિનેમાનો હિસ્સો બનવાની ઇચ્છા ધરાવે છે. હોલિવુડ અને બ્રિટીશ સિનેમા સુધી જ તે મર્યાદિત રહેવા માટે ઇચ્છુક નથી. તેનુ કહેવુ છે કે તે હોલિવુડની ફિલ્મમાં કામ કરવા માટે ઇચ્છુક છે. તેનુ કહેવુ છે કે તેને ચોક્કસપણે રોલ મળશે જ. રાધિકા વર્ષ ૨૦૦૫માં નાનકડા રોલ સાથે ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ પ્રવેશી હતી. પ્રથમ ફિલ્મ વાહ મારફતે તે બોલિવુડમાં પ્રવેશી હતી. તે જે ફિલ્મમાં કામ કરી ચુકી છે તેમાં લાઇફ હો તો એસી, અને શોર ફિલ્મનો સમાવેશ થાય છે. રાધિકા પાસે ઓછી ફિલ્મો થછે.





# રૂપેરી પડદે ચુંબન દ્રશ્યો નહીં ભજવું : તમન્ના ભાટિયા

મુંબઈ : સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી તમન્ના ભાટિયા જિંદગીને પોતાની શરતો પર જીવે છે. કામમાં પણ તેણે આ જ નિયમ જાળવી રાખ્યો છે. તે રૂપેરી પડદે ચુંબન દ્રશ્યો કરવાનો ઈનકાર કરે છે. તમન્નાએ થોડા દિવસો પહેલા પોતાના એક ઈન્ટરવ્યુંમાં જણાવ્યું હતુ કે, " મેં ફિલ્મની કારકિર્દી શરૂ કરી ત્યારથી એક નિયમ બનાવ્યો છે, જેનું હજી સુધી હું પાલન કરું છું. મેં મારા ફિલ્મના કરાર કરતી વખતે 'નો કિસિંગ પોલીસી' રાખી છે, અને આજે પણ હું તેને ફોલો કરું છું. " તમન્ના ભાટિયાએ સાઉથનીફિલ્મોમાં હિટ ફિલ્મો આપી છે, અને બોલીવૂડમાં તે ટોચના કલાકારો સાથે કામ કરે છે. તેણે અજય દેવગણ, સૈફ અલી ખાન અને રિતેશ દેશમુખ સાથે કામ કર્યું છે.અને હવે તે નવાઝુદ્દીન સિદ્ધીકી સાથે જોવા મળવાની છે.

## ટિકટોક પર ૯૫ લાખ ફોલોઅર્સ સાથે જેકલિન પહેલા ક્રમાંકે

મુંબઈ : જેકલિન ફર્નાન્ડિસ આ વરસે રૂપેરી પડદે ખાસ ઝળકી નથી છતાં લાઈમ લાઈટમાં રહી શકી છે. તેણે ફિલ્મ 'સાહો'માં એક આઈટમ સોન્ગ કર્યું છે, તેમજ ઓટીપી પ્લેટફોર્મ પરનો એક પ્રોજેક્ટ કર્યો છે. અભિનેત્રી શોર્ટ વીડિયો મેકિંગ એપમાં પ્રથમ સ્થાને રહી છે. જેકલીન ૯૫ લાખ ફોલોઅર્સ સેલિબ્રિટીની યાદીમાં પ્રથમ સ્થાને રહી છે. એ પછી રિતેશ દેશમુખ ૬૮ લાખ ફોલોઅર્સ, કપિલ શર્મા ૨૨ લાખ ફોલોઅર્સ, માધુરી દીક્ષિત નેને ૧૨ લાખ ફોલોઅર્સ સાથે યાદીમાં સામેલ થયા છે. સંગીત ક્ષેત્રની યાદીમાં નેહા કક્કડ ૧.૨૫ કરોડ ફોલોઅર્સ સાથે પહેલા સ્થાને રહી છે.


SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH

- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
- Visitors to Canada Insurance
- RRSP ( Retirement Plan)
- TFSA
- RESP ( Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)
HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
" We help you secure your future"

કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.

કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.
શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

# દુલ્હનના વોર્ડરોબનો મોડર્ન અવતાર



એક સમય એવો હતો જ્યારે કન્યા સમજણી થાય એટલે તેની માતા તેના માટે વસ્ત્રો અને આભૂષણો ભેગાં કરવા માંડે. છોકરી થોડી મોટી થાય અને તેના વિવાહ નક્કી થાય ત્યારે મોટાભાગે તેના પોશાક અને અલંકારો તૈયાર થઈ ગયા હોય. ત્યાર પછી માતાપિતાને લગ્નનો ખર્ચ કરવાની જ ચિંતા રહે છે. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. છોકરીઓને મમ્મીએ અગાઉથી લઈ રાખેલા કપડાં કે દાગીના ગમતા નથી. અને આધુનિક માતાઓ પણ એવો આગ્રહ નથી રાખતી. ટી.વી.ના વધેલા વ્યાપને પગલે હવે ગામડાંની સ્ત્રીઓને સુધ્ધાં લેટેસ્ટ ટ્રેન્ડની સમજ પડવા લાગી છે. જ્યારે મહાનગરોમાં વસતી યુવતીઓ ઉપરાંત તેમની મમ્મીઓ પણ સારી પેઠે સમજતી થઈ ગઈ છે કે હવે કોઈપણ ફેશન છ મહિનાથી વધુ નથી ચાલતી. તેથી લગ્ન માટેની ખરીદી

સગાઈ નક્કી થઈ ગયા પછી જ શરૂ કરવામાં આવે છે. જો સગાઈ લાંબો સમય ચાલવાની હોય તો લગ્નની ખરીદી મોડેથી કરવામાં આવે છે, જેથી એક સીઝન વહેલી ફેશનના વસ્ત્રો પણ ન પહેરવા પડે.

વળી આધુનિક યુવકો પણ એમ જ ઈચ્છતા હોય છે કે તેમની ભાવિ પત્ની ભારેખમ કાંજીવરમ કે તનછુઈની સાડીને બદલે શિફોન, જ્યોર્જટ જેવી સેક્સી સાડી પહેરે. તેના ડ્રેસ પણ ડિઝાઈનર હોય. આભૂષણોમાં પણ માત્ર પીળા સોનાના મોટા મોટા અલંકારોના સ્થાને મોંઘા પણ નાજુક ઘરેણાં પહેરે, જેમાં હીરા-માણેક જડેલા હોય.



બદલાયેલા સમય સાથે નવવધૂના વોર્ડરોબમાં પણ ઘણું પરિવર્તન આવ્યું છે. આજે નવોઢાના વોર્ડરોબમાં પરંપરાગત વસ્તુઓના સ્થાને ડિઝાઈનર સાડી, વેસ્ટર્ન આઉટફીટ, મોંઘા આંતરવસ્ત્રો, ડિઝાઈનર નાઈટવેર, સૌંદર્ય પ્રસાધનો ઉપરાંત વિવિધ પ્રકારની એક્સેસરીઝ જોવા મળે છે. વળી આજે લગ્નથી પહેલા યોજાતા કાર્યક્રમોમાં કોકટેલની બોલબાલા વધી પડી છે, તેથી નવવધૂ કોકટેલ પાર્ટીમાં પહેરવા જેવા ડ્રેસ પણ ખરીદે છે.



વેડિંગ પ્લાનરો કહે છે કે ચંદેરી સાડી કે પંજાબી સૂટ અને ભરચક વર્ક કરેલા દુપટ્ટાના સ્થાને આજે મુઠ્ઠીમાં સમાઈ જાય એવા સિલ્કના કોકટેલ ડ્રેસ, પશ્ચિમી પોશાક, ખાસ બીચવેઅર, (સેરોંગ, મેચિંગ સ્લીપર અને મેચિંગ ફ્લોરલ એક્સેસરીઝ ધરાવતાં) પસંદ કરવામાં આવે છે. તેવી જ રીતે સામાન્ય પ્રકારની હેન્ડબેગ કે અન્ય એક્સેસરીઝના સ્થાને બ્રાન્ડેડ હેન્ગબેગ્સ, બ્રાન્ડેડ જીન્સ, બ્રાન્ડેડ પગરખાં ખરીદવામાં આવે છે. સાથે સાથે ઉચ્ચ કોટિના સૌંદર્ય પ્રસાધનો, પર્ફ્યૂમ્સ, ઈવનિંગવેર, ટ્રેક પેન્ટ્સ અને વર્કઆઉટ શૂઝ પણ ખરાં.

એક સમય એવો હતો જ્યારે છોકરીઓને કેવું સિલાઈકામ કે ભરતકામ આવડે છે તે જોવામાં આવતું. આપણી મમ્મીઓ કે દાદીઓ વિશે જ વાત કરીએ તો તેમણે ટેબલક્લોથ, રૂમાલ, સાડીઓ જેવી કંઈકેટલીય વસ્તુઓમાં ભરતકાકમ કર્યું હશે અને તેને પોતાના સાસરામાં ગર્વથી બતાવ્યું હશે. પણ હવે બજારમાં અ । બધી વસ્તુઓ તૈયાર મળી રહે છે. વળી તેમાં પુષ્કળ વિવિધતા પણ આસાનીથી ઉપલબ્ધ થઈ રહી છે. આજે માત્ર એ જોવામાં આવે છે કે છોકરી કેટલું ભણી છે અને કેટલું કમાવે છે. જો સારું કમાવતી હોય તો આવી બધી વસ્તુઓ આસાનીથી બજારમાંથી ખરીદી શકાય છે. તેથી આધુનિક નવોઢાના વોર્ડરોબમાં આવી હાથકામની વસ્તુઓને મહત્ત્વનું સ્થાન નથી મળ્યું. સમાજશાસ્ત્રીઓ કહે છે કે આધુનિક યુવતીઓ પગભર હોવાથી તેમની ખરીદીનો નિર્ણય પણ તેઓ જાતે જ લે છે. વળી તેમને સારી રીતે જાણ હોય છે કે તેમના ફિગર પર શું વધુ શોભશે. આજના માતાપિતા પણ પુત્રીની ખરીદીમાં દખલ નથી કરતાં.



જો કે ઘણી યુવતીઓ દ્રઢપણે માને છે કે માત્ર લગ્નના દિવસે પહેરવા માટેના લહંગા-ચોલી પાછળ ૨૫,૦૦૦થી ૫૦,૦૦૦ રૂપિયા નાખી દેવાનો કોઈ અર્થ નથી. આમ છતાં તેમને સિરિયલની હીરોઈન જેવા દેખાવાની અબળખા તો હોય જ છે. આવી સ્થિતિમાં તેમને ભાડે લીધેલા ચણિયા-ચોળી પહેરવામાં પણ કંઈ ખોટું નથી લાગતું. અને આધુનિક નવોઢાઓની આવી માનસિકતા જોઈને જ માત્ર મહાનગરોમાં જ નહીં, નાના શહેરોમાં પણ વર-વધૂ માટે ભાડેથી વસ્ત્રો મળી રહે છે. તેથી ધીમે ધીમે નવોઢાના વોર્ડરોબમાંથી તેના ચણિયાચોળીની બાદબાકી થઈ જાય તોય નવાઈ પામવા જેવું નથી.


ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

- Mice
- Rat
- Cockroach
- Bedbug
- Animal Control
- Bird Control
- Wasps &
- Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

CPMA - ACGP
SPMAO
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator

647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal



"Let Me Make Your Dream Home Into A Reality"

Residential, Commercial & Investment in Real Estate



JAY PATEL
SALES REPRESENTATIVE
Dir : 647-241-3818
jaypatel1323@gmail.com

$649,000





Live By The Lake! This Spacious One Bedroom Plus Den W/Gorgeous Views Of The Lake, T.O. Skyline & Manicured Rooftop Gardens! Unit Features A Great Open Layout With No Wasted Space. Highlighted By Hardwood Floors, Granite Counters, Freshly Painted, New Carpet, Stainless Steel Appliances, Two Walk-Outs To Balcony, A Master W/I Closet & Breakfast Bar, Parking And Locker Included. Extras : Luxury Amenities Incl: Indoor Pool, Gym, Sauna, Party Rooms, Bbqs, Roof Lounge & More! Just Steps From Ttc, Metro, Shoppers Drug Mart, Lcbo, Humber Bay Park/Trails.

TORONTO

$649,000





Welcome To The Absolutely Show Stopper 3+1 Bedroom Link Home Attached By Garage And Chimney With Separate Living And Family Room With Fireplace,New Ceramic Tiles On Main Floor,Laminate In Living And Family,Laminate In All Bedrooms,No Carpet In The House.Newly Renovated Washrooms,Spacious Partially Finished Basement With Huge Bedroom And Washroom. Located In A Quiet Neighborhood, Close To Park, Schools, Shops, Restaurants,Grocery Shp, Hwy 410..Must See....

BRAMPTON

HOMELIFE
HOMELIFE MAPLE LEAF REALTY LTD.
Each Office Independently Owned & Operated
Office Address- 80 Eastern Avenue, Unit #3, Brampton, Ontario,L6W 1X9
Ph. No. : 905-456-9090

વિઝા-ઈમિગ્રેશનની સાચી અને જરૂરી માહિતી માટે મળો
PROFESSIONAL SERVICES
Guaranteed
Super & Visit Visa - Student Visa
Refused Spousal & Super / Visit Visa Application
સુપર / વિઝિટ વિઝા / સ્ટુડન્ટ વિઝા
We also do P.I.O. and O.C.I. applications
In-Canada students can apply for parents visit visa and spousal open work permit
ICC Canada Immigration Solutions Inc.
Toll Free: 1.866.341.2424 | info@iccimmigration.ca | www.iccimmigration.ca
H.O. 1137 Derry Road East, Mississauga, ON L5T 1P3
Tel: 905-461-2424
Ripudaman Dhillon iccrc crcic Manu Datta

ThermEnergy Heating & Cooling
WWW.THERMENERGY.CA
Need New Furnace ?
With free 10 years protection ( Parts + Labor)
1 year free supply of filters.
Up to $850 rebate from government
Starts from only.
$2650 + Tax
CALL US FOR FREE CONSULATION 647-785-9255
IS YOUR HEATING SYSTEM READY FOR WINTER?? Get your furnace tune up for only $89.99
Unit#26, 151 Nashdene Rd, Scarborough, ON M1V4C4
416-335-9255 | 647-785-9255
info@thermenergy.ca Website : www.thermenergy.ca

# હોલિવુડની હલચલ

## આગામી ફિલ્મમાં ડેનિયલ કેગ ૮ લુકમાં જોવા મળશે



લોસએન્જલસ : હોલીવુડના સુપર સ્ટાર ડેનિયલ કેગ પોતાની આગામી જેમ્સ બોન્ડની સિરીઝ નો ટાઈમ ટૂ ડાઈમાં અલગ અલગ ૮ પ્રકારના ડિફરન્ટ લુકમાં જોવા મળવાનો છે. હોલિવૂડ સ્ટાર ડેનિયલ ક્રેગ તેની આગામી ફિલ્મ નો ટાઈમ ટુ ડાઈમાં જુદાજુદા ૮ જેટલા લુકમાં જોવા મળશે. છેલ્લી ચાર ફિલ્મોમાં જાસૂસનો રોલ નિભાવી ચૂકેલો ક્રેગ આગામી ફિલ્મના ટ્રેલરમાં ગ્રે રંગના વાળ સાથે નજરે પડશે. એવું ચર્ચાઈ રહ્યું છે કે તે અનેક પ્રકારના રંગવાળી હેરસ્ટાઈલ સાથે ફિલ્મમાં જોવા મળી શકે છે. ડિફરન્ટ સ્ટાઈલવાળા લુકને લઈને તેના એક ચાહકે સોશિયલ મીડિયામાં લખ્યું છે કે વાસ્તવમાં ક્રેગને જોઈને અલગ લાગી રહ્યું છે. એવું લાગી રહ્યું છે કે હું અલગઅલગ ફિલ્મ જોઈ રહ્યો છું. મને એવું લાગી રહ્યું છે કે ફિલ્મમાં ક્રેગને યંગ બતાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે પણ વાસ્તવમાં બોન્ડનો લુક ખૂબ જ સારો છે.

## ટોપ ગન: મેવરિક માટે ટોમ ક્રૂઝેના દિલધડક સ્ટંટ

લોસએન્જલસ : ટોમ ક્રૂઝ પોતાની આગામી ફિલ્મમાં તેના રસિકોનાં દિલ જીતી શકે છે. હા, ટોમ ક્રૂઝ પોતાની આગામી ફિલ્મ ટોપ ગન: મેવરિકમાં દિલધડક સ્ટંટ કરતો નજરે પડશે. ૩૪ વર્ષના બ્રેક બાદ આવી રહેલી ફિલ્મ ટોપ ગન: મેવરિકમાં કેપ્ટન મેવરિક એ જ જેકેટ પહેરેલા નજરે પડશે. ટોમ ક્રૂઝે ફિલ્મનું એક પોસ્ટર શેર કરીને આ વાતની જાણકારી આપી છે. પોસ્ટરમાં ટોમ ક્રૂઝ આકાશમાં ઊડતા ફાઈટર જેટ્સને જોઈ રહ્યો છે. તો કેપ્ટન મેવરિક એટલે ટોમ જૂના વિમાન સાથે ઊડતો જોવા મળી રહ્યો છે. આ ફિલ્મમાં હોલિવૂડ ફિલ્મના શોખીનોને દિલધડક એક્શનનો ભરપૂર ડોઝ મળશે. આમ પણ ફિલ્મના મોટાભાગના સ્ટંટ ટોમ ક્રૂઝે જાતે જ કર્યા છે. ટોમનું કહેવું છે કે, ટ્રેલરમાં જોવા મળતી ફ્લાઈંગ રિયલ છે અને આ ફિલ્મ એવિએશન માટે એક લવસ્ટોરી જેવી છે. રિપોર્ટનું માનીએ તો ફિલ્મનું નિર્માણ કરી રહેલી પેરામાઉન્ટ પિક્ચરને એક ચીની કંપની સમર્થન આપી રહી છે. જે બાદ મેવરિકના જેકેટમાં બદલાવ કરવાનો નિર્ણય લેવાયો છે. ફિલ્મનું બજેટ ૧૪૦ મિલિયન ડોલર એટલે કે ૯૬૪ કરોડ રૂપિયા માનવામાં આવી રહ્યું છે.

## કૈરેન ગિલાનને સંઘર્ષના દિવસો યાદ આવ્યા



લોસએન્જલસ : હોલીવુડ અભિનેત્રી કૈરેન ગિલાનને પોતાના સંઘર્ષના દિવસો યાદ આવી ગયા. માર્વેલ સિનેમેટિક યુનિવર્સ અને જુમાંઝીની સિરીઝ સાથે સંકળાયેલી અભિનેત્રી કૈરેન ગિલાનને આટલા વર્ષ પછી તેના જૂના દિવસો યાદ આવ્યા છે. એવા દિવસો જ્યારે તે સંઘર્ષ કરતી હતી. જ્યારે તે ઓડિશન આપવા માટે જતી અને પરિણામ તરીકે તેને નિષ્ફળતા હાથ લાગતી હતી. કૈરેનનું કહેવું છે કે, આવી જ બધી . નિષ્ફળતાઓએ તેને સશક્ત બનાવી છે. ગિલાને એક વાતચીતમાં કહ્યું કે, શરૂઆતના સમયમાં મને મોટાભાગનાં કામોમાં નિષ્ફળતા મળતી. પણ આ નિષ્ફળતાઓથી હું પડી ભાંગતી નહોતી. ઉલટું હું દરેક નિષ્ફળતા પછી વધારેમાં વધારે ઓડિશન આપ્યા કરતી હતી. પછી ભલે તે સ્કૂલનું નાટક હોય કે પછી સ્થાનિક નાટક. તેમ છતા મેં હાર ન માની અને હું નિશ્ચિતપણે માનતી કે એક દિવસ જરૂર હું અભિનેત્રી બનીશ. આજે એ સપનું સાકાર થયું પણ એ સંઘર્ષના જૂના દિવસો યાદ આવે છે ત્યારે ફરી એક વાર શરીરમાં જોમ પુરાય છે. વેલ, હું એટલું જ કહેવા માગીશ કે સફળતા માટે સખત પરિશ્રમ જ શ્રેષ્ઠ માર્ગ છે.

## જોશ બ્રોલિન પસંદ હોવાની જુલિયા રોબર્ટસની કબૂલાત

લોસએન્જલસ : પ્રીટી વુમન તરીકે સમગ્ર વિશ્વમાં જાણીતી રહેલી જુલિયા રોબર્ટસે હવે કહ્યુ છે કે તે ઈન્સ્ટાગ્રામને લઈને કોઈ દબાણ અનુભવ કરતી નથી. જુલિયા રોબર્ટસનુ કહેવુ છે કે ફોટો શેયરિંગ પ્લોટફોર્મ પર અપડેટ પોસ્ટ કરવાને લઈને તેના પર કોઈ દબાણ નથી. તેનુ કહેવુ છે કે તે પોતાની જવાબદારીને સારી રીતે સમજે છે અને જવાબદારી સમજીને તે આગળ વધે છે. એક વેબસાઈટના હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે જુલિયા હાલમાં જુદા જુદા ક્ષેત્રમાં કામ કરી રહી છે. જો કે તે હાલમાં કોઈ મોટા ફિલ્મ પ્રોજેક્ટ સાથે જોડાયેલી નથી. તેનુ કહેવુ છે કે તે પોતાની લાઈફને લઈને સંતુષ્ટ છે. જુલિયા અભિનેતા જોશ બ્રોલિન અને અભિનેત્રી સારા જેસિકા પાર્કરના ઈન્સ્ટાગ્રામ પેજને લઈને ખુબ પ્રભાવિત છે. તેનુ કહેવુ છે કે કેટલાકના ઈન્સ્ટાગ્રામ પર પેજને લઈને તેમની કુશળતાના કારણે ખુબ પ્રભાવિત રહી છે. તેના પસંદગીના એકાઉન્ટ અંગે પુછવામાં આવતા જુલિયાએ કહ્યુ હતુ કે કેટલાક એકાઉન્ટ તેને ખુબ પસંદ છે. જેમાં મોદી, શેફ છે. જેમના એકાઉન્ટને તે ફોલો કરે છે. ઉપરાંત જોશ બ્રોલિન તેને પસંદ છે. તેનુ કહેવુ છે કે સારા જેસી પાર્કર પણ તમામને પ્રભાવિત કરે છે.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Davinder Singh Chawla
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# ક્રિસમસના દિવસોમાં સમાજ તરફ પ્રેમ વ્યક્ત કરો : ટ્રુડો

## ટ્રુડોએ કેનેડિયનોને ક્રિસમસની શૂભેચ્છા પાઠવી, દેશના સૈનિકોને યાદ કરવા પીએમની અપીલ

ઓન્ટેરિયો : વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ તેના વાર્ષિક ક્રિસમસ સંબોધનમાં કેનેડીયનોને રજાની સીઝનમાં તથા નવા વર્ષમાં એક-બીજા તરફ લાગણી દર્શાવવા અને સાર-સંભાળ લેવાની હાકલ કરી હતી. તેણે કહ્યું હતું કે ક્રિસમસની રજાઓ આપણી આજુ-બાજુના લોકો અને સમાજ તરફ પ્રેમ વ્યક્ત કરવાના દિવસો છે. અને પરંપરાગત રીતે કેનેડીયનો આખું વર્ષ આ સિદ્ધાંતને અનુસરે છે.

આ દિવસોમાં આપણે સમાજ પાસેથી જે લીધું છે તે આભારપૂર્વક પાછું આપવાનું છે અને સમાજમાં રજાના દિવસોમાં જેનું કોઈ ના હોય તેમના તરફ સહાનુભૂતિ દર્શાવવાની છે.



વડાપ્રધાને ક્રિસમસનો સંદેશો આપતા કહ્યું હતુ કે, આજે આપણા પરિવારો ક્રાઈસ્ટના જન્મદિવસની ઉજવણી માટે અનેક સ્થળોએ એકઠા થયા છે. વર્ષનો આ દિવસ આનંદ, ઉલ્લાસ સાથે એક-બીજાને ભેટ સોગાદ આપી પરંપરા જાળવવાનો છે. આ માટે આપણે યોગ્ય ક્રિસ્મસ ટ્રીની પસંદગી કરીએ છીએ અને રેન્ડિયર માટે આપણે આપણી છત સ્વચ્છ રાખીએ છીએ. આપણામાંના કેટલાક લોકો પરિવાર સાથે તો કેટલાક લોકો મિત્રો સાથે એક ટેબલ પર ભેગા મળે છે. તમે કદાચ તમારા બાળકોને બરફ સાથે આનંદ અપાવતા હશો અથવા તો તમારા શુભેછકોની મુલાકાતે પણ જતા હશો.

આપણે ક્રિસ્મસમાં ગમે તે કરતા હોઈએ પરંતુ આ સમય દયા, પ્રેમ અને સેવાનો ક્રાઈસ્ટનો સંદેશો લોકો સુધી પહોંચાડવાનો છે.

રજાના દિવસોમાં આપણા જે પાડોશીઓ એકલા હોય તેમની મુલાકાત લઈ લાગણી આપવાનો છે. આપણી સેનાના જવાનો જે કેનેડા તથા વિદેશોમાં પોતાની ફરજ બજાવી રહ્યા છે તેમની સેવા યાદ રાખવાની પણ જરૂર છે.

તેથી ચાલો નવા વર્ષમાં આપણે બધા સાથે મળીને આગળ વધીએ. અંતમાં તેમણે પોતાના અને પરિવાર તરફથી સૌને મેરી ક્રિસમસની શૂભેચ્છા પાઠવી હતી.

# કેનેડાના રેસ્ટોરન્ટ ઉદ્યોગમાં હવે કામદારોની તંગીથી મોટી મુશ્કેલી

- ફૂડ સર્વિસ અને ડ્રિન્કીંગ સંસ્થાઓમાં ૬૭૩૭૦ જગ્યાઓ ખાલી

ઓન્ટેરિયો : કેનેડામાં હાલ રજાની મોસમ ચાલી રહી છે. ત્યારે રેસ્ટોરન્ટની માંગ પણ વધી છે. પરંતુ લોકોની રેસ્ટોરન્ટમાં વધુ અવર-જવરને પહોંચી વળવા માટે હાલમાં રેસ્ટોરન્ટ ઉદ્યોગ પાસે પુરતા કામદારો જ નથી.

હેમંત ભગવાણી નામના એક વરિષ્ઠ શેફ એક નવી રેસ્ટોરન્ટ ઓપા શરૂ કર્યું છે. આ રેસ્ટોરન્ટ એમણે ટોરન્ટોના બેવ્યુ વિલેજ શોપિંગ સેન્ટરમાં ૧ ડિસેમ્બરથી શરુ કર્યું છે. પરંતુ સંચાલન માટે હજુ પણ તેમની પાસે પૂરતા કર્મચારીઓ નથી. મહત્વની શેફ જેવી જગ્યા માટે હજુ પણ એક પણ અરજી મળી નથી. આ વર્ષના ત્રીજા ત્રિ-માસિક ગાળામાં ફૂડ ઈન્ડસ્ટ્રીઝમાં ફૂડ સર્વિસ અને ડ્રિન્કીંગ સંસ્થાઓમાં ૬૭૩૭૦ જગ્યાઓ ખાલી પડી હોવાનું સ્ટેટિકસ કેનેડાએ જણાવ્યું હતું રેસ્ટોરન્ટના માલિકો અને ઔદ્યોગિક એસોશિયેસન કહે છે કે, કેનેડામા જ્યાં સુધી વસાહતીઓ સંખ્યામાં વધારો કરવામાં નહિ આવે ત્યાં સુધી આ સમસ્યાનો ઉકેલ આવશે નહિ. કેનેડાએ અહીંના હોસ્પિટાલિટી ઉદ્યોગમાં કામ કરવા માટેના નિયમો હળવા બનાવવા જોઈએ.

# સાન્તા વિમાન છોડી હેલીકૉપ્ટરમાં પી.ઈ.આઈ. હોસ્પિટલની મુલાકાતે



ટોરન્ટો : સાન્તા ક્લોઝ પરંપરાગત વેશભુષામાં હેલીકૉપ્ટર મારફતે બુધવારે સવારે કવીન એલિઝાબેથ હોસ્પિટલના ચીલ્ડરન્સ વોર્ડની મુલાકાતે પહોંચ્યા હતા. આ હોસ્પિટલ ચાર્લોટી ટાઉનમાં આવેલી છે. આ ફલાઈટનું આયોજન સાન્તાની એંજલ્સ કે જે એક સામાજિક સંસ્થા છે તેના દ્વારા કરવામાં આવ્યું હતું.

**તહેવારમાં ઘરે ન જઈ શકેલા બાળકો સાથે સાન્તાએ આનંદ માણ્યો**

સાન્તા દર ક્રિસમસના તહેવારે ૩૦૦થી વધુ પરિવારો તેમજ હોસ્પિટલની મુલાકાત લે છે. તેઓ પોતાની સાથે જરૂરી ખાદ્ય સામગ્રી, જીવન જરૂરિયાતની વસ્તુઓ, સાફ સફાઈના સાધનો તથા બાળકો માટે રમકડાં લાવે છે. સાન્તાના એંજલ્સ સાથે કેનેડિયન કોસ્ટ ગાર્ડનું હેલીકૉપટર જોડાય છે અને સાંતાને હોસ્પિટલની છત પર આવેલા હેલિપેડ પર ઉતારાય છે. સાન્તાના એંજલ્સના પ્રવક્તા હર્બ મેક્લેન જણાવે છે કે, સાન્તાએ હોસ્પિટલના દરેક કાફેટેરિયાના લોકોની તેમજ ક્રિસમસના તહેવારોમાં ઘરે ના જઈ શકેલા બાળકોની મુલાકાત લીધી હતી.

તેમની મુલાકાતથી બાળકોને જે આનંદ થયો તેથી સાન્તા પણ આનંદનો અનુભવ કરી રહ્યા હતા. કેટલાક બાળકો પોતાના માતા-પિતાને મળવા માટે રડી રહ્યા હતા. કેટલાક બાળકો સાંતાને જોવા માટે ધક્કા-મુક્કી કરી રહ્યા હતા. મેક્લેન જણાવ્યું હતું કે, કોસ્ટગાર્ડનું હેલીકૉપટર મેળવવા માટે ઘણી બધી તૈયારી કરવી પડી હતી. પરંતુ છેવટે તે ઉપયોગી નીવડી હતી. સાંતાએ હેલીકૉપટરનો સ્લાઈડ ડોર સરકાવી દરેકને હાથ હલાવીને અભિનંદન કર્યું હતું અને દરેક લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. કારણ કે સામાન્ય રીતે સાન્તા વિમાનમાં આવતા હોય છે અને નીચે ઉતારીને અભિવાદન કરતા હોય છે.

# ગુજરાતી સિનિ. દ્વારા નાતાલની ઉજવણી

- ક્રિસ્ટમસ ટ્રી, સંતાક્લોઝ્ના કપડાં અને ભેટ-સોગાદોથી સ્ટેજની સજાવટ થઈ




ઓન્ટેરિયો : હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજ દ્વારા તા. ૨૨ મી ડિસેમ્બર ૨૦૧૯ના રોજ, મિલ્ટન સ્થિત ગ્રેસ એન્ગ્લીકન ચર્ચમાં, સૌહાર્દ પૂર્ણ વાતાવરણમાં નાતાલ પર્વની ઉજવણી કરી હતી. ક્રિસ્ટમસ ટ્રી, સંતાક્લોઝ્ના કપડાં અને ભેટ-સોગાદોના બેક ગ્રાઉન્ડ અને કેન્ડલ-સ્ટેન્ડની મદદથી સ્થાનાકિયા તેમજ રંજુબેન ખંડેરિયાએ સભ્યોની સહાય લઈ, સુંદર રીતે હોલની સજાવટ કરી હતી.

શરૂઆતમાં એચ.જી.એસ.એસ. પ્રમુખ મીનાબેન ભટ્ટ, સેક્રેટરી હસુબેન સ્થાનકિયા, ભુપેન્દ્રભાઈ મોદી, દિવ્યાબેન કાપડિયા, રંજુબેન ખંડેરિઆ અને ભરતભાઈ પટેલની ઉપસ્થિતિમાં સમસ્ત સમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરાઈ હતી. ત્યારબાદ એચ.જી.એસ.એસ.ના પ્રમુખ મીનાબેન ભટ્ટે સૌને આવકારી, નાતાલ પર્વ અને દિપાવલી પર્વમાં રહેલી સામ્યતા દર્શાવી હતી. હસુબેન સ્થાનાકિયા અને વરિષ્ઠ વહીવટી કમિટી સભ્ય દિવ્યાબેન કાપડીયાએ મિટિંગમાં હાથ પર લેવાનાર વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

આ પ્રસંગે શકુંતલાબેન પંડયા, સ્મિતાબેન મોદી,કનકલત્તા ત્રિવેદી, શકુંતલાબેન પંડયા અને શ્રીમતિ દેસાઈએ ભક્તિ-ગીત રજુ કર્યું હતું. કાર્યક્રમમાં કાઉન્સીલરો રીક ડી લોરેન્ઝો અને સમીરા અલી સપરિવાર ઉપસ્થિત રહ્યા હતા. તેઓના હસ્તે બાળ-નૃત્ય નિર્દેશિકા મંજરી દક્ષા પટેલનું મેમેન્ટો થકી સન્માન કરાયું હતું. બાળ-ગોપાળોની ઉપસ્થિતિને ધ્યાનમાં રાખી ક્લાઉન ચેસ્ટરને પોતાની કળાથી બાળકોને ખુશ કરવા આમંત્રિત કર્યા હતા. તેમણે બાળકોને ગમતા બલૂનના રમકડા બનાવી તેમજ જાદુ બતાવી પ્રસન્ન કર્યા હતા. અલ્પેશભાઈ પટેલે સાન્તાક્લોઝના પરિવેશમાં બાળકોને ભેટ સોગાદો આપી તેમની સાથે ડાન્સ કર્યો હતો.

# મેનીટોબામાં સમયમાં ફેરફાર કરવાની થઈ રહેલી હિલચાલ

## નાગરિકોના મંતવ્ય જાણવા વિરોધ પક્ષ ન્યુ ડેમોક્રેટ્સે વેબસાઈટ શરૂ કરશે : સમયને પાછળ કરવા અંગે અભિપ્રાય મંગાશે

વિનિપેગ-વિરોધ પક્ષ ન્યુ ડેમોક્રેટ્સ માર્ચ મહિનાથી રાજ્યના દિવસ-રાતનો સમય લંબાવવો કે નહીં ? અને નવેમ્બર મહિનામાં સ્ટાન્ડર્ડ ટાઈમ પાછળ કરવો જોઈએ ? જો જવાબ હા હોય તો કયો પ્રમાણ સમય અપનાવવો ? એ મુદ્દે લોકોના મંતવ્યો જાણવા તથા સલાહ સૂચન માટે એક વેબસાઈટ શરુ કરી રહ્યાં છે. મેનીટોબાના વિધાનસભ્ય એડ્રિયાન સેલેએ કહ્યું હતું કે, સમય પરિવર્તન સાથે અનેક પ્રશ્નો જોડાયેલાં છે. તેનો અભ્યાસ કરવો જોઈએ. જેમ કે, ઉંઘ પર નકારાત્મક અસરથી લોકોના આરોગ્ય પર નોંધપાત્ર અસર થશે.અન્ય રાજ્યો તથા દક્ષિણની સીમા નજીકના દેશોમાં આ વિચાર પર હિલચાલ થઈ રહી છે. બ્રિટિશ કોલમ્બિયામાં એનડીપીની સરકારે રાજ્યમાં ડેલાઈટ ટાઈમ માટે એક દરખાસ્ત આગળ ધરી છે. પણ પ્રિમિયર જોહન હોર્ગને કહ્યું હતું કે, વોશિંગ્ટન, ઓરેગોન અને કેલિફોર્નિયા પણ સમય બદલે છે કે કેમ ? એની હું રાહ જોઈશ.

આલ્બર્ટાની સરકારે ગયા મહિને લોકોના મંતવ્યો જાણવા માટે ઓનલાઈન સરવે શરૂ કર્યો હતો. યુએસ, ફલોરીડા તથા કેટલાક રાજ્યોએ ડેલાઈટ ટાઈમ કાયમી કરવા ખરડો પસાર કર્યો છે. પણ આ માટે કેન્દ્રની મંજુરી જરૂરી છે.

ગયા મહિને મેનીટોબામાં આ વિષય પર ઉગ્ર ચર્ચાઓ થઈ હતી. રાજ્યના ઓટો ઈન્સ્યોરન્સ ક્રાઉન કોર્પોરેશને અહેવાલ આપતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ વસંત ઋતુમાં ઘડિયાળનો સમય બદલાંતા પહેલા સોમવારે અથડામણોમાં વધારો થયો હતો. જે વર્ષના અન્ય સોમવાર કરતાં ૨૦% ટકા વધારે હતી. ગયા વર્ષે એક સ્વતંત્ર વિધાનસભ્ય એ સ્ટાન્ડર્ડ ટાઈમ અપનાવવાનું સુચન કર્યું હતું. પરંતુ તેને ટેકો ન મળતા તથા પ્રોગ્રેસિવ કન્ઝર્વેટીવ્ઝે કોઈ રસ ન દાખવતા એ દરખાસ્ત ગૃહમાં રજુ કરી શકાઈ નહતી.

સોશ્યલ મીડિયા ઉપર લોકો જુદા જુદા મંતવ્યો રજૂ કરે છે. કેટલાંક લોકો સમય બદલનારાના પક્ષમા છે તો કેટલાંક લોકો ઉનાળામાં સૂર્યાસ્ત મોડો થવાના સમયને યથાવત રાખવા માંગે છે. જો કે, કેટલાંક લોકો કહે છે કે, એનો અર્થ શિયાળામાં સૂર્યોદય મોડો થશે.

સાયમન ફ્રેઝ યુનિવર્સિટીના કેટલાંક સંશોધકોએ બી.સી.સરકારને ચેતવણી આપી હતી કે, પરમેનન્ટ ડેલાઈટ ટાઈમ શિયાળામાં સવારે ઉઠવામાં લોકોને ભારે તકલીફ પડશે અને લોકોનુ શરીર ઉનાળામાં સૂર્યનો તાપ સહન નહીં કરી શકે.

મોટાભાગના ઉત્તર અમેરિકામાં છેલ્લાં ૧૪ વર્ષથી આ વિષયની જ ચર્ચાઓ ચાલી રહી છે. મેનીટોબા લિબરલે સમય બદલવા માટે લોકોના મંતવ્યો જાણવા પ્રશ્નોત્તરી જાહેર કરી છે. મેનીટોબામાં ૨૦૨૩ માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે.

# કોસ્મેટિક સર્જરી વિના જ ખૂબસૂરતી વધારો

ફેસલિફ્ટ, એ પણ ઓપરેશન કર્યા વગર જ. કંઈક નવું નથી લાગતું? હમણા જ નવી શોધાયેલી આ પદ્ધતિ 'મોલ્ડિંગ માસ્ક'ના નામથી ઓળખાય છે. આ એક રીતનું 'ઈન્સ્ટન્ટ ફેસલિફ્ટ' છે. સામાન્ય ફેસલિફ્ટ કરતાં આ વધારે અસરકારક છે. કોસ્મેટિક સર્જરી દ્વારા કરવામાં આવતા ફેસલિફ્ટમાં કીમોએબરેજન અને ડર્મઅંબરેજન પદ્ધતિથી કેમિકલ્સ લગાડી કરચલીવાળી ત્વચાને મસાજ કરવામાં આવે છે. જ્યારે આ પદ્ધતિ દ્વારા એક જ વારમાં (૧૦ દિવસની સારવાર દરમિયાન) ત્વચા પહેલાં જેવી મુલાયમ અને યુવાન બની જાય છે અને તે પણ વર્ષો સુધી એવી ને એવી જળવાઈ રહે છે. ફેસલિફ્ટ અંગે કેટલીક વાતો જાણીએ.





## મોલ્ડિંગ માસ્કથી સારવાર અપાય છે

આ દરમિયાન ચહેરા પર ત્રણ અલગ અલગ પ્રકારના માસ્ક લગાવવામાં આવે છે. માસ્કથી ડાઘ અને કરચલીઓ વગેરે મટી જાય છે. આનાથી ચામડી તો ખેંચાયેલી બને છે જ સાથે સાથે ત્વચા મુલાયમ અને કાંતિવાન બને છે. બીજા દસ વર્ષ સુધી ઓજસ્વી ચહેરો એવો ને એવો જળવાઈ રહે છે.મોલ્ડિંગ માસ્ક એક બહુ અસરકારક ફેસલિફ્ટ છે. તેની મદદથી ઝાંખી અને લટકી પડી ગયેલી ત્વચાથી સારા એવા અરસા સુધી છૂટકારો મળી જાય છે. નોંધપાત્ર બાબત એ છે કે આ પદ્ધતિમાં કોઈ પણ જાતનું ઓપરેશન કરવામાં આવતું નથી. જ્યારે કોસ્મેટિક સર્જરી દ્વારા ફેસલિફ્ટ ઓપરેશન કરવામાં આવે તો લચી પડેલી અને કરચચલીવાળી ત્વચાને કાપીને કાઢી નાખવામાં આવે છે. આમ કરવાથી ફરીથી ચામડી લચી પડશે નહીં અને કરચલીઓ પણ નહીં પડે. મોલ્ડિંગ માસ્કની જેમ આમાં બધી કરચલી તો જીતી રહેતી નથી, પણ થોડો સુધારો આવે છે. આ પદ્ધતિમાં ત્વચાનું ઉપલું પડ કાઢી નાખવામાં આવે છે. જેથી નીચેના પડમાં કરચલી ઓછી હોય છે એ ઉપર આવે છે.

મોલ્ડિંગ માસ્કમાં સૌપ્રથમ થોડા સમય માટે ચહેરા પર રાસાયણિક પીલ માસ્ક લગાવવામાં આવે છે. તેનાથી ચહેરાની ચામડી ખેંચાયેલી રહે છે. ત્યારબાદ સ્લિક સ્ટ્રિપ્સનું માસ્ક લગાવવામાં આવે છે. પ્લાસ્ટિકના આવરણ જેવું આ માસ્ક ૪૮ કલાક સુધી ચહેરા પર લગાડેલું રાખવામાં આવે છે. માસ્ક લગાવ્યું હોય તે દરમિયાન ગળું સુકાતું હોય એવું લાગે છે. આંખ, નસકોરાં અને હોઠ પર માસ્ક લગાવવામાં આવતો નથી. ચહેરા પર ખેંચીને પાટા બાંધવામાં આવતા હોવા છતાં તેમાં દુખાવો સહેજેય થતો નથી. હા, ચહેરા પર સોજો આવી જાય એ સ્વાભાવિક છે. આ દરમિયાન સ્ટ્રોથી પ્રવાહી જ લઈ શકાય છે. બીજું કશું ખાઈ શકાતું નથી.

'મોલ્ડિંગ માસ્ક' સર્જરી કરતાં બધી રીતે સારું છે. કારણ કે ઓપરેશન દરમિયાન ક્યાંક ખોટી જગ્યાએથી ત્વચા કાપવામાં આવે તો એના ડાઘ રહી જાય છે. જ્યારે આમાં કંઈ વાઢકાપ કરવામાં આવતું ન હોવાથી આ પ્રક્રિયા તદ્દન સલામત છે. ૪૮ કલાક પછી ચહેરા પર આયોડિન પાઉડર માસ્ક લગાવવામાં આવે છે. આ માસ્ક એક અઠવાડિયા સુધી રાખવાનો હોય છે, જેથી ચહેરો સહીસલામત રહે છે. છેવટે આ ઘટ્ટ આયોડિન પાઉડર માસ્કને કાઢી નાખવા માટે ચહેરા પર ક્રીમ માસ્ક લગાવવામાં આવે છે. માસ્ક ઉતાર્યા પછી વેસેલિન ઓઈલ લગાવવામાં આવે છે એની ઉપર એક પેસ્ટ ચોપડામાં આવે છે જે બાર કલાક સુધી રાખવાની હોય છે.

## પરિણામ

★ ચહેરા પર ખૂબ વધારે ચમક આવે છે. ★ ત્વચા ખેંચાયેલી હોય એવું લાગવું. ★ ચહેરા પર દરરોજ કંઈક નવો જ ફરક જોવા મળશે. ત્વચા વધુ ને વધુ સારી બને છે. ★ આ ઉપચાર પછી ચહેરો વધારે લાલ થઈ જાય છે, પરંતુ એકાદ મહિના પછી જાતે જ હતો એવો બની જાય છે. ★ થોડા સમય પછી લાલાશ ઓછી થવા લાગે છે ત્યારે ચહેરો ક્યારેક પીળાશ પડતો દેખાય છે, પરંતુ આમ થાય ત્યારે ગભરાઈ જવાની જરૂર નથી. વળી પાછી હતી એવી ત્વચા બની જશે. ★ ચહેરો વધારે પડતો લાલ અથવા પીળો દેખાય તો મેકઅપ કરી આકર્ષક બનાવી શકાય છે.

## સાવધાની

ફેસલિફ્ટ કરાવ્યા પછી પણ ચહેરાની સારસંભાળ અગાઉની જેમ જ લઈ શકાય છે. બસ, થોડી કાળજી રાખવાની જરૂર છે.

ચહેરાના સ્નાયુઓને વધારે હલનચલન કરાવવું નહીં. એક મહિના સુધી તો આ વાતનું બરાબર ધ્યાન આપવું.

આ રીતે ઓપરેશન વગર સહેલાઈથી ધીરજપૂર્વક સુંવાળી અને સુંદર ત્વચા તમે મેળવી શકો છો.




Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com

# ઉત્તર ગુજરાતમાં તીડનું આક્રમણ : કરોડોની ખેતી તબાહ

- **લોકસ્ટ કંટ્રોલની ટીમ તથા રાજ્ય સરકાર અને સ્થાનિક ૨૫ ટ્રેકટર દ્વારા સ્પ્રેયરથી દવા છંટકાવ કરીને ૨૫ ટકા તીડનો નાશ કરાયો**

બનાસકાંઠા : બનાસકાંઠા, મહેસાણા, પાટણ, કચ્છ અને સાબરકાંઠા જિલ્લામાં પણ મંગળવારે તીડના ઝૂંડ ત્રાટકયા હતા. ગુરુવાર સુધીમાં ઉત્તર ગુજરાતના ૪૦૦૦ હેક્ટર પાકને નુકસાન થયું હતું. સાબરકાંઠા જિલ્લામાં ૨૫ વર્ષ બાદ ફરી તીડે આતંક મચાવ્યો છે. આજે પોશીના તાલુકાના ગણવા, દંગાલ, દલસર, દેલવાડા, છોછર સહિતના સાત ગામોમાં બે કિલોમીટર વિસ્તારમાં તીડના ઝૂંડ વહેલી સવારથી ત્રાટકયા હતા. જેના પગલે તંત્ર દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. અને ઢોલ, થાળી વગાડીને તીડને ભગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોશીના તાલુકામાં પણ ખેતીના પાકનો તીડે સફાયો કરતા ખેડૂતો મુંઝવણમાં મુકાયા છે. ખેડબ્રહ્મા તાલુકામાં વર્ષ ૧૯૯૭માં રાજસ્થાન તરફથી તીડના ઝૂંડે આક્રમણ કર્યું હતું. ૨૫ વર્ષ બાદ ફરી તીડ આવતા ખેડૂતોને વધુ એક આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે. પોશીના તાલુકાના દલસર, દેલવાડા, છોછર, નાણાકૂવા ગામોમાં આજે વહેલી સવારે કિલોમીટરની ત્રિજયામાં તીડ ત્રાટકયા હતા જેના પગલે સ્થાનિકોએ તંત્રને જાણ કરી હતી. જેના પગલે પ્રાંત અધિકારી કૌશિક મૈર, જિલ્લા ખેતીવાડી અધિકારી વિ. કે. પટેલ સ્થળ પર દોડી આવ્યા હતા અને તીડનો નાશ કરવા માટે દવાનો છંટકાવ પણ કરાયો હતો. તીડના ઝુંડને દૂર કરવા માટે ઢોલ, થાળી વગાડી હતી અને તાલુકામાં મોટાભાગે ઘઉં અને કપાસનું વાવેતર કરેલું છે. આગામી દિવસોમાં તીડનો નાશ નહીં થાય તો પાકનો સોથ વળી જાય તેવો ડર ખેડૂતોમાં વ્યાપ્યો છે.



## થરાદમાં તીડ ભગાડવા માટે ખેડૂતોએ ઢોલ-નગારા વગાડયા, ફટાકડા ફોડયા

તીડ થરાદ તાલુકાના ઉતર પૂર્વી વિસ્તારોમાં પ્રવેશ કર્યા બાદ તીડનુ ટોળુ નારોલી રડકા રાણેશરી આતરોલ તાખુવા ભરડાસર ખોડાવારા ખોડા વાઘાસણ, કરબુણ જેવા ગામોમાં ગતરાતના પ્રવેશ કરવામાં આવતા ખેડૂતો દ્વારા આખી રાત ખેતરોમાં ઢોલ–નગારા ફટાકડા થાળી વગાડી તીડને ભગાડવાની કોશીષ કરી રહ્યા હતા. અને જંતુનાશક દવાનો છંટકાવ કરીને તીડનો નાશ કરવામાં આવી રહ્યો હતો. જ્યારે બનાસકાંઠાના સાંસદ પરબત પટેલ તથા જિલ્લા અને તાલુકાના ખેતીવાડીના અધિકારીઓ સાથે તીડ પ્રભાવીત ગામોની મુલાકાત લઈ અલગ અલગ ટુકડી બનાવી તીડનો નાશ કરવા વહિવટી તંત્રને કામે લગાડયો હતો.

## તીડ આક્રમક : ૪૫ ટીમો દ્વારા દવા છંટકાવનું કાર્ય પૂરજોશમાં

બનાસકાંઠા : રાજ્યના બનાસકાંઠા જિલ્લાના થરાદ-વાવ-રાડકા સહિતના વિસ્તારોમાં થયેલા તીડના આક્રમણના કારણે ખેડૂતોના પાકને નુકશાન તથા સર્જાયેલી વિકટ સ્થિતીને પહોચી વળવા રાજ્ય સરકારે સઘન આયોજન હાથ ધર્યુ છે. કૃષિ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવએ આ આયોજન તથા તીડ નિયંત્રણ માટે યુદ્ધના ધોરણે હાથ ધરાયેલા પગલાંઓની વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી. રાજ્યના કૃષિ-સહકાર અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમારે આ સંદર્ભમાં જણાવ્યું કે, થરાદ તાલુકાના ૪ ગામોની આસપાસ મોટા પ્રમાણમાં જોવા મળેલા તીડનો ભારત સરકારના લોકસ્ટ કંટ્રોલની ૧૯ ટીમ તથા રાજ્ય સરકાર અને સ્થાનિક ૨૫ ટ્રેકટર દ્વારા માઉન્ટેડ સ્પ્રેયરથી દવા છંટકાવ કરીને ૨૫ ટકા તીડનો તો નાશ પણ કરી દેવામાં આવ્યો છે. કૃષિના અધિક મુખ્ય સચિવએ કહ્યું કે, આ તીડના આક્રમણને પ રિણામે અંદાજે ૩-૪ હજાર હેકટર વિસ્તારમાં પાક નુકશાનની સંભાવના જણાય છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આવા નુકશાન વાળા ખેડૂતોને સહાય આપવાના દિશા નિર્દેશો કૃષિ વિભાગને આપેલા છે. તદઅનુસાર રાજ્ય સરકાર સરવે કરીને એસડીઆરએફના ધારાધોરણ મુજબ નુકશાની સહાય આપશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

## ડીસામાં પાકને બચાવવા ખેડૂતે ખેતરમાં જોરશોરથી ગીતો વગાડવાનું શરૂ કર્યું

ગુજરાતમાં ખેડૂતોના આ નુસખાના કારણે ડીસાના શેરપુરા અને ઝેરડાનાં ખેતરોમાં ઉત્તરાયણ જેવો માહોલ સર્જાયો છે. ખેડૂતોએ થાળીઓ વગાડી, પીપૂડાં વગાડી તીડને ભગાડવા માટે જાતજાતનાં પ્રયોગો કર્યા છે. વૈજ્ઞાનિક દ્દષ્ટીએ તીડ ઉંચા અવાજમાં આવતા નથી અને ભાગી જાય છે. જ્યાં સાઉન્ડ ફ્રીકવન્સી વધારે હોય ત્યાં તીડ રહેતા પણ નથી, તેથી ખેડૂતોએ જુદા જુદા પ્રયોગો કર્યા છે. બનાસકાંઠાના ડીસા તાલુકાના શેરપુરા, ઝેરડા, કંસારી સહિતના ગામોમાં તીડના આક્રમણ સામે આ પ્રયોગો જોવા મળી રહ્યા છે. બનાસકાંઠાના વાવથી ૧૦ દિવસ પહેલા ઘૂસેલું કરોડો તીડનું ટોળું ધીમે–ધીમે પાટણ થઈને મહેસાણાના સતલાસણા સુધી પહોંચી ગયું છે. એટલે કે, તીડનું આક્રમણ ૧૫૦ કિમી સુધી આવી ગયું છે.

## તીડ અંગે મહિના પહેલાં જ રાષ્ટ્રસંઘે ચેતવણી આપેલી : ગુજરાત સરકારે ધ્યાને ન ધરી

ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓ રણ તીડના આક્રમણનો સામનો કરી રહ્યા છે. કરોડોની સંખ્યામાં ત્રાટકતા આ તીડનો ત્રાસ જગતના અનેક દેશોમાં છે. માટે સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્થા ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઑર્ગેનાઈઝેશન (એફએઓ–ફાઓ) દ્વારા તીડના હલચલન પર નજર રાખવામાં આવે છે. તીડ કઈ દિશામાં આગળ વધશે એ માટે સૂચના પણ આપવામાં આવે છે. ઓક્ટોબર અને નવેમ્બર માસ દરમિયાન જ આ તીડ ગુજરાતમાં ત્રાટકશે એવી સૂચના ફાઓએ બહાર પાડી હતી. ગુજરાત સરકારે એવી કોઈ ચેતવણી પર ધ્યાન આપ્યું નહીં. માટે આજે લાખો ખેડૂતો હેરાન થઈ રહ્યા છે. આ તીડના બચ્ચાંનો જન્મ થવાની શરૂઆત થઈ અને તેમની મૂવમેન્ટ શરૂ થઈ ત્યારે જ ફાઓએ લખ્યું હતું કે આ તીડની સફર પૂર્વ તરફ ચાલુ રહેશે. સંભવતઃ તીડ નવેમ્બર–ડિસેમ્બર દરમિયાન પાકિસ્તાન ભારતની સરહદ તરફ આગળ વધશે એવી સૂચના અપાઈ હતી.

# બિનસચિવાલય પરીક્ષા પેપર લીક કૌભાંડ અમદાવાદના કોંગી કોર્પોરેટરનું કનેક્શન

૧૭ નવેમ્બરે બિન સચિવાલય ક્લાર્કની ભરતીમાં બેફામ ચોરીઓ, પેપર લીકનો ધરાર ઈન્કાર કરનાર ભાજપ સરકારને છેવટે આખી પરીક્ષા જ રદ કરવી પડી છે. લાખો ઉમેદવારોમાં પેપર લીક કરનારા સુત્રોધારોને બચાવવા ટાઈમ પાસ કરી રહ્યાની ચર્ચા ઉઠી છે. પેપર લીક કાંડમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજકિય નેતાની સંડોવણી સામે મિડીયા સમક્ષ ઈન્કાર કર્યો હતો. હવે ગાંધીનગર બિનસચિવાલય વર્ગ-૩ની પરીક્ષાના પેપર લીક મામલે ગુજરાત પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે. પેપર લીક કરનાર ૬ લોકો આંતર રાજ્ય ગેંગના હોવાની શક્યતા છે. તપાસ ટીમમાં એસ.આઈ.ટી.ના ચેરમેન તરીકે અગ્ર સચિવ કમલ દયાણી અને સભ્યો તરીકે રેન્જ આઈ જી મયંકસિંહ ચાવડા, આઈબીના વડા મનોજ શશીધર અને પ્રોટોકોલ વિભાગના સચિવ જ્વલંત ત્રિવેદીનો સમાવેશ કરાયો હતો.

પેપર લીક કરનાર ૬ લોકો આંતર રાજ્ય ગેંગ છે. જેમાં પ્રવિણદાન ગઢવી,સ્કૂલના પ્રિન્સિપાલ વિજયસિંહ વાઘેલા, ફખરુદ્દીન, સ્કૂલના સંચાલક ફારુખભાઈ, દીપક જોષી અને લખવિંદર સિંહનો સમાવેશ થાય છે. આ આખું ષડયંત્ર દાણીલીમડાની એક સ્કૂલમાં ઘડાયું હતું. લખવિંદર સિંહ કોંગ્રેસનો કાર્યકર્તા છે. શાહઆલમ તોફાનનાં આરોપી કોંગ્રેસના કોર્પોરેટર શહેજાદ પઠાણના કાકાની સંડોવણી સામે આવી છે. ત્યાં જ કોંગ્રેસના કાર્યકર લખવિન્દર સિંહનું નામ પણ આ કૌભાંડમાં સામે આવી રહ્યું છે. બીજી તરફ પોલીસે બુધવારે છ આરોપીઓની ધરપકડ કરી હતી, તેમાં એક આરોપી કોંગ્રેસનો સભ્ય હોવાનો દાવો કર્યો હતો. પોલીસની આ જાહેરાતથી ઉશ્કેરાયેલી કોંગ્રેસે મહમ્મદ ફારૂક વહાબ કુરેશી નામનો આરોપી ભાજપનો સભ્ય હોવાનો અને ભાજપના નેતાઓ સાથે ઘરોબો રાખતો હોવાનો વળતો આક્ષેપ કરતા હવે રાજકીય દંગલ શરૂ થયું છે.

# ગાંધીધામમાં મોડી રાત્રે વેપારીના ઘર ઉપર ચાર રાઉન્ડ ગોળીબાર

ભુજઃ કંડલા ખાતેના સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં વપરાયેલા કપડાંની આયાત-નિકાસ સાથે સંકળાયેલા વેપારીના ગાંધીધામમાં આવેલા ઘર પર બુધવારની મોડી રાત્રે રાઉન્ડ ફાયરિંગ થતાં વેપારી આલમમાં ચકચાર મચી ગઈ છે.

યુઝ્ડ ક્લોથનો વેપાર કરતાં જૂનૈદ યાકુબ નાથાણી (મેમણ) શક્તિનગરમાં ડુપ્લેક્સ મકાન ધરાવે છે. નીચે ઑફિસનું કામકાજ કરે છે અને ઉપરના માળે પરિવાર સાથે રહે છે.

ગત રાત્રે કાસેઝથી સ્ટાફ સાથે ઘરે પરત આવી સવા નવ વાગ્યે તે ઘરમાં છાપું વાંચતા હતા ત્યારે અચાનક મોટરસાઈકલ પર આવેલા બે યુવકો પૈકી એક યુવકે નીચેના માળના રૂમની બારીમાંથી અંદર ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જોકે, એક રાઉન્ડ મીસફાયર થયો હતો.

બુલેટ બારીનો કાચ તોડી રૂમનીદીવાલ સાથે અથડાઈ હતી. સદભાગ્યે કોઈને ઈજા થઈ નહોતી. બનાવ અંગે પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. સ્થળ પરથી પોલીસને બે ફૂટેલી કારતૂસ અને એક જીવતી કારતૂસ મળી આવી હતી. ગોળીબાર કરનાર આરોપીઓ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયાં છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## દારૂબંધી પર બોલ્યા ભાજપના સાંસદ, દુનિયાને ખબર છે હવે હું ના પાડુ તો કેવું લાગે?

અમદાવાદ : ગુજરાતમાં દારૂબંધીની વાસ્તવિકતાથી કોઈ અજાણ નથી. મુખ્યમંત્રી વિજય રૂપાણી ભલે કહેતા હોય કે ગુજરાતમાં દારૂ નથી મળતો પરંતુ ભરૂચના સાંસદે રાજ્યમાં દારૂ વેચાતો હોવાનો ખુલાસો કરતા ચકચાર મચી છે. મનસુખ વસાવાએ જણાવ્યું હતુ કે, ગુજરાતમાં દારૂ પિવાય છે. ભરૂચના ભાજપ સાંસદ મનસુખ વસાવાનો રાજપીપળા ટાઉનહોલ ખાતે પ્લાસ્ટિક મુક્ત ભારતના કાર્યક્રમમાં તેમને પૂછવામાં આવ્યું હતુ કે ગુજરાતમાં દારૂ મળે છે? જેના જવાબમાં વસાવાએ જણાવ્યું હતુ કે, આખી દુનિયાને ખબર છે હવે હું ના પાડુ તો કેવું લાગે? આ સિવાય તેમણે ઈંગ્લીશ દારૂ કેમિકલવાળો હોય છે અને શરીર માટે હાનીકારક છે તો વળી ગાંજાનો ઉલ્લેખ પણ કર્યો હતો.

## અતિવૃષ્ટિને લીધે ૯ જિલ્લાના ૮.૭૬ લાખ ખેડૂતોને ૮૨૨ કરોડની સહાય

ગાંધીનગર : અતિવૃષ્ટિને કારણે પાક ગુમાવનારા ગુજરાતના ખેડૂતોને માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કરેલા રૂા.૩૭૯૫ કરોડના પેકેજમાંથી આજે પહેલા જ દિવસે ગુજરાતના નવ જિલ્લામાં રૂા. ૮૨૨ કરોડની સહાયની ચૂકવણી કરવાનું ચાલુ કરી દેવામાં આવ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે વડોદરાથી સહાય વિતરણનો રાજ્યવ્યાપી આરંભ કરાવ્યો હતો. આ જિલ્લાઓમાં અમદાવાદ, ખેડા, ગાંધીનગર અને સુરેન્દ્ર નગરનો સમાવેશ થાય છે. આ ચાર જિલ્લાના ૮.૭૬ લાખથી વધુ ખેડૂતોને મળીને રૂા. ૬૨૯ કરોડની આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવશે. તદુપરાંત મહેસાણા, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી અને સાબરકાંઠા મળીને પાંચ જિલ્લાના ૧૧.૩૭ લાખ ખેડૂતોને રૂા. ૧૯૭ કરોડની આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવશે. આમ આજે કુલ રૂા. ૮૨૨ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. ગુજરાતના કુલ ૫૬.૩૬ લાખ ખેડૂતોને રૂા.૩૭૯૫ કરોડની સહાય આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યુ ંહતું કે સરકાર ખેડૂતોને પૂરતા પ્રમાણમાં વીજળી અને સિંચાઈનું પાણી અપાવવા અને પોષણક્ષમ ભાવ અપાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

## અમદાવાદ-મુંબઈ વચ્ચેની પ્રથમ ખાનગી ટ્રેન 'તેજસ' તા. ૧૭ જાન્યુઆરીથી દોડશે

અમદાવાદ : અમદાવાદ-મુંબઈ વચ્ચેની પ્રથમ ખાનગી ટ્રેન તેજસ આગામી તા.૧૭ જાન્યુઆરીથી અમદાવાદથી દોડાવાશે. નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં ટ્રેન દોડતી કરવાની યોજના વિવિધ કારણોસર પાર ન પડતા આ ટ્રેન ગત ઓક્ટોબર માસના છેલ્લા અઠવાડિયાથી અમદાવાદ રેલવે સ્ટેશનના યાર્ડમાં પડી પડી ધૂળ ખાતી હતી. તેજસ ટ્રેન સંપૂર્ણરીત કોર્પોરેટ લુક અને સુવિધાથી સજ્જ હશે. આ ટ્રેનમાં એર હોસ્ટેસની જેમ તાલિમબદ્ધ રેલ હોસ્ટેસ હશે. આઈઆરસીટીસી દ્વારા સંચાલિત આ તેજસ ટ્રેન ૬થી ૬:૩૦ કલાકમાં અમદાવાદ-મુંબઈ વચ્ચેનું અંતર કાપશે. ટ્રેન અમદાવાદ, નડિયાદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, બોરીવલી અને મુંબઈ સેન્ટ્રલ સહિતના કુલ આઠ સ્ટેશનો પર રોકાશે.

# દેશની સંપત્તિને નુકસાન ન કરો, તમને કામ આવશે: મોદી

- **મોદીએ લખનઉમાં વાજપેયી મેડિકલ યુનિ.નું ઉદઘાટન કર્યું, હિમાચલમાં સૌથી લાંબી ટનલને 'અટલ' નામ અપાયું**

નવી દિલ્હી : દેશભરમાં સીએએ અને એનઆરસીનો વિરોધ ચાલી રહ્યો છે, જોકે છેલ્લા કેટલાક દિવસમાં વિરોધ વધુ હિંસક બની ગયો હતો અને પોલીસ અને વિરોધીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું, આ સ્થિતિ વચ્ચે બસો સળગાવવા અને પ્રોપર્ટીને નુકસાનની ઘટનાઓ સામે આવી હતી. આ ઘટનાને વખોડતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે જે પણ લોકોએ તોડફોડ કરીને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડયું છે તેઓએ પોતાની જાતને એ પૂછવું જોઈએ કે જે થયું તે ખરેખર યોગ્ય છે? દેશની સંપતિને નુકસાન ન કરો. આવતીકાલે તે તમારા બાળકોને જ કામ આવશે. પોલીસકર્મીઓ આ દરમિયાન ઘવાયા તેમની સાથે શું થયું? મોદીએ કહ્યું હતું કે હું એ લોકોને કહેવા માગુ છુ કે ફરજ અને અધિકારો દરેકના હાથમાં છે. મોદીએ ઉત્તર પ્રદેશમાં લખનઉમાં અટલ બિહારી વાજપેયી મેડિકલ યુનિ.ની સ્થાપના કરી તેનું ઉદઘાટન કર્યું હતું. આર્ટિકલ ૩૭૦નો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે તે એક જુનો ઘાવ હતો જે ધીરે ધીરે રુજાઇ ગયો છે. આ ઉપરાંત રામ મંદિર મુદ્દાનું પણ શાંતિ પુર્વક નિરાકરણ આવી ગયું છે. અટલ બિહારી વાજપેયીના જન્મ દિન નિમિત્તે ઉત્તર પ્રદેશમાં એક યુનિ.ને અટલ બિહારી વાજપેયી નામ આપવામાં આવ્યું છે.

## અમેરિકામાં CAA-NRCના સમર્થનમાં રેલીઓ




અમેરિકામાં રહેતા મૂળ ભારતીયોએ મંગળવારે રસ્તા પર ઊતરીને નાગરિક્તા સુધારા કાયદા અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન ટેકામાં રેલી યોજી હતી.

## ૧૩ હજાર કરોડના ખર્ચે વસ્તી ગણતરી કરાશે

સરકારે વસ્તી ગણતરી, ૨૦૨૧ માટે ૮૭૫૪ કરોડ રૂપિયા અને એનપીઆરને અપડેટ કરવા માટે ૩૯૪૧ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે. આગામી વર્ષે એપ્રિલથી વસ્તી ગણતરી, ૨૦૨૧ના પ્રથમ તબક્કાની સાથે જ એનપીઆર અપડેટની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. એનપીઆર અપડેટની પ્રક્રિયા સપ્ટેમ્બર સુધી પૂર્ણ કરી લેવામાં આવશે. એનપીઆરની શરૂઆત ૨૦૧૦માં યુપીએના શાસનમાં કરવામાં આવી હતી. વસ્તી ગણતરી, ૨૦૨૧ બે તબક્કામાં પૂર્ણ કરાશે. પ્રથમ તબક્કામાં એપ્રિલથી સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધીમાં ઘરોની ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરાશે. બીજા તબક્કા હેઠળ ૯ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી વસ્તી ગણતરી કરાશે. નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરને અપડેટ કરવા માટે કેન્દ્રીય મંત્રીમંડળે ૩૯૪૧.૩૫ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે. એનપીઆરને અપડેટ કરવાની કામગીરી આગામી વર્ષે એપ્રિલથી શરૂ કરવામાં આવશે. એનપીઆર દેશમાં વસવાટ કરતા લોકોની યાદી છે.

## ભારત મોદીનું છે ગાંધીનું નહીં, વિરોધીનો સફાયો કરી નાખીશું: લીલારામ ગુજ્જર

હરિયાણામાં ભાજપના ધારાસભ્ય લીલા રામ ગુજ્જરે કહ્યું હતું કે જે લોકો નાગરિકતા કાયદો અને એનઆરસીનો વિરોધ કરી રહ્યા છે તેઓનો એક કલાકમાં સફાયો કરી નાખવામાં આવશે કેમ કે આ ગાંધીજીનું નહીં પણ નરેન્દ્ર મોદીનું ભારત છે. જોકે ધારાસભ્યએ અતી ભડકાઉ શબ્દોમાં આ ધમકી આપી હતી જેની ભારે ટીકા થઇ રહી છે. લીલારામ ગુજ્જરે કહ્યું હતું કે આજે આ ગાંધીજી કે જવાહરલાલ નેહરુ વાળુ હિંદુસ્તાન નથી, આ તો નરેન્દ્ર મોદી અને અમિત શાહ વાળુ હિંદુસ્તાન છે. જો છુટ મળી ગઇ તો વિરોધ કરી રહ્યા છે તેમનો એક જ કલાકમાં સફાયો કરી નાખવામાં આવશે.

## અમીત શાહ દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે: NPRએ NRCનું પહેલું પગથિયું: ઓવૈસી

એમઆઇએમના સાંસદ અસદદુદ્દીન ઓવૈસીએ કહ્યું હતું કે દેશમાં નાગરિક નોંધણીને લાગુ કરવાનો અર્થ એ થયો કે તેઓ એનઆરસી તરફ આગળ વધી રહ્યા છે. તેઓ નાગરિક અધિનીયમ ૧૯૫૫ હેઠળ એનપીઆર કરવા જઇ રહ્યા છે તો શું એ એનઆરસી સાથે જોડાયેલું નથી? કેન્દ્રના ગૃહ મંત્રી શાહ દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમણે સંસદમાં મારૂં નામ લીધું હતું અને કહ્યું હતું કે ઓવૈસીજી આખા દેશમાં એનઆરસી લાગુ કરશે. અમીત શાહ, જ્યાં સુધી સૂર્ય પૂર્વમાંથી નીકળતો રહેશે ત્યાં સુધી અમે બોલતા રહીશું. અમે સાચું બોલીએ છીએ. એનઆરસી માટે પ્રથમ પગલું છે એનપીઆર.

## ભાજપ શાસિત કર્ણાટકના બેંગ્લોર પાસે રાજ્યનું પહેલું ડિટેન્શન સેન્ટર બનીને તૈયાર

મોદીએ પ્રસ્તાવિત એનઆરસીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ભારતમાં કોઇ ડિટેન્શન સેન્ટર નથી. બીજી બાજુ ભાજપ શાસિત કર્ણાટકે બેંગ્લોરથી ૪૦ કિલોમીટર દૂર નીલામંગલા ખાતે રાજયના પહેલા ડિટેન્શન સેન્ટરનો પ્રારંભ પણ કરી દીધો છે. સમાજ કલ્યાણ વિભાગના કમિશનર આર એસ પેદ્દાપ્પૈયાહે જણાવ્યું હતું કે, અમે ડિટેન્શન સેન્ટર ખુલ્લું મૂકી દીધું છે. પેદ્દાપ્પૈયાહે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના આદેશને પગલે ડિટેન્શન સેન્ટર ઝડપથી તૈયાર કરી દેવાયું છે. સમાજ કલ્યાણ વિભાગની એક હોસ્ટેલને ડિટેન્શન સેન્ટરમાં તબદીલ કરાયું છે.

## દેશમાં વિરોધ છતાં આસામમાં બની રહ્યું છે દેશનું સૌથી મોટું ડિટેન્શન સેન્ટર

આસામના ગોવાલપારા જિલ્લામાં દેશનું સૌથી મોટું ડિટેન્શન સેન્ટર તૈયાર થઇ રહ્યું છે. તેમાં બાકાત રહી ગયેલા વિદેશીઓને આ ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવશે. અહીં ઘણા શ્રમિકો કામ કરી રહ્યા છે. સરકાર અહીં ૪-૪ માળની ૧૫ ઇમારત બનાવી રહી છે. આ ડિટેન્શન સેન્ટરનું ૬૫ ટકા બાંધકામ પૂરું થઇ ચૂક્યું છે. આ સેન્ટરમાં ૩૦૦૦ વિદેશી ઘૂસણખોરોને રાખવાની ક્ષમતા હશે. ગોવાલપારા ડિટેન્શન સેન્ટરનું કામ ૨૦૧૮થી શરૂ કરી દેવાયું હતું. તેમાં ૧૩ ઇમારત પુરુષો અને બે ઇમારત મહિલાઓ માટે રહેશે.

# યમુના એક્સ્પ્રેસ વેના રૂપિયા ૧૨૬ કરોડનાં જમીન કૌભાંડની સીબીઆઇ તપાસ કરાશે

નવી દિલ્હી : યમુના એક્સ્પ્રેસ વેના રૂ. ૧૨૬ કરોડનાં જમીન કૌભાંડની સીબીઆઇ દ્વારા તપાસ કરવામાં આવશે. સીબીઆઇના અધિકારીઓએ આ કેસમાં પૂર્વ સીઈઓ પી.સી.ગુપ્તા સહિત ૨૧ લોકો પર કેસ કર્યો છે. યુપીની યોગી આદિત્યનાથ સરકારની ભલામણને આધારે સીબીઆઈને તપાસ સોંપવામાં આવી છે. તત્કાલીન અખિલેશ યાદવ સરકારે યમુના એક્સ્પ્રેસ વે માટે મથુરામાં ૭ ગામની જમીન ૧૯ કંપનીઓ મારફતે ૮૫ કરોડમાં ખરીદી હતી. જે પછીથી ઊંચી કિમતે વેચવામાં આવતા સરકારને જંગી નુકસાન થયું હતું.

## સીઈઓ અને અધિકારીઓની સાઠગાંઠ

યુપી સરકાર દ્વારા જુલાઈ ૨૦૧૮માં આ કૌભાંડની સીબીઆઇ તપાસ કરાવવા ભલામણ કરાઈ હતી. આ કૌભાંડમાં એવો આરોપ છે કે યમુના એક્સ્પ્રેસઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટીના સીઈઓ પી સી ગુપ્તાએ અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે સાઠગાંઠ કરીને મથુરાનાં ૭ ગામમાં ૧૯ કંપનીઓની મદદથી રૂ. ૮૫.૪૯ કરોડની જમીન ખરીદીને ઓથોરિટીને તે ઊંચા ભાવમાં વેચી હતી જેમાં સરકારને રૂ. ૧૨૬ કરોડનું નુકસાન થયું હતું.

## પોલીસે અજિત નામની વ્યક્તિની ધરપકડ કરી

પોલીસે આ જમીન ખરીદી કૌભાંડમાં થોડા દિવસ પહેલા બુલંદ શહરમાંથી અજિત નામની એક વ્યક્તિની ધરપકડ કરી હતી. અજિત ઓથોરિટીના તત્કાલીન 'જીક્ટ્ટ ના સગા હતા. આ કેસમાં ઓથોરિટીના સીઈઓ પી સી ગુપ્તા હાલ જેલમાં છે. ૧૫ ડિસેમ્બરે પોલીસે તત્કાલીન સતીશકુમારની પણ ધરપકડ કરી હતી. કેસની તપાસ ધીમી ગતિએ ચાલતી હોવા મામલે સત્તાવાળાઓએ હવે કડક વલણ અપનાવ્યું છે.

# સીએએ : ઉત્તરપ્રદેશમાં ૧૩૦ તોફાની તત્વોને નોટિસ અપાઈ

- **સંભલ, બિજનૌર, ગોરખપુરમાં હિંસા ભડકાવનાર તત્વોને નોટિસ અપાઈ : યુપીમાં યોગી સરકાર આક્રમક મૂડમાં**

લખનૌ : નાગરિકતા કાનૂનના વિરોધની આડમાં ઉત્તરપ્રદેશમાં હિંસા ભડકાવનાર આરોપીઓ પાસેથી સંપત્તિના નુકસાનની વસુલાતની પ્રક્રિયા શરૂ કરવામાં આવી ચુકી છે. સમગ્ર ઉત્તરપ્રદેશમાં ૧૩૦ લોકોને નોટિસ આપવામાં આવી છે. આ લોકો પાસેથી નુકસાનરુપે લગભગ ૫૦ લાખ રૂપિયાની વસુલાત કરવામાં આવનાર છે. નોટિસમાં જણાવાયું છે કે, આ પ્રમાણે ન કરવાથી વહીવટીતંત્ર તરફથી તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવી શકે છે. રામપુરમાં સરકારે ૨૮ લોકોને નોટિસ મોકલી છે. આવી જ રીતે સંભલમાં ૨૬, બિજનૌરમાં ૪૩ અને ગોરખપુરમાં ૩૩ લોકોને નોટિસ મોકલવામાં આવી છે. હિંસા દરમિયાન રામપુરમાં લગભગ ૧૪.૮ લાખ રૂપિયાનું સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું જ્યારે સંભલમાં ૧૫ લાખ અને બિજનૌરમાં ૧૯.૭ લાખનું નુકસાન થુયં હતું. જો કે, ગોરખપુરમાં અધિકારીઓ હજુ નુકસાન અંગે સર્વે કરી રહ્યા છે. રામપુરના ડજીએમ આંજનેયકુમાર સિંહ કહે છે કે, માત્ર એવા લોકોને જ નોટિસ આપવામાં આવી છે.

# ફાસ્ટેગના કારણે રૂપિયા ૪૬ કરોડનો ટેક્સ ઉઘરાવાયો, ૧.૧૦ કરોડ ફાસ્ટેગ અપાયા

નવી દિલ્હી : આખા દેશમાં ફાસ્ટેગ ફરજીયાત બનાવ્યા પછી ટોલનાકા પર વાહનોની ભીડ ઓછી થઈ છે અને મુસાફરોને પણ લાઈનમાં ઊભા રહેવું પડતું નથી. પંદર ડિસેમ્બરથી શરૂ કરાયેલી ફાસ્ટેગ પધ્ધતીના કારણે અત્યાર સુધી ૫૨૩ ટોલબુથ પર ફાસ્ટેગ ફરજીયાત બન્યું હતું. જો કે લોકોને હેરાનગતિ ના થાય તે માટે પંદર જાન્યુઆરી સુધી ૨૫ ટકા હાઈબ્રિડ ટોલબુથ પર રોકડ રકમ સ્વીકારવાની પણ સુચના અપાઇ હતી, એમ વાહન વ્યવહાર મંત્રાલયના એક અધિકારીએ કહ્યું હતું. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કહ્યું હતું કે વિવિધ વેચાણ કેન્દ્રો પરથી ૧.૧૦ કરોડ ફાસ્ટેગ વેચાયા હતા. અત્યાર સુધી ઓથોરિટી દ્વારા લગભગ દોઢથી બે લાખ ફાસ્ટેગ અપાઇ ગયા છે અને ફાસ્ટેગ દ્વારા દરરોજની રૂપિયા ૪૬ કરોડની ઓવક શરૂ થઈ હતી.

# સગીર રેપ પીડિતાએ SSP ઓફિસ બહાર માતા-પિતા સાથે ઝેર પીધું

લખનઉ : મહિલાઓની સુરક્ષા માટે દોઝખ બની ગયેલા યુપીમાં સગીર યુવતી પર રેપ અને અત્યાચારની વધુ એક ઘટના બહાર આવી છે. વારાણસીમાં સગીર રેપ પીડિતાએ ન્યાય નહીં મળતા જીજીઁ ઓફિસ બહાર માતા-પિતાની સાથે રહીને ઝેર ખાવાનો વારો આવ્યો છે. ત્રણેયને સારવાર માટે દિનદયાળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં ત્રણેયની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. સગીરાએ દુષ્કર્મ કરનાર હવસખોર સામે પોલીસ ફરિયાદ કર્યા પછી પોલીસ દ્વારા કેસમાં કાનૂની કાર્યવાહી કરવા ઠાગાઠૈયા કરવામાં આવતા આખરે કંટાળીને તેણે આ પગલું ભરવું પડયું છે. પીડિતાએ ફરિયાદ કરી હતી કે તેને અપહરણ કરીને મુંબઈ લઈ જવામાં આવી હતી જ્યાં તેની પર રેપ કરાયો હતો. સેક્સ રેકેટનો પર્દાફાશ થયા પછી પોલીસે પકડવામાં આવેલા બે આરોપીઓ સામે કોઈ પગલાં લીધાં નથી. સગીરાનાં પિતાએ પત્ર લખીને સીઓ અને એસઓ સામે ગંભીર આક્ષેપો કર્યા છે જેમાં તેમને આરોપીઓ સામેનું નિવેદન બદલવા ધમકીઓ અપાઈ રહી છે. પીડિતા થોડા દિવસ પહેલાં ઘરમાંથી ગાયબ થઈ ગઈ હતી. આ પછી તેનાં અપહરણની ફરિયાદ કરાઈ હતી. પીડિતા ગમે તેમ છટકીને થોડા દિવસ પછી પાછી ફરી હતી અને પોલીસ ફરિયાદ કરી હતી.

# છત્તીસગઢ નગર નિગમની ચૂંટણીમાં ૧૦માંથી ૭ બેઠકો પર કોંગ્રેસે વિજય મેળવ્યો

રાયપુર : છત્તીસગઢ નગર નિગમની ચૂંટણીમાં પણ ભાજપ પરાજય તરફ ધસી રહ્યો હતો. દસમાંથી સાત બેઠકો કોંગ્રેસે જીતી લીધી હતી અને એક બેઠક પર કોંગ્રેસનો ઉમેદવાર લીડમાં હતો. ભાજપે માત્ર બે બેઠકો જીતી હતી. એમ લાગે છે કે ભાજપની ગ્રહદશા આજકાલ સારી નથી. હજુ બે દિવસ પહેલાં ભાજપે ઝારખંડ વિધાનસભાની ચૂંટણીમાં કારમો પરાજય મેળવ્યો હતો. છત્તીસગઢની નગર પંચાયતોમાં પણ કોંગ્રેસનો દબદબો જળવાઈ રહેલો દેખાતો હતો. ૧૦૩માંથી ૪૮ નગર પંચાયતો પર કોંગ્રેસે કબજો મેળવી લીધો હતો. ભાજપે ૪૦ નગર પંચાયતો જીતી હતી. એનો અર્થ એ પણ થાય છે કે શહેરી વિસ્તારોમાં ભાજપ કરતાં મતદારોને કોંગ્રેસ પર વધુ વિશ્વાસ હતો. અહીં આ વખતે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન વાપરવામાં આવ્યાં નથી.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

તા.૨૭-૧૨-૨૦૧૯ થી તા. ૦૨-૦૧-૨૦૨૦

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

એકંદરે આ સપ્તાહમાં અનેક કાર્યો સરળતાથી પાર પાડી શકશો. ઉત્સાહજનક કામગીરી કરી આંનદમાં વધારો કરી શકશો. અનેક વઉકેલ્મયા પ્રશ્નોનો ઉકેલ સરળતાથી લાવી શકશો. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. આવકની સ્થિતિ એકંદરે સારી રહેશે. મનોબળ મજબૂત બનશે. રોકાયેલા કાર્યોમાં અંશત: સફળતા મળે. મનની મુરાદ બર આવતી ણાય. ધાર્મિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધી શકશો. જીવનજરુરીયાત ચીજ વસ્તુઓની ખરીદીના કારણે ખર્ચનું પ્રમાણ વધુ રહેશે.



### વૃષભ (બ,વ,ઉ)

સપ્તાહ એકંદરે સાનુડ્કૂળ અને ઇચ્છિત ફળ આપનારુ બની રહેશે. જાહેર જીવનમાં માન-સનમાન મેળવશો. મહત્વની કામગીરી સરળતાથી પાર પાડી શકશો. આવક કરતાં જાવકનું પ્રમાણ વધુ રહેવાથી નાણાંકીય કટોકટી અનુભવવી પડે. ચતુરાઇપૂર્વક કાર્યોનો વિકાસ કરી શકશો. શત્રુઓ પર વિજય મેળવી શકશો. ધંધાના વિકાસ અર્થે ટૂંકી મુસાફરી લાભદાયી બની રહેશે. આકસ્મિક રીતે લાભની તકો હાથમાંથી સરી ન જાય તેની કાળજી રાખવી.



### મિથુન (ક,છ,ઘ)

સપ્તાહ દરમ્યાન મહત્વના કાર્યોમાં ધારેલી સફળતા નહીં મળવાથી મન અશાંત થઇ શકે. અગત્યના આયોજનો આ સપ્તાહમાં મુલત્વી રાખવા હિતાવહ રહેશે. ધંધાકીય કામકાજ પાર પાડવામાં અવરોધરૂપ સમસ્યા સર્જાય. આયોજન વગર કરેલા કાર્યોલઅધૂરા રહી શકે. જમીન-મકાનને લગતા કામકાજ અધવચ્ચેથી માંડવાળ કરવા પડે. સગાઓ સાથે બગડેલા સંબંધોમાં કડવાશ આવે. જીવનમાં ત્રીજી વ્યકિતના કારણે ઉતાર-ચડાવની સ્થિતિ રહી શકે. કાયક્ષેત્રે ઉતાવળીયા નિર્ણયો લેવાથી કામ પણ બગડી શકે તેથી વિચારીને કાર્યો કરવા.



### કર્ક (ડ,હ)

આ સપ્તાહમાં ધંધાકીય નવા આયોજનો સરળતાથી પાર પાડી શકશો. માનસિક ચિંતાના કારણોનો ઉકેલ આવે. પરિવારના સભ્યોની લાગણીને જીતી શકશો. દક્ષિણ દિશામાંથી લાભકારક સમાચાર મળે. દામ્પત્યજીવનમાં સ્નેહનું આધિપત્ય જળવાઇ રહેશે. બૌદ્ધિક ક્ષેત્રે ધારેલી સફળતા મેળવી શકશો. ઘરમાં આધુનિકરણ કરી શકશો. સંતાન સાથે બગડેલા સંબંધો મધુર બને. મુશ્કેલીમાંથછ સરળતાથી બહાર આવી શકશો. વિકાસલક્ષી આયોજનો પ્રત્યે વધુ તત્પર બનવાનું ગમશે.



### સિંહ (મ,ટ)

સપ્તાહ એકંદરે ઉતાર-ચડાવવાળુ રહેશે. નવીન કાર્યરચના સાકાર થઇ શકશે. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. લોકોપયોગી કાર્યો તમારા હાથે ધરી શકશો. સ્નેહી મિત્રોની સંખ્-યામાં વધારો થાય. પરિવારના સભ્યો સાથે યાત્રા પ્રવાસની મઝા માણી શકશો. નોકરીયાત વર્ગને આ સપ્તાહમાં કામકાજનો બોજા સરળ થતો જણાય. આકસ્મિક રીતે ખર્ચનું પ્રમાણ વધુ રહેશે. વડીલ વ્યકિતના સલાહ-સૂચનો લાભદાયી બની રહેશે. મૂડી રોકાણ બાબતે ચિંતીત રહેશો.



### કન્યા (પ,ઠ,ણ)

આપના આ સપ્તાહમાં પરિવારમાં શુભ માંગલિક પ્રસંગો ઉજવાશે. સ્વાર્થી મિત્રોથી સાચવીને ચાલવુ. ચિંતાકારક પરિબળો દૂર થતા જણાય. કુટુંબીજનોની અપેક્ષા સંતોષી શકશો. અગાઉના અધૂરા કામકાજ સરળતાથી પાર પડે. ધંધાકીય વિકાસ માટે વધુ દોડધામ કરવી પડે. આધ્યાત્મિક ધાર્મિક કાર્યોમાં આગળ વધી શકશો. બુદ્ધિમત્તાપૂર્વક લોકોને પ્રભાવિત કરી શકશો. માનસિક પ્રફુલ્લિતતા વધશે. સ્થાવર મિલ્કતના સોદા પાર પડે. કોર્ટ કચરીના કાર્યોમાં અંશત: સફળતા મેળવી શકશો.



### તુલા (ર,ત)

આ સપ્તાહમાં આરોહ-અવરોહની સ્થિતિ રહી શકે. કોઇની જવાબદારી સ્વીકારવી નહીં. નાણાંકીય બાબતમાં ખૂબ જ સ્પષ્ટ રહેવુ. મિત્રોની કુટિલબાજી પારખવામાં નિષ્ફળતા મળે. પરિવારમાં વિવાદમય સ્થિતિ રહી શકે. નોકરયાત વર્ગને ઉપરી અધિકારી વર્ગનો ઠપકો મળે. નવા આયોજનો આ સપ્તાહ દરમ્યાનમાં હાથ ધરવા નહીં. સુંદર ચીજ વસ્તુઓની ખરીદી કરવામાં અવરોધ આવે. દામ્પત્યજીવનમાં ત્રીજી વ્યકિતના કારણે ઉતાર-ચડાવની સ્થિતિ રહી શકે.



### વૃશ્ચિક (ન,ય)

આ સપ્તાહમાં આર્થિક સંપન્નતામાં વધારો થાય. ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય. ફસાયેલી ઉઘરાણી સરળતાથી પ્રાપ્ત કરી શકશો. આંનદ-ઉત્સાહમાં અવરોધ આવે. વ્યાપારી વર્ગ સાથે સાનુડ્કૂળ વાતાવરણ જળવાઇ રહેશે. સાહિત્ય અને લેખનના ક્ષેત્રે આગવી પ્રતિભા વિકસાવી શકશો. ટૂંકી મુસાફરી લાભદાયી બની રહેશે. કાર્ય્ક્ષેત્રે આધુનિકકરણ કરી શકશો. શુભ માંગલિક પ્રસંગોમાં હાજરી આપી શકશો. નિર્ણયશકિત મજબૂત બનશે. સ્વભાવે વધુ કાર્યદક્ષ અને મિલનસાર બનશો.



### ધન (ધ,ભ,ફ,ઢ)

સપ્તાહ દરમ્યાન પદ-પ્રતિષ્ઠામાં વધારો થાય. ઉચ્ચ કુટુંબની વ્યકિત સાથે સંબંધો બંધાય. નાણાંકીય પરિસ્થિતિ વધુ મજબૂત બનશે. પ્રતિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી શકશો. પરોપકાર વૃત્તિ વધતાં આનંદમાં વધારો થાય. પરિવારમાં હર્ષોલ્લાસનું વાતાવરણ છવાઇ જાય. નિર્ણય શકિત અને પ્રભાવશકિતમાં વધારો થાય. ધારેલી સફળતા મેળવવામાં વિલંબ થાય ત્યારે નિરાશ થવુ નહીં. જન્મસ્થાનથી દૂર, દૂરના સંબંધોથી પ્રગતિ બાબતે અનુડ્કૂળતા સર્જાય. મનોરંજનના પ્રસાધનોની ખરીદી કરી શકશો.



### મકર (ખ,જ)

સપ્તહ દરમ્યાન કામજકાની ગતિ વધારી શકશો. એક પછી એક કામ કરવામાં મન રચ્યુપચ્યુ રહેશે. દ્વિધાત્મક સ્થિતિમાંથી માર્ગ મેળવી શકશો. મનોબળ મજબૂત બનશે. નિર્ધારશકિત દ્દઢ બનશે. જીવનજરુરીયાત ચીજ વસ્તુઓની ખરીદી કરી શકશો. વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ લાવવામાં વડીલોનો સહકાર મળી રહેશે. સંતાનની પ્રગતિ માટે નવા આયોજનોનું અમલીકરી લાભદાયી બની રહેશે. હરિફોને નાકામ્યાબ બનાવી શકશો. કાયદાકીય ગૂંચ ઉકેલી શકશો.



### કુંભ (ગ,સ,શ,ષ)

સપ્તાહ દરમ્યાન ઉતાવળીયા નિર્ણયો હાનિકર્તા બની શકે . આરોગ્યની દૃષ્ટિએ ચિંતાનું પ્રમાણ ઘટશે. વાતવાતમાં ફરી જવામાં નિષ્ણાંત બનશો. સ્વાર્થી મિત્રો કાર્યક્ષેત્રે બનાવટ કરી શકે. જમીન-મકાનને લગતા કામકાજ મુંઝવણભર્યા રહેશે. ક્યારેક જ મળતી વકાસની તક હાથમાંથી સરી ન જાય તે બાબતે કાળજી રાખવી. ભૂતકાળમાં કરેલા રોકાણોનું ઇચ્છિત ફળ મેળવવામાં અવરોધ આવે. પરિવારમાં વિવાદમય સ્થિતિ રહી શકે.



### મીન (દ,ચ,ઝ,થ)

આપનું આ સપ્તાહ એકંદરે પ્રગતિવાળુ બની રહેશે. હિસાબ અને નાણાંકીય બાબતમાં સ્પષ્ટ રહેવુ. યાત્રા પ્રવાસની મન માણી શકશો. ચિંતાશીલ વાતાવરણમાંથી બહાર આવી શકશો. કુનેહપૂર્વક કામ કરી આગળ વધવાની આપની તમન્ના સાકાર થતી જણાય. નોકરીયાત વર્ગને પ્રમોશનની તક મળે. ઇચ્છાપૂર્તિમાં વધારો થાય. આધ્યાત્મિક ધાર્મિક કાર્યોમાં મન વધુ ચંચળ બનશે. ઘરમાં શુભ માંગલિક પ્રસંગો ઉજવાય. નવા વાહન, મકાનની ખરીદી કરી શકશો. સ્વાસ્થ્ય એકંદરે સારુ રહેશે.

# ઘરમાં માનસિક શાંતિ અને સુખ મેળવવા અપનાવો આ વાસ્તુટિપ્સ



ઘરમાં એવું અનેકવાર બને છે કે પરિવારના સભ્યો ક્યારેય શાંતિથી રહી શકતા નથી. ઘરમાં કોઈને કારણે કંકાશ કે ક્લેશ રહ્યાં કરે છે. તમારા ઘરમાં જરૂરથી નકારાત્મક ઉર્જાનો પ્રભાવ હોઈ શકે છે. બધું જ કરવા છતાં, ઘરમાં શાંતિ જળવાતી નથી. આવી સ્થિતિમાં ફેંગશુઈમાં જણાવવામાં આવેલા ક્રિસ્ટલનો ઉપયોગ લાભકારી થઈ શકે છે. ક્રિસ્ટલ દ્વારા ચમત્કારિક પરિણામ જોવા મળે છે.

ક્રિસ્ટલની બોટલ આર્થિક સ્થિતિ સારી ન રહેતી હોય. ધનનું આગમન ઓછુ અને ખર્ચ વધારે છે તો વાદળી ક્રિસ્ટલની બોટલમાં પાણી ભરી ઘરમાં દક્ષિણ-પૂર્વ ખૂણામાં મની પ્લાન્ટ લગાવો.

જો કોઈ યુવક કે યુવતીના લગ્નમાં મુશ્કેલી આવી રહી હોય. બધુ જ સારુ રહેવા છતાં લગ્નની વાત થતા થતા અટકી જતી હોય તો પીળા ક્રિસ્ટલના પાત્રમાં નિયમિત મીણબત્તીનો દિવો કરો.

ઘરની પૂર્વ દિશા, જ્યાંથી સવારનો તડકો ઘરમાં આવે છે તે જગ્યાએ ક્રિસ્ટલ બોલ રાખવો. જ્યારે સૂર્યના કિરણો તેના પર પડશે ત્યારે ક્રિસ્ટલ પરાવર્તિત થઈ આખા ઘરમાં પ્રકાશ ફેલાવશે. તેનાથી નકારાત્મક ઊર્જા દૂર થશે.

જો તમને વેપારમાં મહેનત અનુસાર પરિણામ ન મળતુ હોય તો વેપાર સ્થાને કે ઓફિસમાં જ્યાં તમે બેસો છો ત્યાં સફેદ ક્રિસ્ટલનો કાચબો સ્થાપિત કરો. હંમેશા તમને ઘરમાં કોઈની ઉપસ્થિતિ જણાતી હોય અને હંમેશા તમને એવું લાગતુ હોય કે તમારી આસપાસ કોઈ છે, જે તમને જોઈ રહ્યુ છે. આવું ત્યારે થાય છે જ્યારે ઘરમાં નકારાત્મક ઊર્જાનુ પ્રમાણ અતિશય વધારે હોય. આવા સમયે જો તમે ઘરમાં દરેક ખૂણામાં ક્રિસ્ટલ કે કાંચના નાના-નાના ટુકડા પર કપૂર રાખો.

ઘરની ઈશાન દિશામાં ક્રિસ્ટલ કે સફેદ કાંચથી બનેલા વાટકામાં પાણી ભરો. તેમાં ગુલાબના કેટલાક ફૂલ નાખો. નિયમિત પાણી અને ફૂલ બદલતા રહો. તેનાથી ઘરના સભ્યો વચ્ચે તાળમેળ સારો રહેશે અને ધનનું આગમન વધે છે.

# સંધ્યાના સમયે આ રીતે તુલસીની પૂજા કરશો તો તમારી દરેક ઈચ્છા પૂર્ણ થશે

તુલસીનો છોડ દરેક ઘરમાં હોય છે. તેની પૂજા અને ઔષધીય ગુણ વિશે તમે અત્યાર સુધીમાં અનેક વાતો સાંભળી હશે. ત્યારે આજે જાણો તુલસીની પૂજા કેવી રીતે કરવાથી મનોકામના પૂરી થાય છે. તુલસી બે પ્રકારના હોય છે એક કૃષ્ણ તુલસી અને શ્વેત તુલસી. તુલસીની પૂજા કરવાથી ઘરમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે. તુલસીના પાન અમાસ, ચૌદશ, સાતમની તિથિ તેમજ રવિવાર, શુક્રવારે તુલસી ન તોડવા જોઈએ. આજે એ પણ જાણી લો કે તુલસીની પૂજા કેવી રીતે કરવાથી મનોકામના પૂર્ણ થાય છે.

કરો આ ઉપાય : તુલસીની માળાથી લક્ષ્મી મંત્રનો યથાશક્તિ જાપ કરવાથી ધન પ્રાપ્તિની ઈચ્છા પૂરી થાય છે. સ્નાનાદિ કર્મથી પરવારી અને તુલસી સમક્ષ દિવો કરવાથી જાતકના દેવદોષ સમાપ્ત થઈ જાય છે. એક કુંડામાં તુલસી અને એક કુંડામાં ધતૂરાનો છોડ લગાવો અને રોજ બંનેને પાણી ચડાવવું. આ કર્મથી પિતૃદોષમાંથી મુક્તિ મળે છે. ચાંદીનો સાપ બનાવો અને આ સાપની પૂજા ચોથના દિવસે કરી અને તેને તુલસી નીચે રાખી દેવો. તેની કંકુ-ચોખાથી પૂજા કરવી અને દીવો કરી ભોગ ધરાવવો, દીવો જ્યારે ઓલવાઈ જાય ત્યારે પછી તે ચાંદીના સાપને પાણીમાં પ્રવાહિત કરી દેવો. તેનાથી કાલસર્પ દોષ દૂર થઈ જાય છે.

તુલસી તોડવાના નિયમ : વાયુ પુરાણમાં તુલસીના પાન તોડવાના નિયમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં જણાવાયું છે કે કારણ વિના તુલસીના પાન તોડવા ન જોઈએ. તુલસી નીચે ખરેલા પાનનો ઉપયોગ પૂજા તેમજ દવા માટે કરી શકાય છે, તેમ છતાં જો પાન તોડવા પડે તેમ હોય તો સૌથી પહેલાં તુલસી સમક્ષ પાન તોડવાની આજ્ઞા લેવી જોઈએ. સ્નાન કર્યા વિના તુલસીનો સ્પર્શ ન કરવો જોઈએ. જો આમ કરવામાં આવે તો વ્યક્તિની તમામ પૂજાનું ફળ નિષ્ફળ થઈ જાય છે.

# ઘરમાંથી વાસ્તુદોષ અને નકારાત્મક ઉર્જા દૂર કરવા લીમડાની પૂજા કરો

વાસ્તુશાસ્ત્ર મુજબ લીમડાના ઝાડની પૂજા કરવાથી આપણી પરથી કોઈની ખરાબ નજર તેમજ વાસ્તુદોષ ઓછો થાય છે. વાસ્તુદોષ ઓછો કરવા માટે અઠવાડિયામાં એક વખત ઘરની યોગ્ય રીતે સફાઇ કરો અને તમારા ઘરની પથારીને યોગ્ય રીતે સાફ કરો. તેમજ ઘરમાં કોઈપણ પ્રકારનો કચરો કે ગંદકી ન હોવી જોઇએ. જેથી વાસ્તુદોષ સહેલાઈથી દૂર થઇ જાય છે.

ઘરમાં સવાર સાંજ કપૂર અને લવિંગ સળગાવવા જોઈએ કારણકે જ્યારે આપણે લવિંગ અને કપૂરને સાથે પ્રગટાવીએ છીએ તો લવિંગમાં રહેલા એન્ટી-ઓક્સીડેન્ટ્સ ઘરના વાતાવરણની સાથે મળે છે અને વાયુ દ્વારા આપણા શરીરમાં પ્રવેશ કરે છે. જે મગજને શાંત રાખવામાં મદદ કરે છે.

લીમડો એક પ્રાકૃતિક ઔષધિ છે. લીમડાના પાનનું સેવન કરવાથી શરીરની દરેક બીમારીઓ દૂર થાય છે. જો તમે અઠવાડિયામાં બે વખત લીમડાના પાનને સળગાવીને ઘરમાં ધૂમાડો કરો, તેનાથી ઘરના દરેક જીવાણું પણ નષ્ટ થઈ જાય છે અને વાસ્તુ દોષ પણ ઓછો થાય છે.

# ઝારખંડમાં JMM-કોંગ્રેસની સરકાર : ભાજપને જાકારો

રાંચી : ઝારખંડ વિધાનસભાની ૮૧ સીટો માટે યોજાયેલી ચૂંટણીના સોમવારે પરિણામો જાહેર થયાં હતાં. જેમાં ઝારખંડ મુક્તિ મોરચો કોંગ્રેસ અને આરજેડીનાં ગઠબંધનને ૮૧માંથી ૪૭ સીટો સાથે સ્પષ્ટ બહુમતી મળી હતી. જેમાં જેએમએમને ૩૦, કોંગ્રેસને ૧૬ અને આરજેડીને ૧ સીટ મળી હતી. રાજ્યમાં સરકાર રચવા માટે ૪૧ સીટો પર બહુમતી હોવી જરૂરી છે. આમ આ ત્રણેય પક્ષોની મિશ્ર સરકાર રચવાનો માર્ગ મોકળો થયો હતો. ભાજપ માટે ઝારખંડનાં પરિણામો આંચકાજનક હતાં તેને ફક્ત ૨૫ સીટો જીતીને સંતોષ માનવો પડયો હતો. જેએમએમ, કોંગ્રેસ અને આરજેડીને સ્પષ્ટ બહુમતી મળ્યા પછી જેએમએમ નેતા હેમંત સોરેન મુખ્યપ્રધાન બનશે. ઝારખંડમાં હેમંત સોરેને સરકાર રચવાનો દાવો કર્યો કરી ૨૯મીએ સીએમ પદે શપથ લેશે. પરાજય થતાં ભાજપના રઘુબરદાસને સત્તા પરથી રાજીનામું આપવાની નોબત આવી છે.

એજેએસયુને ૨, જેવીએમપીને ૩ અને અન્ય પક્ષોને ફાળે ૪ સીટ ગઈ હતી. રાજ્યમાં ભાજપના ગઢના કાંગરા ખરી પડયા હતા અને તેના હાથમાંથી સત્તા સરકી ગઈ હતી. ૨૦૧૪માં ભાજપએ એજેએસયુ સાથે મળીને સરકાર બનાવી હતી. ભાજપને ૨૦૧૪માં ૩૭ અને એજેએસયુને ૫ સીટ મળી હતી. ભાજપએ આ વખતે ૩૪ ટકા વોટ શેર મેળવ્યો હતો છતાં સત્તાથી દૂર રહેવાનો વારો આવ્યો હતો.



## મોદીએ સોરેનને અભિનંદન પાઠવ્યા

પીએમ મોદીએ જેએમએમ નેતા હેમંત સોરેનને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યની સેવા કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. પાંચ વર્ષ સેવા કરવાની તક આપવા માટે તેમણે ઝારખંડની પ્રજાનો આભાર માન્યો હતો. અમે રાજ્યમાં લોકોની સેવા કરતા રહીશું અને જરૂર પડે ત્યારે લોકોના પ્રશ્નો ઉઠાવતા રહીશું. મોદીએ ભાજપના કાર્યકરોનો આભાર માન્યો હતો.

## વિકાસ માટે કામ કરતા રહીશું : શાહ

ભાજપના પ્રમુખ અમિત શાહે જણાવ્યું હતું કે અમે જનાદેશનું સન્માન કરીએ છીએ. ઝારખંડના વિકાસ માટે અમે કામ કરતા રહીશું. ભાજપને ૫ વર્ષ સુધી સૌની સેવા કરવાની તક આપી તે માટે તેમણે જનતાનો આભાર માન્યો હતો. તમામ કાર્યકર્તાઓને ભારે મહેનત કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

# સુશાસનમાં તામિલનાડુ નંબર વન : યુટીમાં પુડ્ડુચેરી અગ્રેસર

નવી દિલ્હી : સુશાસન દિવસે કેન્દ્રનાં પર્સોનલ વિભાગ દ્વારા જે રાજ્યોમાં સુશાસન છે તેમને રેન્કિંગ આપવામાં આવ્યા હતા. રાજ્યોમાં સુશાસનમાં સાઉથનું તામિલનાડુ નંબર વન રહ્યું હતું જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશોમાં પુડ્ડુચેરી નંબર વન રહ્યું હતું. મહારાષ્ટ્ર અને કર્ણાટક આ રેન્કમાં બીજા અને ત્રીજા નંબરે રહ્યું હતું. સુશાસન દિવસે પર્સોનલ મંત્રાલય દ્વારા સુશાસન સૂચકાંક (ઘૈં) જાહેર કરવામાં આવ્યા હતા જેમાં છત્તીસગઢને ચોથું, આંધ્રને પાંચમું, ગુજરાતને છઠ્ઠું, હરિયાણાને સાતમું, કેરળને આઠમું, મધ્યપ્રદેશને ૯મું અને પશ્ચિમ બંગાળને ૧૦મું સ્થાન મળ્યું હતું.

જે રાજ્યો ટોપ ટેનમાં નથી તેમાં તેલંગણા ૧૧મા, રાજસ્થાન ૧૨મા, પંજાબ ૧૩મા, ઓડિશા ૧૪મા, બિહાર ૧૫મા, ગોવા ૧૬મા, ઉત્તર પ્રદેશ ૧૭મા, ઝારખંડ ૧૮મા સ્થાન પર છે. કેટલાક માપદંડોને આધારે રાજ્યોને ત્રણ કેટેગરીમાં વિભાજિત કરાયા હતા. જેમાં મોટા રાજ્યો, પૂર્વોત્તર અને પહાડી રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે. પૂર્વોત્તર અને પહાડી રાજ્યોમાં હિમાચલ પ્રદેશ ટોચ પર હતું તે પછી ઉત્તરાખંડ, ત્રિપુરા, મિઝોરમ, સિક્કિમ, આસામ, જમ્મુ કાશ્મીર, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ અને અરૂણાચલ પ્રદેશનો સમાવેશ થાય છે.

# ૨૦૧૯માં ભાજપનો જનાધાર ઘટી ગયો : હવે ૧૬ રાજ્યમાં સત્તા, ૩૫% વિસ્તારમાં વર્ચસ્વ

નવી દિલ્હી : છેલ્લા ૨ વર્ષમાં ભાજપએ ૬ રાજ્યોમાંથી સત્તા ગુમાવી છે. મહારાષ્ટ્ર પછી ભાજપએ ઝારખંડમાં પણ હારનો કડવો ઘૂંટડો પીવો પડયો છે. છેલ્લા એક વર્ષમાં ઝારખંડ પાંચમું રાજ્ય છે કે જ્યાં તેના હાથમાંથી સત્તા સરકી ગઈ છે. ૨૦૧૮માં મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ જેવા રાજ્યોમાં તેણે સત્તા ગુમાવી અને ૨૦૧૯ના અંતે મહારાષ્ટ્ર અને ઝારખંડમાંથી સત્તા ગઈ. જમ્મુ અને કાશ્મીરને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવતા ત્યાં રાજ્યપાલ સત્તા સંભાળે છે. માર્ચ ૨૦૧૮માં દેશમાં ૨૧ રાજ્યોમાં ભાજપ અને તેના સાથી પક્ષોનો ભગવો લહેરાતો હતો. પણ ૨૦૧૯ના અંત સુધીમાં તે આંકડો ઘટીને ૧૬ પર આવી ગયો છે. ૨૦૧૪માં ભાજપએ ચૂંટણીમાં ભારે બહુમતી મેળવ્યા પછી સત્તા સંભાળી ત્યારે તેની પાસે ૭ રાજ્યોમાં જ સરકાર હતી. આ પછી ચૂંટણીઓ જીતતા જીતતા તેણે ૨૧ રાજ્યો સુધી સત્તા




સંભાળી હતી. જેમાં ઉત્તરપ્રદેશમાં તેની જીત મહત્ત્વની હતી.

પાંચ વર્ષમાં ભાજપ પ્રમુખ અમિત શાહનો સ્ટ્રાઇક રેટ ૫૦ ટકા ઘટયો છે અને ભાજપએ ૨૧૨ વિધાનસભા સીટ ગુમાવી છે. ૨૦૧૪થી ૨૦૧૯ સુધીમાં ૩૧ રાજ્યોમાં ચૂંટણી યોજાઈ હતી જેમાંથી ૧૬ રાજ્યોમાં ભાજપએ ચૂંટણી જીતી છે.

# રાજસ્થાનના કોટામાં જેકે લોન હોસ્પિટલમાં ૪૮ કલાકમાં ૧૦ બાળકોના મોત

કોટાઃ જેકે લોન હોસ્પિટલમાં ગત ૨ દિવસમાં ૧૦ બાળકોના મોત નિપજ્યા હોવાનો મામલો સામે આવ્યો છે. આ બધા પીઆઈસીયૂ  અને એનઆઈસીયૂમાં ભરતી હતા. તેમાંથી ૪ બાળકો એકથી ચાર દિવસના હતા, તો બીજા ૩ બાળકો દોઢથી પાંચ, એક બાળક નવ મહિના અને એક બાળક ૧ વર્ષનું હતું. હાલ મોતનું કારણ જાણી શકાયું નથી.

મોડી રાત્રે મીડિયા દ્વારા કેસની સૂચના મળતાં જ હોસ્પિટલ વહીવટીતંત્ર પણ હરકતમાં આવ્યું હતું. બાળ રોગ વિભાગના અધ્યક્ષે ગત દસ દિવસનો રેકોર્ડ મંગાવ્યો છે. તેની તપાસ બાદ જ ખબર પડશે કે આખરે બાળકોના મોતનું કારણ શું છે? સામાન્ય દિવસોમાં દરરોજ ૨ બાળકોના સરેરાશ મોત થાય છે પરંતુ અચાનક આ પ્રકારે ૪૮ કલાકમાં ૧૦ બાળકોના મોત સમજથી બહાર છે. હોસ્પિટલના રેકોર્ડ અનુસાર ૨૩ ડિસેમ્બરના રોજ ૬ બાળકોના મોત નિપજ્યા હતા.

# લખનઉમાં મોદીએ વાજપેયીની ૨૫ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું



લખનઉ : પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૯૫મી જન્મ જયંતિ નિમિત્તેૅ઼ મોદી લખનૌની મુલાકાતે હતા જ્યાં તેમણે વાજપેયીની ૨૫ ફૂટ ઉંચી પ્રતિમાનું સંસદભવનમા અનાવરણ કર્યુ હતુ સાથે જ અટલ બિહારી વાજપેયી મેડિકલ યુનિવર્સિટીનું પણ ઉદ્ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે તેમની સાથે આનંદીબેન પટેલ, યોગી આદિત્યનાથ અને રાજનાથ સિંહ પણ હાજર હતા. આ કાર્યક્રમ દરમિયાન યોગી આદિત્યનાથે જણાવ્યુ કે, પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પ્રતિમા એક વર્ષમા બનીને તૈયાર થઈ જશે. અટલ બિહારી વાજપેયીની પ્રતિમા બનાવવામા લગભગ રૂ. ૮૯.૬૦ નો ખર્ચ થશે. આ પ્રતિમા ૨૫ ફૂટ ઉંચી અને ૫ ટન વજનની બનાવવામા આવી છે તેમજ આઠ ધાતુના મિશ્રણથી બનાવવામા આવશે.

# મારુતિના પૂર્વ એમડી ખટ્ટર સામે ૧૧૦ કરોડ લોન ઠગાઈમાં CBI કેસ દાખલ

નવી દિલ્હી : સીબીઆઈએ મારુતિના પૂર્વ એમડી જગદીશ ખટ્ટર પર ૧૧૦ કરોડની લોન ઠગાઈ કેસમાં કેસ દાખલ કર્યો છે. જગદીશ ખટ્ટર હાલમાં કારનેશન ઓટો ઈન્ડિયા કંપનીના ડાયરેક્ટર છે. સીબીઆઈએ પંજાબ નેશનલ બેન્કની ફરિયાદને આધારે આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુનાહિત ષડયંત્ર અને નાણાકીય છેતરપિંડીનો કેસ દાખલ કર્યો છે. એફઆઈઆરમાં સીબીઆઈનો એવો આરોપ છે કે ખટ્ટર અને અને તેમની કંપની કારનેશન ઓટો ઈન્ડિયા લિમિટેડે પંજાબ નેશનલ બેન્કને ૧૧૦ કરોડનું નુકસાન પહોંચાડયું હતું. સીબીઆઈના આરોપ અનુસાર ખટ્ટર અને તેમની કંપનીએ મંજૂરી વગર બેન્ક પાસે ગીરવે રાખવામાં આવેલી સંપત્તિ વેચી દીધી હતી. તેને કારણે બેન્કને ૧૧૦ કરોડનું નુકસાન થયું હતું. ત્રણ ગેરન્ટર કંપનીઓ-ખટ્ટર ઓટો ઈન્ડીયા પ્રાઈવેટ લિમિટેડ, કારનેશનલ રિઆલિટી અને કારનેશન વીમા બ્રોકિંગ કંપનીને પણ આરોપી બનાવી છે.

અનુસંધાન પેજ નંબર 04

## ભાજપને હવે ઝારખંડ...

બેઠકો મેળવવા છતાં તે સત્તાથી વંચિત રહ્યો અને કોંગ્રેસ-જેડીયૂએ ગઠબંધન સરકાર બનાવી. જોકે આ વર્ષે એ ગઠબંધન તૂટતા કર્ણાટકમાં ભાજપ સત્તા મેળવવામાં સફળ રહ્યો ખરો. ૨૦૧૮ના અંતમાં ભાજપને મોટો ફટકો પડયો અને એ વખતે હિન્દી બેલ્ટના ત્રણ મહત્ત્વના રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ ભાજપના હાથમાંથી સરકી ગયા. તેલંગાણામાં પણ કે. ચંદ્રશેખર રાવ આગળ ભાજપનો ગજ ન વાગ્યો. આ વર્ષે આંધ્રપ્રદેશમાં વાઈએસઆર કોંગ્રેસ અને ઓડિશામાં બીજેડીની સરકાર રચાઈ છે. જ્યારે અરુણાચલ પ્રદેશ, સિક્કિમ અને હરિયાણામાં ભાજપની અથવા તો તેના ગઠબંધનની સરકાર રચાઈ છે. તાજેતરમાં જ મહારાષ્ટ્રમાં ભાજપને મોટો ફટકો પડયો છે જ્યાં તેની સૌથી વધારે બેઠકો હોવા છતાં શિવસેનાએ એનસીપી અને કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી છે. અને હવે ઝારખંડ પણ ભાજપના હાથમાંથી નીકળી ગયું છે. એક સમયે સફળતાના સર્વોચ્ચ શિખરે ભાજપના હાથમાં જે રાજ્યો હતાં એ જોતાં તે દેશની ૬૮ ટકા જનતા પર રાજ કરી રહી હતી પરંતુ આજે તેનો પ્રભાવ ૪૩ ટકા જનતા સુધી સીમિત થઈ ગયો છે.

## ક્રોસવર્ડનો ઉકેલ

**આડી ચાવી :** (૧) પસતાગિયો (૪) બેલગામ (૭) જમાત (૯) ઢગ (૧૦) દોડ (૧૨) અનલ (૧૩) ગો (૧૪) ગર્દ (૧૫) મતા (૧૭) ચાર (૧૮) વેશ (૧૯) વડ (૨૧) દિલેર (૨૨) જરકસી (૨૫) નરેશ (૨૭) પોલ (૨૯) માકડ (૩૦) બરાત (૩૩) નિજી (૩૪) વામા (૩૬) રાકેશ (૩૭) અડદ (૩૮) તોલો

**ઊભી ચાવી :** (૧) પડદો (૨) તાકો (૩) યોજન (૪) બેત (૫) ગાઢ (૬) મગદૂર (૮) માલમ (૧૧) ડગશ (૧૬) તારાજ (૧૭) ચાનક (૧૮) વેદન (૧૯) વલે (૨૦) ડરપોક (૨૧) દિશ (૨૩) રબાબ (૨૪) સીમંત (૨૬) રેખા (૨૮) લડવાડ (૨૯) માજી (૩૧) રાબેતો (૩૨) સરા (૩૩) નિશ (૩૫) માદ

સીટીઝનશીપ, PR કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ

તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એક્સપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન, ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેંટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.

એક પ્રોફેસનલ કેર અને યોગ્યતા દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ.

ઘરબેઠા સેવા આપવામાં આવશે.

ખૂબ સ્પર્ધાત્મક અને આકર્ષક દરો.

ACCESS2CANADA

Since 20 Years
Easy Access Consultant Inc.

અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

સંપર્ક કરો અલી : 437-225-1070
Email : alidaredia@hotmail.com

HEAD OFFICE : 214 - 1945 Dundas Street East, Mississauga, ON L4X2T8, Canada.
BRANCH : 1500 Meyerside Drive, Mississauga-Ontario, L5T 1V4; Canada

# ઈન્ડોનેશિયામાં બ્રેક ફેલ થતાં બસ નદીમાં ખાબકતાં ૨૮ના મોત, અન્ય ૧૩ ઘાયલ

પાલેમબાંગ : ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુમાં બસનો બ્રેક ફેલ થતાં તે નદીમાં પડતાં ૨૮ મુસાફરો માર્યા ગયા હતા અને ૧૩ જણા ઘાયલ થયા હતા, એમ પોલીસે કહ્યું હતું. આ દુર્ઘટનાપગરાલેમ જિલ્લાના દક્ષિણ સુમાત્રા પ્રાંતમાં સોમવારે મોડી રાત્રે બની હતી. પાલેમબાંગની શોધખોળ અને બચાવ ટુકડીના વડા બેરટી કોવાસોએ કહ્યું હતું કે મૃતદેહોને ઓળખ માટે હોસ્પિટલે લઈ જવાયા હતા.દુર્ઘટનના સ્થળેથી એક યુવાનને ખેંચીને બહાર કઢાયો હતો, જેને પણ સારવાર માટે ખસેડાયો હતો. ઘાયલોમાં એકની હાલત ખૂબ જ ગંભીર હતી. પોલીસના જણાવ્યા અનુસાર, બસનો બ્રેક ફેલ થતાં બસ ૮૦ મીટર નીચે વહેતી નદીમાં ખાબકી હતી અને નદીના ધસમસતા પાણીમાં વહી ગઈ હતી. જે જગ્યાએ બસનો બ્રેક ફેલ થયો હતો ત્યાં અનેક વણાંક આવેલા છે જેના કારણે ત્યાં દુર્ઘટનાઓ પણ વધુ થાય છે, એમ પોલીસે ઉમેર્યું હતું.બચી ગયેલાઓ



પૈકી કેટલાકે કહ્યું હતું કે બસના બ્રેકમાં પહેલાંથી જ ખરાબી જણાતી હતી. આ બસ બેંગકુલુથી પાલેમબેંગના પાટનગર તરફ જઈ રહી હતી ત્યારે દુર્ઘટના બની હતી.

# મેક્સિકોમાં ૩૩ પાદરીએ ૧૭૫થી વધુ બાળકોનું જાતીય શોષણ કર્યું

**•શોષણ કરનારા ૧૮ પાદરી હજુ પણ ચર્ચમાં કાર્યરત! વેટિકન દ્વારા આરોપીઓનો બચાવ થતો રહ્યો છે**

મેક્સિકો સિટી : પાદરીઓ દ્વારા થઈ રહેલા બાળકોનું જાતીય શોષણ એ ખ્રિસ્ત્રી ધર્મ માટે વૈશ્વિક ધોરણે ચિંતા અને નાલેશીનું કારણ બન્યું છે. આ અંગે રોમન કેથલિક ચર્ચ દ્વારા જ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. એ રિપોર્ટ પ્રમાણે ૧૯૪૧થી આજ સુધીમાં (૭૮ વર્ષ) ૩૩ પાદરીઓએ મળીને ૧૭૫ બાળકોનું જાતીય શોષણ કર્યું છે. આ આંકડો માત્ર મધ્ય અમેરિકા ખંડના દેશ મેક્સિકો પૂરતો જ છે. રિપોર્ટ પ્રમાણે લિજનરિઝ ઓફ ક્રાઈસ્ટના સ્થાપક માર્સિઅલ મેસિએલે એકલા ૬૦ બાળકોનું શોષણ કર્યું હતું. ૨૦૦૮માં ૮૭ વર્ષની વયે અવસાન પામેલા મેર્સિઅલ વિરૂદ્ધ ચર્ચે કોઈ કાર્યવાહી કરી ન હતી. કેમ કે તેઓ પોપ જોન પોલ દ્વિતિયની નજીક મનાતા હતા. મૃત્યુ પછી તો તેમના વિરૂદ્ધ બીજા ઘણા આક્ષેપો પણ થયા હતા. ખ્રિસ્ત્રી ધર્મના મુખ્ય સ્થળ વેટિકને અત્યાર સુધી માર્સિઅલનો બચાવ કર્યો હતો. માટે આ રિપોર્ટ વિશેષ મહત્ત્વનો સાબિત થાય છે. રિપોર્ટ પ્રમાણે મોટા ભાગની પીડીત બાળકો ૧૧થી ૧૬ વર્ષ વચ્ચેના છે.

# પત્રકાર ખશોગી હત્યા કેસમાં પાંચ દોષિતોને ફાંસીની સજા અને ત્રણને ૨૪ વર્ષની સજા

રિયાધ : અમેરિકી પત્રકાર જમાલ ખશોગીની હત્યા કેસમાં સાઉદી અરેબિયાની ટ્રાયલ કોર્ટે ૮ લોકોને દોષિત ઠેરવ્યા છે જેમાંથી ૫ આરોપીઓને ફાંસી સજા તો ૩ ને કુલ ૨૪ વર્ષની સજા કરવામાં આવી છે. ખશોગીની હત્યા સાઉદીના કેટલાક લોકોએ કરી હતી. આ કેસમાં કુલ ૧૧ લોકો પર કેસ ચલાવાયો હતો. જોકે તેમના નામનો ખુલાસો કરાયો નથી. ક્રાઉન પ્રિન્સના પૂર્વ સલાહકાર સૌદ અલ કહતનીની હત્યામાં સંડોવણી સાબિત થઈ શકી નથી. અમેરિકાએ તેમની સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. ઈસ્તંબૂલ સ્થિત સાઉદી કોન્સુલ જનરલ મોહમ્મદ અલ તૈયબી પણ દોષિત નથી. ચુકાદા બાદ તેમને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા હતા. નવ શેસનની સુનાવણી બાદ ટ્રાયલ કોર્ટે એવા તારણ પર પહોંચી હતી કે દોષિતોએ કરેલી હત્યા પૂર્વ-પ્રાયોજિત નહોતી.

# રશિયાએ જગતના પ્રથમ હાઈપર સોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું

**•હથિયારોની રેસમાં અમે આગળ નીકળી ગયા, અમેરિકા અમારી પાછળ દોડશેઃ પુતિન**

મોસ્કો : રશિયાએ દાવો કર્યો છે કે તેમણે જગતનું પ્રથમ હાઈપરસોનિક મિસાઈલ તૈયાર કરી લીધું છે. આ મિસાઈલ કલાકના ૧૧ હજાર કિલોમીટર કરતાં પણ વધુ ઝડપે ત્રાટકી શકે એમ છે. આ દાવો ખુદ રશિયાના પ્રમુખ પુતિને આજે એક લશ્કરી બેઠકમાં કર્યો હતો.

સાથે સાથે પુતિને એમ પણ કહ્યું હતુ કે શસ્ત્રોની બાબતમાં તેઓ (અમેરિકા) અમારાથી આગળ હતા. પરંતુ હવે પહેલી વાર એવી સ્થિતિ આવી છે કે રશિયા આખા જગતથી આગળ નીકળી ગયું છે. માટે અમેરિકાએ અમારી પાછળ દોડવું પડશે. અમેરિકા અને રશિયા વચ્ચેની શસ્ત્ર સ્પર્ધા જગવિખ્યાત છે અને બન્ને દેશો એકબીજાના પાછળ પાડી દેવા સતત પ્રયત્નશીલ હોય જ છે. રશિયાના પાટનગર મૉસ્કોથી અમેરિકાના અગ્રણી શહેરો ન્યુયોર્ક-વૉશિંગ્ટનનું હવાઈ અંતર ૭ હજાર કિલોમીટર જેટલું છે. આ બન્ને શહેરો અમેરિકાના પૂર્વ કાંઠે (રશિયા તરફ) આવેલા છે. અમેરિકાના પશ્ચિમ છેડે આવેલા શહેરો લોસ એન્જેલસ અને સાન ફ્રાન્સિસકો પણ મૉસ્કોથી દસ હજાર કિલોમીટરથી દૂર નથી. એટલે કે આ મિસાઈલની રેન્જમાં આખુ અમેરિકા આવી જાય છે. રશિયાના પડોશમાં જ આવેલું ચીન, નજીક આવેલું ભારત વગેરે તો સ્વાભાવિક રીતે રેન્જમાં જ છે.

# ફિલીપાઈન્સમાં 'ફનફોન' વાવાઝોડાનો ભારે તરખાટથી ૨૦ નાગરિકોના મોત

મનિલા : ક્રિસમસના દિવસે ફિલીપાઈન્સમાં ભયંકર તોફાનના લીધે વિનાશ વ્યાપ્યો હતો. ફનફોન વાવાઝોડાએ આંતરિયાળ ગામો અને પર્યટન વિસ્તારોમાં ૨૦ લોકોનો ભોગ લીધો હતો અને અનેક લોકો ગાયબ થયા છે ક્રિસમસના દિવસે જ ૧૯૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાઈ રહેલા પવનના કારણે અનેક ઘરના છાપરાઓ ઉડી ગયા હતા અને ફિલીપાઈન્સના અનેક વિસ્તારોમાં વીજકાપ મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઈન્ટરનેટ અને મોબાઈલ ફોન નેટવર્ક પણ ખરાબ રીતે પ્રભાવિત થયા હતા અને અસરગ્રસ્ત વિસ્તારોના મોબાઈલ નેટવર્ક કપાઈ ગયા હતા. તોફાનના કારણે ૨૦ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે અને હજુ સુધી નુકસાનનો ચોક્કસ આંકડો નથી મેળવી શકાયો પરંતુ મુખ્યત્વે કેથલિક વસતી ધરાવતા દેશના હજારો લોકો ક્રિસમસની ઉજવણી કરવાના બદલે ઘર છોડીને ભાગવા મજબૂર બન્યા હતા.

# કોઈએ સોંપેલ અમાનત - થાપણમાં ઉચાપત-દગો-વિશ્વાસઘાત-ખયાનત ન કરવા વિષેના આદેશો

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

મનુષ્ય આ પામર જગતમાં થોડા સમય માટે આવે છે, જગત જીવન જીવે છે અને તેનો નક્કી સમય પૂર્ણ થઈ ગયા પછી તે આ જગતથી વિદાય લે છે. પોતાના જગત જીવનમાં મનુષ્ય પોતાના ધર્મ અનુસાર તથા સામાજીક શિષ્ટાચાર અનુસાર સદ્‌ગુણો, સંસ્કારો, સદાચાર તથા સારી ટેવો અપનાવે છે. આ રીતે સમાજમાં રહીને મનુષ્ય સમાજમાં પોતાના માટે એક આગવું સ્થાન બનાવી લે છે.

આ સત્ય છે કે સદ્‌ગુણો, સંસ્કારો, સદાચાર, શિષ્ટાચાર તથા સારી ટેવો વિષે જુદા જુદા ધર્મના ધર્મશાસ્ત્રોમાં પણ કહેવામાં આવેલ છે. તે અનુસાર મનુષ્યે સમાજમાં રહીને કોઈ પણ પ્રકારના દુર્ગુણો ન અપનાવવા જોઈએ. દુર્ગુણોના ઘણા પ્રકારો હોય છે. અપ્રમાણિકતા તથા વિશ્વાસઘાતને પણ ધર્મમાં તથા સમાજમાં એક પ્રકારનો દુર્ગુણ ગણવામાં આવે છે, અને ધર્મશાસ્ત્રો અનુસાર તો તેને પાપ (ગુનાહ) પણ ગણવામાં આવે છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં એવા અસંખ્ય દુર્ગુણો વિષે કહેવામાં આવેલ છે અને મનુષ્યોને સર્વે પ્રકારના દુર્ગુણોથી દુર રહેવા અને તેમને ન અપનાવવા વિષેના આદેશો આપવામાં આવેલ છે. આજે આ લેખમાં દુર્ગુણના એક પ્રકાર વિશ્વાસઘાત - દગો- કોઈએ સોંપેલ અમાનત- થાપણમાં ઉચાપત- ખયાનત ન કરવા વિષેના આદેશો વિષે વર્ણન કરવામાં આવેલ છે. આ વિષેના અમુક બોધવચનો આ પ્રમાણે છે :-

"(હે શ્રધ્ધાળુઓ- મોમીનો- ઈમાનવાળાઓ),ખચિત અલ્લાહ તમને આદેશ(હુકમ) આપે છે કે અમાનતો - થાપણો અમાનતદાર લોકો (તેમના અસલ માલિકો)ને પાછી સોંપી દો." (પ્રકરણ ૪, શ્લોક ૫૮)



"હે શ્રધ્ધાળુઓ (મોમીનો- ઈમાનવાળાઓ), જાણી જોઈને અલ્લાહ અને તેના પયગંબર (રસુલ) સાથે વિશ્વાસઘાત- બેવફાઈ ન કરો અને પોતાની કે એકબીજાની અમાનતમાં વિશ્વાસઘાત- દગો (ઉચાપત-ખયાનત) ન કરો." (પ્રકરણ ૮, શ્લોક ૨૭)

"(હે પયગંબર), અમોએ આ ધર્મશાસ્ત્ર (કુરાનમજીદ) ખચિત સત્યની સાથે તમારી તરફ ઉતારેલ છે, જેથી જે સત્ય માર્ગ અલ્લાહે તમને દેખાડેલ છે તે અનુસાર લોકો સાથે ન્યાય કરો અને અપ્રમાણિક - વિશ્વાસઘાતી લોકોનો પક્ષ ક્યારે પણ ન લો. અને અલ્લાહ પાસે પ્રાયશ્ચિત-દરગુજર માટે યાચના કરો. તે અલ્લાહ મહાન દરગુજર કરનાર અને દયાળુ છે. જે લોકો પોતાની સાથે જ વિશ્વાસઘાત કરે છે તમે તેઓની તરફેણ ક્યારે પણ ન કરો. અલ્લાહ ક્યારે પણ એવી વ્યક્તિને પસંદ નથી કરતો જે વિશ્વાસઘાતી અને પાપી (ગુનેહગાર) હોય. (પ્રકરણ ૪, શ્લોક ૧૦૫, ૧૦૬ અને ૧૦૭)

"ખચિત અલ્લાહ બચાવ કરે છે એ લોકો તરફથી જેઓ શ્રધ્ધાળુ (મોમીન- ઈમાનવાળા) છે. ખચિત અલ્લાહ કોઈ વિશ્વાસઘાતી-દગાબાજ ને પસંદ નથી કરતો." (પ્રકરણ ૨૨, શ્લોક ૩૮).

"જો તમારા માંથી કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિ પર વિશ્વાસ રાખીને તેની સાથે કોઈ લેણદેણનો વ્યવહાર કરે તો જેની ઉપર વિશ્વાસ કરવામાં આવ્યો છે તે વ્યક્તિ સામેવાળી વ્યક્તિને અમાનત-થાપણ પાછી સોંપી દે અને પોતાના પાલનહાર અલ્લાહથી ડરે." (પ્રકરણ ૨, શ્લોક ૨૮૩નો એક ભાગ)

"અને ખચિત કે જેઓ અપ્રમાણિકતા - વિશ્વાસઘાત આચરે છે તેમની ચાલોને અલ્લાહ સફળ થવા દેતો નથી." (પ્રકરણ ૧૨, શ્લોક ૫૨નો એક ભાગ)

ઉપર આપેલા કુરાન મજીદમાંના સર્વે બોધવચનોનો સાર એ જ છે કે વિશ્વાસઘાત- દગો- કોઈએ સોંપેલ અમાનત- થાપણમાં ઉચાપત- ખયાનત કરવી એ એક પાપ (ગુનાહ) છે અને તે વિષે પાલનહાર અલ્લાહે બોધવચનોમાં જણાવેલ છે કે ખચિત અલ્લાહ કોઈ વિશ્વાસઘાતી- દગાબાજને પસંદ નથી કરતો. તે માટે મનુષ્યને એ વાત સમજવી જોઈએ કે આવી રીતે કોઈએ સોંપેલ અમાનત- થાપણમાં ઉચાપત- ખયાનત કરવી એ કોઈ બીજા મનુષ્યને નાણાંકિય નુકસાન પહોંચાડવાનું ઘોર કૃત્ય છે અને જગતના કાયદા કાનુનો હેઠળ તે ગુનાહ ગણવામાં આવે છે અને તે ઉપરાંત ધર્મશાસ્ત્રો અનુસાર પણ તે કૃત્ય ને એક દુર્ગુણ એટલે કે પાપ (ગુનાહ) માનવામાં આવે છે. તેથી મનુષ્યે આ પ્રકારના દુર્ગુણોથી હંમેશા દુર રહેવું જોઈએ જેથી તેના બંને જીવન સફળ થાય.

## વુમન વર્લ્ડ

### આ રશિયલ વર્લ્ડ ચેમ્પિયન બોડી-બિલ્ડરના બાવડાં તેના પતિ કરતાં પણ મોટા



રશિયાના ચિતા શહેરમાં રહેતી ૨૮ વર્ષની પાવરલિફ્ટર નતાલિયા કુઝનેત્સોવા ટીનેજમાં પ્રવેશી ત્યારથી ફિગરને નમણું નહીં પણ કસાયેલું બનાવવામાં લાગેલી. ૧૪ વર્ષની વયે તે જિમ્નેશિયનમમાં જવા માંડી અને ૧૫ વર્ષની વયે તો તે સ્થાનિક બોડી-બિલ્ડિંગ સ્પર્ધામાં જીતી પણ હતી. તે ૨૦૧૪માં જિમ્નેસ્ટિક્સમાં આર્મ લિફ્ટિંગ અને બેન્ચ પ્રેસિંગની વર્લ્ડ ચેમ્પિયનશીપ જીતી હતી. તેનું જીવન બોડી-બિલ્ડિંગને સમર્પિત છે, જ્યારે તેનો પતિ બીજા ક્ષેત્રનો છે. સામાન્ય રીતે જુદા જુદા ક્ષેત્રના સ્ટેટસની સરખામણી શરૂ થાય છે. સગાસંબંધી ચર્ચા કરે એ પહેલાં એ બંનેના અહંના પ્રશ્નો ઊભા થાય છે પરંતુ નતાલ્યાએ પહેલેથી એ મુદ્દાને બિનમહત્ત્વપૂર્ણ બનાવી દેતાં જાહેરાત કરી હતી કે મારા પતિના બાવડાંના મસલ્સ મારા મસલ્સ કરતાં ઓછા ઉપસેલા હશે તો ચાલશે કારણ કે લગ્નજીવન પરસ્પર પ્રેમ, હૂંફ અને આદાર આપવાનો સંબંધ છે. હકીકતમાં તેનો પતિ ભરાવદાર છે પણ નતાલિયા જેવો મસપાવર નથી ધરાવતો. જો કે એનો તેને કોઈ અફસોસ નથી.

### લેસ્બિયન કપલે બે ગર્ભમાં ઉછર્યું હોય એવા બાળકને જન્મ આપ્યો



બ્રિટનમાં રહેતી લેસ્બિયન જોડી જાસ્મિન અને ડોના ફ્રાન્સિસ સ્મિથના ઘરે બે મહિના પહેલા ઓટિસ નામના દીકરાનો જન્મ થયો. બાળકનો જન્મ માતા અને પિતાના અંડબીજ-સ્પર્મ દ્વારા થતો હોય છે રપંતુ જ્યારે સજાતીય યુગલ બાળક મેળવવા ઈચ્છે ત્યારે તેમને વિજાતીય વ્યક્તિના સ્પર્મ અથવા અંડબીજની જરૂર પડે છે અને યુગલમાંથી કોઈ એક જ વ્યક્તના અંડબીજ વપરાય છે અને મા બનવાનું સુખ અને અનુભૂતિ માત્ર એક જ વ્યક્તિને મળે છે આ માટે ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશનની ક્રિયા થાય. જો કે સ્વિસ ટેકનોલોજી કંપનીએ લંડનની હોસ્પિટલમાં એક એવો પ્રયોગ કર્યો જેમાં જન્મ લેનાર બાળકને એક જ નહીં, બંને માતાની કુખનો અનુભવ મળે અને બંને મહિલાઓને મા બનવાનો સંતોષ મળે. જાસ્મિન અને ડોનાએ આ પદ્ધતિ દ્વારા ઓટિસને પેદા કર્યો હતો અને એનાથી બંને જણા મા બનવાની ખુશી અનુભવી રહ્યા છે. આ નવી પદ્ધતિને વિવો નેચરલ ફર્ટિલાઈઝેશન કહેવાય છે. એમાં ભ્રૂણને લેબોરેટરીમાં ફલિત કર્યા બાદ સેવવની પ્રક્રિયા લેબોરેટરીમાંનહીં, પરંતુ માની કૂખમાં કરવામાં આવે છે. એ માટે ફલિત અંશોને એક કેપ્સ્યૂલમાં ભરીને એક માના ગર્ભાશયમાં મૂકવામાં આવે.

### બ્રિટનના રોઝી સ્વેલ પોપ નામના ૭૩ વર્ષના માજીની ઈંગ્લેન્ડથી નેપાળ સુધી દોડ



બ્રિટનના રોઝી સ્વેલ પોપ નામના ૭૩ વર્ષના એવર એનર્જેટિક લેડીએ ઈંગ્લેન્ડથી નેપાળની સફર દોડી પાર કરવાનું બીડું ઝડપ્યું છે. ભૂકંપ પીડિતો માટે ચેરિટી ભંડોળ એકત્ર કરવા માટે તેમણે આ સાહસ ખેડ્યું છે. બહેન રનિંગના જબરા શોખીન છે અને તેમણે પોતે દોડવાની સાથે દુનિયાને દોડતી કરવાનુંરન રોઝી રન નામનું કેમ્પેઈન ૨૦૧૮માં વહેતું કર્યું હતું. આ પ્રોજેક્ટ અંતર્ગત રોઝીએ બ્રિટનના બ્રિઘટનથી નેપાળના કાઠમંડુ સુધીની ૬૦૦૦ માઈલ એટલે કે આશરે ૯૬૫૬ કિલોમીટરની સફર દોડીને પાર કરવાનું નક્કી કર્યું હતું. અત્યાર સુધીમાં રોઝીએ ૧૨ દેશો પાર કરી લીધા છે. મોટી વયને કારણે રોઝી બહુ લાંબુ દોડી શકતા નથી પણ તેમણે રોજનું વીસ કિલોમીટરનું રનિંગ કરવાનો ટાર્ગેટ રાખ્યો છે. રોઝીનુંક હેવું છે કે રોજ રાતે તેને ક્યાં સૂવા મળશે એની ખબર નથી હોતી. ક્યારેક તે મેદાનમાં સૂઈ જાય છે તો ક્યારેક શહેરની ગલીઓમાં. સવારે ઊઠીને તે દોડવાનું શરૂ કરી દે છે અને રોજ નવા લોકોને મળે છે જેને તે બીજીવાર કદી મળી શકવાના નથી. એકલા દોડવાનું અને ગમે ત્યાં રોકાણ કરી લેવાનું હોવાથી તેણે પોતાની રોજિંદી જરૂરિયાતની ચીજો એક ટ્રોલીમાં ભરી છે. આ ટ્રોલી ખેંચીને જ બધે જાય છે.

## લીંબુ સહિતની આ વસ્તુથી ખોડો અને ખંજવાળ કરો દૂર

કેટલીક વખત માથામાં આવતી ખંજવાળથી મહિલાઓ પરેશાન રહે છે. જેના કારણે કેટલીક વખત અન્ય લોકોની સામે શરમ અનુભવવી પડે છે. માથાની ખંજવાળની સમસ્યાથી ખૂબ જ કંટાળી ગયા છો અને તમે આ સમસ્યાને કાયમ માટે દૂર કરવા ઈચ્છો છો તો આ ઘરગથ્થુ ઉપાયો તમને ખૂબ જ અસરકારક સાબિત થશે. તો ચાલો જોઈએ કેટલાક અસરકાર ઉપાય..



### બેકિંગ સોડા

બેકિંગ સોડા માથાની ખંજવાળને દૂર કરવા માટે બેસ્ટ ઓપ્શન છે. એક કટોરામાં ૪-૫ ચમચી બેકિંગ સોડા લો અને તેમાં પાણી મેળવો. હવે તેને સારી રીતે મેળવો. હવે આ પેસ્ટને માથાની ત્વચા પર લગાવો અને થોડા સમય માટે રાખો. ૨૦-૨૫ મિનીટ પછી ધોઈ લો. એક દિવસના અંતર પછી આ પ્રક્રિયાને ફરીથી કરો અને માથાની ખંજવાળથી પૂરી રીતે છૂટકારો મેળવો.

### લીંબુનો રસ

લીંબુ ત્વચા અને વાળ માટે ખૂબ ફાયદાકારક છે. જો તમે એક કે બે મહિના સુધી લીંબુનો ઉપયોગ કરશો તો તમે સમસ્યાથી પૂરી રીતે છૂટકારો મેળવી શકો છો. ૨-૩ લીંબુ લો અને તેને અડધા કાપો. હવે નીચોવીને રસ કાઢી લો અને તેને એક વાટકીમાં ભેગો કરો. હવે કોટન બોલની મદદથી તેને માથાની ત્વચા પર લગાવો. તમને જણાવી દઈએ કે, માથાની ત્વચા પર લીંબુ લગાવવાથી ખોડાથી પણ રાહત મળે છે. તેને ૧૦ મિનીટ પછી ધોઈ લો. લીંબુ એક કન્ડીશનરની જેમ પણ કામ કરે છે.

### તલનું તેલ

એક ડબ્બામાં ખૂબ ઓછી માત્રામાં તલનું તેલ લો અને તેને થોડીવાર ગરમ કરો. હવે આ તેલથી ૧૫-૨૦ મિનીટ સુધી માથાની ત્વચાની માલિશ કરો. પછી વાળને શેમ્પુથી ધોઈ લો.

## ફળોનો સૂપ



સામગ્રી : ૨ કેળાં, ૨ સફરજન,૨ ચીકુ, અનનાસની ૨ ગોળ રિંગ, ૧/૨ કપ ખાંડ, થોડું મીઠું, થોડો મરીનો ભુકો, થોડો ચાટ મસાલો, ૧ લીબુનો રસ, ૩-૪ કપ પાણી.

રીત : કેળાંની છાલ ઉતારી લો અને બધાં ફળ કાપીને ૩-૪ કપ પાણીમાં મીઠું નાખી કૂકરમાં બે-ત્રણ સીટી વાગે ત્યાં સુધી બાફો. મિશ્રણ ઠંડુ થયા બાદ તેમાંથી ગળણી વડે ગળ્યા વિનાનાં ફળોને ગાળીને બહાર કાઢી લો. બાકીના પ્રવાહીને વલોણી વડે વલોવો. ચાટ મસાલો, મરી અને ખાંડ નાખીને થોડું ગરમ કરો. લીંબુનો રસ નાખીને ગળણીમાં બચેલા ફળોના ટુકડા અંદર નાખીને સૂપ પીરસો.

## મકાઇના લોટનું ખીચું



સામગ્રી : ૧ બાઇલ-મકાઇનો લોટ, ૧ ચમચી-લીલા મરચાની પેસ્ટ, ૧/૨ ચમકી-રાઈ, ૧/૨ ચમચી-જીરું, ૧/૨ ચમચી-અજમો, ૧ ચપટી-સોડા, ૧ ચમચી-તેલ, મીઠું

રીત : સૌ પ્રથમ એક પેનમાં તેલ મૂકી ગરમ થાય એટલે રાઈ જીરુ અજમો નાખી ૧ ગ્લાસ પાણી નાખો પાણીમાં મરચાની પેસ્ટ મીઠુ ઉમેરવું. હવે પાણી ઉકળે એટલે સોડા ઉમેરી ઉપરથી કોથમીર નાખવી. તે બાદ ફરી પાણી ઉકળે એટલે મકાઇનો લોટ નાખતા જવુ અને હલાવતા જવુ ખીચાં જવુ થઈ જાય એટલે કોથમીરથી ગાર્નિશ કરવું. મકાઈનુ ખીચું દહીં કે છાશ સાથે બહુજ મસ્ત અને ટેસ્ટી લાગે છે.

## ક્રોસવર્ડ



**આડી ચાવી :**

(૧) કાછિયો (૫)
(૪) નિરંકુશ (૪)
(૭) બાવાઓનો સમૂહ (૩)
(૯) ગંજ, ઢગલો (૨)
(૧૦) દોડવાની ક્રિયા, દોટ (૨)
(૧૨) અગ્નિ, ગુસ્સો (૩)
(૧૩) ગાય, પૃથ્વી (૧)
(૧૪) ધૂળ, રજ (૨)
(૧૫) દોલત, માલમિલકત (૨)
(૧૭) લીલું ઘાસ, ચારો (૨)
(૧૮) દેશ એવો ............. (૨)
(૧૯) એક ઝાડ, વડું (૨)
(૨૧) બહાદુર, હિંમતવાન (૩)
(૨૨) કસબના ભરતવાળું (૪)
(૨૫) નરેન્દ્ર, રાજા (૩)
(૨૭) જૂઠાણું, પોલાણ (૨)
(૨૯) એક જીવડું, માંકણ (૩)
(૩૦) વરની જાન (૩)
(૩૩) પોતીકું, પોતાનું (૨)
(૩૪) સરસ્વતી, સુંદર સ્ત્રી (૨)
(૩૬) પૂનમનો ચંદ્ર (૩)
(૩૭) એક કઠોળ (૩)
(૩૮) એક રૂપિયા ભાર (૨)

**ઊભી ચાવી :**

(૧) આંતરો, ઓઝલ (૩)
(૨) ગોખલો, થાન (૨)
(૩) ચાર ગાઉ (૩)
(૪) તજવીજ, યુક્તિ, વેત (૨)
(૫) ઘટ્ટ, ઘાડું (૨)
(૬) તાકાત, હિંમત (૪)
(૮) વહાણનો દોરનાર (૩)
(૧૧) મોટો પથ્થર (૩)
(૧૬) ખેદાનમેદાન, ફના (૩)
(૧૭) કાળજી, ચેતવણી (૩)
(૧૮) જાણવું તે, જ્ઞાન (૩)
(૧૯) ભૂંડા હાલ (૨)
(૨૦) ડરકણ, બીકણ (૪)
(૨૧) પડખું, બાજુ (૨)
(૨૩) એક તંતુવાદ્ય (૩)
(૨૪) અઘરણી (૩)
(૨૬) આંકો, લીટી (૨)
(૨૮) કાજિયો, ઝઘડો (૪)
(૨૯) પૂર્વનું, મરહૂમ (૨)
(૩૧) ધારો, રિવાજ (૩)
(૩૨) મુસાફરખાનું (૨)
(૩૩) રાત, રાત્રી (૨)
(૩૫) અહંકાર, મદ (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૨૧

# મારા સાચા ભાવોને હું સંતાડી શકતી નથી

ગુજરાત યુનિવર્સિટીના ટાવરના ડંકા બજી રહ્યા. મેં મારી ઘડિયાળ તરફ નજર નાખી અને સમય મિલાવ્યો. બરાબર પાંચ વાગ્યા હતા.

જુગલ હજુ આવ્યો નહોતો. તેણે બરાબર પાંચ વાગ્યે જ આ સ્થળે મળવાનો સમય આપ્યો હતો. પાંચ ઉપરાંત પાંચ મિનિટ થઈ. વૅકેશનને કારણે ઉજ્જડ ભાસતા આ વેરાન કૅમ્પસ અને કલબલાટની જગાએ ચૂપ જણાતા બસ- સ્ટોપ પર કોઈ રડ્યુંખડ્યું એકાદ જણ ઊભું હતું. પાંચ ઉપરાંત વીસ મિનિટ થઈ પણ જુગલ જણાયો નહીં.

હું વિચારમાં પડી ગયો. ટેલિફોન પર જુગલે કરેલી વાતચીત અનુસાર તે બરાબર પાંચ વાગે જ આવવો જોઈતો હતો અને સમય પાળવામાં તે કદી નિષ્ફળ ગયો નહોતો. એટલામાં જ તે સ્કૂટર લઈને આવતો જણાયો. તે સમયે બરાબર સાડા પાંચ વાગ્યા હતા. યુનિવર્સિટીના ટાવરે એક ટકોરો પાડી દીધો અને એક હળવો બણબણાટ શરૂ થયો. યુનિવર્સિટી કર્મચારીઓ આરસના આલીશાન પગથિયાં સડસડાટ ઊતરી રહ્યાં હતાં.

'આઈ એમ સૉરી... મેં આવવામાં ઘણું મોડું કર્યું.' સ્કૂટર સ્ટૅન્ડ પર ઊભું કરતાં જુગલે કહ્યું.

'ઈટ્સ ઓલ રાઈટ.' મેં હસીને તરત જ માફી આપી દીધી.

'બોલ દોસ્ત... કામ પત્યું છે ?' જુગલે આતુરતાપૂર્વક મારા હોઠ સામે આંખો માંડી.

મેં માત્ર આંખોના ઈશારે હા પાડી અને કહ્યું : 'રાત્રે સાડા આઠ વાગે ઘેર જજે... તારી ભાભીને મળજે.'

'થેંક્યુ સો મચ... દોસ્ત થૅન્ક્યુ... હું રાત્રે ભાભીને મળી લઈશ, પણ યાર, તારી સામે એક ફરિયાદ છે. આખી દુનિયા સાંજનાં બૈરા-છોકરાં સાથે આનંદ કરતી હોય ત્યારે તું પ્રેસમાં બેઠો બેઠો ટેલિફોન ખખડાવતો હોય છે. તારી પત્રકાર તરીકેની નોકરીની વિરુદ્ધમાં ભાભીએ ઘણીવાર મારી સમક્ષ ફરિયાદો નોંધાવી છે હોં !' સ્કૂટરને ચાલુ કરતાં જુગલે હસીને કહ્યું. હું માત્ર તેની સામે જોઈને હસ્યો અને તે સ્કૂટર ઉપર અટીરાની દિશામાં ઊપડી ગયો.

મેં પણ સ્કૂટર સ્ટાર્ટ કર્યું અને બેસવા જતો હતો ત્યાં જ...

'હલો મિ. પરીખ !' પાછળથી કોઈ મીઠો અવાજ આવ્યો.

મેં પાછળ નજર કરી.

'ઓહ... તમે છો કલ્પનાબેન ?' મેં ખિસ્સામાંથી ગોગલ્સ કાઢતાં પૂછ્યું.

'કેમ ઉતાવળમાં છો ?' કલ્પનાએ સહસા મારી વર્તણૂકની નોંધ લેતાં ટીકા કરી.

'ના રે ના... એવું તો કંઈ ખાસ નથી... સાડા પાંચ વાગે એક પ્રેસ કૉન્ફરન્સ છે, પણ તમારી ફરમાઈશ હોય તો પા કલાક મોડો જાઉં.' મેં હસીને વાત વાળી લેતાં સ્કૂટર બંધ કર્યું.

'નહીં... નહીં... તમે જાવ. તમારે મોડું થાય છે... મારે તમારું કામ છે... બનશે તો કાલે સવારે ઘેર જ આવીશ પણ...'

'પણ... શું ?'

'એક વાત પૂછું ? હમણાં તમારી પાસે ઊભા હતા એ ભાઈ કોણ છે ?

મેં એમને ક્યાંક જોયા છે. કંઈ બરાબર યાદ નથી, પણ મારા ખ્યાલ મુજબ એમના વિશે મારો અભિપ્રાય સારો નથી.' કલ્પનાએ નવો ધડાકો કર્યો.

'એમ ?' મેં વિચિત્ર અવાજે જણાવ્યું : 'એના વિશે તમારે એમ કેમ બોલવું પડ્યું ? એ ખરેખર નેકદિલ આદમી છે. પછી તમારો એમના માટે કોઈ ખરાબ અનુભવ હોય તો કંઈ કહેવાય નહીં. કૉલેજકાળથી અમે સાથે છીએ. હું એને બરાબર ઓળખું છું, પણ આ તો દુનિયા છે ભઈ.'

'કોણ જાણે કેમ પણ એને જોઉં છું ને મને ઘૃણા પેદા થાય છે. સૉરી, પરીખભાઈ... મારા સાચા ભાવોને હું સંતાડી શકતી નથી... મને યાદ આવ્યું...

એમનું નામ જુગલને ? ખરેખર આવા માણસોનો તો સમાજે બહિષ્કાર કરવો જોઈએ.' કલ્પના એકીશ્વાસે બોલી રહી હતી.

હું એના મોં પરની ઘેરી થતી જતી લાગણીઓનો બરાબર અભ્યાસ કરવા મથી રહ્યો.

'ચાલો, હવે કાલે વાત... મેં તમને મોડું કરી આપ્યું... બસ... આવજો.'

હસીને કલ્પનાએ બસ-સ્ટેન્ડ પર જવા પગ ઉપાડ્યા.

'ઓલ રાઈટ...' મેં સ્કૂટર સ્ટાર્ટ કરતાં કહ્યું : 'આવજો ને કાલે... રમા પણ કહેતી હતી કે બહુ દિવસથી કલ્પનાબહેન કેમ




'થૅંક્યુ સો મચ... દોસ્ત થૅન્ક્યુ... હું રાત્રે ભાભીને મળી લઈશ, પણ યાર, તારી સામે એક ફરિયાદ છે. આખી દુનિયા સાંજનાં બૈરા-છોકરાં સાથે આનંદ કરતી હોય ત્યારે તું પ્રેસમાં બેઠો બેઠો ટેલિફોન ખખડાવતો હોય છે. તારી પત્રકાર તરીકેની નોકરીની વિરુદ્ધમાં ભાભીએ ઘણીવાર મારી સમક્ષ ફરિયાદો નોંધાવી છે હોં !' સ્કૂટરને ચાલુ કરતાં જુગલે હસીને કહ્યું. હું માત્ર તેની સામે જોઈને હસ્યો અને તે સ્કૂટર ઉપર અટીરાની દિશામાં ઊપડી ગયો.

દેખાયાં નથી ?'

મેં ઘડિયાળમાં જોયું. પોણા છ વાગી ચૂક્યા હતા. હું સીધો જ પ્રેસકૉન્ફરન્સ માટે ટાઉનહૉલ તરફ ઊપડ્યો. પ્રેસકૉન્ફરન્સ લગભગ સાડા છ વાગે પૂરી થઈ ગઈ, પણ મારું મન કે ધ્યાન એમાં જરાયે ચોંટ્યું નહીં. આખોય વખત એક જ વિચાર આવતો હતો કે કલ્પના જેવી એક સુશીલ છોકરીને જુગલ જેવા ઉમદા યુવાન માટે આવો મત કેમ બંધાયો ? વાત મારા ગળે ઊતરતી નહોતી. એ જ વિચારવમળોના અંકોડા શોધવા મથતો હું પ્રેસ તરફ ફંટાયો. અચાનક મારી બાજુમાં થઈ પુરપાટ વેગે દોડીને ઓવરટેક કરી ગયેલી રિક્ષાના પાછળના ભાગમાં મારી નજર ગઈ. વાત મારા માન્યમાં આવતી નહોતી... કલ્પના અને જુગલને એમાં બેઠેલાં જોઈ હું અવાક્ થઈ ગયો. 'જે છોકરી હમણાં જેની ટીકા કરતી હતી તે...' હું કંઈ વિચારું એ પહેલાં જ વાહનોની ગિરદીમાં રિક્ષા અદૃશ્ય થઈ ગઈ અને હું પ્રેસ તરફ વળ્યો.

રાત્રે નવ વાગે રમાનો ફોન આવ્યો. તેણે કહ્યું કે જુગલ આવ્યો હતો અને અગાઉ વાત કર્યા મુજબ પૈસા લઈ ગયો છે.

જુગલ વિશે અને ખાસ કરીને હવે કલ્પના વિશે મેં જાતજાતની ધારણાઓ બાંધવા માંડી.

મોડી રાત્રે પ્રેસના કામથી પરવાર્યો અને ઘર તરફ જવાની તૈયારી કરતો હતો ત્યાં જ જુગલનો ફોન આવ્યો. અત્યારે ને અત્યારે જ તે મને એક ચોક્કસ સ્થળે બોલાવી રહ્યો હતો. મેં સરનામું લઈ લીધું. હું તે સ્થળે અંધારી ગલીઓને પસાર કરતો પહોંચ્યો.

સ્ટ્રીટ લાઈટનો લૅમ્પ ઊડી ગયો હતો... જૂની બાંધણીવાળા એક પાકા મકાનની નીચેની બત્તીઓ બંધ હતી, પરંતુ વૅન્ટીલેટર પ્રકાશતું હતું. મેં નીચેના દાદરેથી બેલનું બટન દબાવ્યું.

થોડીકવાર બાદ એક બારી ખૂલી. બારીમાંથી કોઈકે ડોકિયું કર્યું. એ જુગલ હોય એમ લાગ્યું.

'કોણ ?'

'પરીખ'

'એક મિનિટ...' કહીને જુગલ અડધી જ મિનિટમાં દાદરો ઊતરી નીચે આવ્યો. બારણું ખોલીને મને ઉપર લઈ ગયો.

સામેના સૉફા પર સફેદ વસ્ત્રોમાં એક પ્રૌઢ પારસી જેવા લાગતા ગૃહસ્થ કરડાકીભરી નજરે બેઠા હતા. મને આવકારવાની પણ એમણે પરવા કરી નહીં.

જુગલને મોં પર પરસેવાના રેલા હતા. આંખોમાં નિરાશા હતી. છાતી જોરજોરથી ધબકતી હતી.

'દોસ્ત !' જુગલ બોલ્યો : 'કહ્યા મુજબ ભાભી પાસેથી હું પૈસા લઈ આવ્યો છું, પણ મારે હજુ થોડી વધુ મદદની જરૂર છે... ના પાડીશ નહીં... હું તને વિગતે વાત કરું છું. તારી મદદથી એક છોકરીનો જાન બચી શકે તેમ છે... સામે કર્ટેઈન દેખાય છે ને ! એની પાછળ એક યુવતી સૂતેલી છે... અત્યારે બેહોશ છે. તેને દહાડા જાય છે. હું ભગવાનના સોગંદ ખાઈને કહું છું કે એ ભૂલ મારી નથી. એની પોતાની છે. હું એને ચાહું છું અને છતાં એની ભૂલ હું મારા માથે લઈ લેવા તૈયાર છું. હું એને કંઈ જ પૂછવા માગતો નથી, પણ હવે તે બે જ રસ્તા અપનાવવા માગે છે. કાં આપઘાત કાં ગર્ભપાત. હું બંનેનો વિરોધ કરું છું. એ સંતાનને હું સ્વીકારી લેવા તૈયાર છું. પણ એ માનતી નથી. એના મગજ પર અસર થઈ છે એટલે આ ડૉક્ટર સાહેબે ઘેનનું ઈંજેક્શન આપ્યું છે.

સાહેબનું કહેવું છે કે ઑપરેશન જ કરવું પડશે, પણ મારી પાસે પૈસા...'

એકીશ્વાસે બોલી રહેલા જુગલની આંખો મારી સામે યાચનાભરી દૃષ્ટિ ફેંકી રહી.

'એ વ્યવસ્થા થઈ રહેશે, પણ એકવાર મને છોકરીનું મોં જોવા દેવાની શરતે.' મેં ટૂંકમાં પતાવ્યું.

'અરે મારા ભાઈ.... તારાથી મારી જિંદગીનું એક પણ પાનું છૂપું નથી. ચાલ અત્યારે જ જોઈ લે.' જુગલે મારો હાથ પકડી મને ઊભો કરતાં કહ્યું. અમે કર્ટેન પાસે ગયા. પડદો હટાવી દીધો. હું એ છોકરીને જોતાં જ

બોલી ઊઠ્યો : 'આ તો કલ્પના કે ?'

'ના ભઈ ના, એ છે કિન્નરી, કલ્પનાની સગી બહેન... ટ્વીન્સ.' જુગલે સ્પષ્ટતા કરી.

'આબેહૂબ કલ્પના' મારાથી બોલી જવાયું. મેં ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું.

કિન્નરી કલ્પના કરતાં સહેજ ભરાવદાર અને ઊજળી ભાસતી હતી.

'ડૉક્ટર સાહેબ, તેને બચાવવી જ પડશે... તે બાળક ના ઈચ્છતી હોય તો તેમ કરો. તેને મરવા તો નહીં જ દેવાય. હું હમણાં જ પૈસા લઈને આવું છું.' એમ કહેતાં હું દાદરા તરફ વળ્યો.

હું ઘેર પહોંચ્યો. ત્યારે કલ્પના કિન્નરીની શોધમાં મારા ઘેર આવીને બેઠી હતી. મેં ધડ દઈને વિધાન કર્યું : 'કલ્પનાબેન, તમારો અભિપ્રાય પાછો ખેંચો...

જુગલ ખરેખર ઉમદા માણસ છે. ચાલો, તમારે મારી સાથે આવવાનું છે.' કલ્પના એ વિસ્મયભરી દૃષ્ટિ નાખતી મારી સામે જોઈ રહી.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### સૂર્યપ્રકાશ વિના જીવતો મની પ્લાન્ટ

વિષુવવૃત્તમાં આવેલા પુષ્કળ વરસાદવાળા રેઇનફોરેસ્ટમાં નાના છોડથી માંડીને તોતિંગ વૃક્ષોની ગીચ ઝાડી હોય છે. જમીન પર ઊગતા નાના છોડને સૂર્યપ્રકાશ માંડ માંડ મળે અને સતત ભેજવાળા વાતાવરણમાં વિકાસ કરવો પડે છે. દરેક સજીવ પર્યાવરણ સાથે અનુકુલન સાધીને વિકાસ કરે છે,



સજીવ ખોરાક અને રક્ષણ મેળવવા વિવિધ રસ્તાઓ આપમેળે ખોળી કાઢે છે. વર્ષા જંગલમાં મોટા વૃક્ષોની છાયામાં ઊગતા છોડ ઓછા સૂર્યપ્રકાશમાંય પાણીમાંથી ખોરાક મેળવવાનું શીખી ગયા અને તેમાંથી જન્મ્યો મની પ્લાન્ટ, આપણા ઘરમાં પાણી ભરેલી બોટલમાં પણ મનીપ્લાન્ટ વિકાસ પામે વળી તેને જમીન કે ખાતરની પણ જરૂર નથી. માત્ર પાણી જ એનો ખોરાક. પાણીમાં તેના પૂરતા ક્ષાર અને ખનીજ તો હોય જ છે એટલે તે ઘરમાં સૂર્યપ્રકાશ વિના પણ વિકાસ પામે છે. મનીપ્લાન્ટ ઘરમાં રાખવાથી પૈસાની તંગી પડતી નથી તેવી માન્યતા છે, પરંતુ તેના પાન ગોળાકાર અને જાડા સિક્કા જેવા હોવાથી તેનું નામ મનીપ્લાન્ટ પડયું છે. મનીપ્લાન્ટના ગોલ્ડનપોથોસ, હન્ટર્સ રોબ, આઈવી એરમ, સિલ્વરવાઈન જેવા અનેક નામ છે. મની પ્લાન્ટમાં સારી રીતે કાળજી લેવાય તો ૨૦ મીટર ઊંચા અને બે ઇંચના વ્યાસના થાય છે. તે કાયમ લીલી રહેતી વનસ્પતિ છે.

### શિકારી પક્ષીઓની વિશેષ વાતો

શિકારી પક્ષીઓ નાના પક્ષીઓ અને પ્રાણીઓનો શિકાર કરે છે અને માત્ર માંસાહાર કરે છે. સૌથી ઊંચે ઉડનારા અને સૌથી મોટા કદનાં આ પક્ષીઓની અન્ય વિશેષતાઓ પણ રસપ્રદ છે. શિકારી પક્ષીઓ અન્ય શિકારી પક્ષીઓની હદમાં માળા બાંધતાં નથી. તેઓ પોતાના રેહણાંકની હદનું મોટા અવાજ કરીને સતત ઊડતા રહી સીમાંકન કરે છે. અન્ય પક્ષીઓને પોતાની હદમાં આવવા દેતા નથી. મોટા શિકારી પક્ષીઓને ખોરાકની વધુ જરૂર પડે છે એટલે વિસ્તાર પણ મોટો, ગોલ્ડન ઇગલનું ક્ષેત્ર લગભગ ૨૫ ચોરસ કિલોમીટર હોય છે. નાના બાજ અને ઘુવડ જેવા શિકારી પક્ષીઓ પોતાની હદમાં સમૂહમાં રહે છે. શિકારી પક્ષીઓના પીંછા બરછટ અને લગભગ કાળા કે રાખોડી હોય છે તે આકર્ષક કે રંગીન હોતાં નથી. શિકારી પક્ષીઓનાં બચ્ચાં પુખ્ત થાય ત્યાં સુધી નબળાં અને નિસહાય હોય છે. ઊડતાં શીખે પછી જ શક્તિશાળી બને છે.



શિકારી પક્ષીઓની દૃષ્ટિ તીવ્ર હોય છે. આકાશમાં ઊડતાં આ પક્ષીઓ જમીન પરના નાના ઉંદરને પણ જોઇ શકે છે. પાણીમાં તરતી માછલીને આ શિકારી પક્ષીઓ સીધી દૃષ્ટિએ જોઇ શકે છે. વક્રીભવનની અડચણ તેને નડતી નથી.

# ભારતમાં ગંભીર આર્થિક મંદી, સરકાર તાત્કાલિક પગલાં લે : આઈએમએફ

વોશિંગ્ટન : આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (આઈએમએફ)એ જણાવ્યું છે કે ભારતમાં આર્થિક મંદી ગંભીર સ્થિતિ પર પહોંચી છે. ભારત વૈશ્વિક વૃદ્ધિને ચાલકબળ પૂરું પાડતા અર્થતંત્રો પૈકીનું એક છે તેથી ભારત સરકારે આર્થિક મંદી દૂર કરવા માટે ઝડપથી પગલાં લેવાં જોઈએ. ઘટી રહેલાં માગ, ઉપાડ, મૂડીરોકાણ અને મહેસૂલી આવકે અન્ય પરિબળો સાથે મળીને વિશ્વના સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રો પૈકીના એક ભારતીય અર્થતંત્રની ગાડીને બ્રેક મારી છે. આઈએમએફ એશિયા એન્ડ પેસિફિક ડિપાર્ટમેન્ટના વડા રાનિલ સાલગાડોએ જણાવ્યું હતું કે કરોડો લોકોને ગરીબી રેખાની ઉપર લાવ્યા પછી ભારતીય અર્થતંત્ર ગંભીર આર્થિક મંદીમાં ફસાયું છે. ભારતીય અર્થતંત્રના ગ્રોથરેટને વધારવા માટે તાત્કાલિક નીતિવિષયક પગલાં લેવાની જરૂર છે. જોકે , વિકાસને વેગ આપવા માટે ભારત સરકાર પાસે ખર્ચ કરવાની છૂટછાટ ઘણી ઓછી છે. સાલગાડોએ જણાવ્યું હતું કે, જો આર્થિક મંદી વધુ ઘેરી બને તો ભારતીય રિઝર્વ બેન્ક પાસે હજુ વ્યાજદરોમાં વધુ ઘટાડો કરવાની તક છે. અમે હજુ પણ માનીએ છીએ કે ભારતમાં આર્થિક મંદી સ્ટ્રક્ચરલ નહીં પરંતુ સાઈક્લિક છે. ફાઈનાન્શિયલ સેક્ટરની સમસ્યાઓના કારણે અમે માનીએ છીએ કે ધાર્યા પ્રમાણે રિકવરી એટલી ઝડપી રહેશે નહીં. આ મુખ્ય સમસ્યા છે.

# ગૂગલનાં CEO સુંદર પિચાઈને સૌથી વધુ ૨૪૨ મિલિયન ડોલરનું પેકેજ

સાન ફ્રાન્સિસ્કો : ગૂગલ તેમજ અન્ય કંપનીઓની પેરન્ટ કંપનીનાં નવા વરાયેલા સીઈઓ સુંદર પિચાઈને વર્ષ ૨૦૨૦માં વેતનનાં પેકેજ તરીકે ૨૪૨ મિલિયન ડોલરની જંગી રકમ ચૂકવવામાં આવશે. આગામી ૩ વર્ષ સુધી તેમને પર્ફોર્મન્સનાં આધારે કંપનીનાં ૨૪૦ મિલિયન ડોલરનાં શેર આપવામાં આવશે જ્યારે ૨ મિલિયન ડોલરનો પગાર ચૂકવવામાં આવશે. ગયા વર્ષે કંપનીનાં પૂર્વ સીઈઓ લેરી પેજને આ કામ માટે ૧ મિલિયન ડોલરનો પગાર ચૂકવાયો હતો. સર્ચ એન્જિન સેક્ટરની અગ્રણી કંપનીનાં કોઈપણ ટોચના અધિકારીને આપવામાં આવેલું આ મોટામાં મોટું પગાર પેકેજ છે.

પિચાઈએ ગૂગલ ક્રોમ બ્રાઉઝરને સફળ બનાવવા માટે ભારે જહેમત કરી હતી પિચાઈએ ગૂગલ ક્રોમ બ્રાઉઝર તેમજ ગૂગલ ટૂલબારને સફળ બનાવવા માટે ભારે જહેમત કરી હતી. તેઓ માઈક્રોસોફ્ટનાં સંભવિત સીઈઓ તરીકે ફ્રન્ટ રનર હતા. જો કે ફેબ્રુઆરી ૨૦૧૪માં સત્યા નદેલાને માઈક્રોસોફ્ટનાં સીઈઓની કામગીરી સંભાળી હતી. એપલનાં સીઈઓ ટીમ કૂકે જ્યારે કાર્યભાર સંભાળ્યો ત્યારે તેમને સૌથી વધુ ૩૭૬ મિલિયન ડોલરનું પેકેજ આપવામાં આવ્યું હતું.

# ચીન જાન્યુઆરીથી ૮૫૦ વસ્તુઓ પર આયાત ડયુટીમાં ઘટાડો કરશે

બેઈજિંગ : ચીન આગામી વર્ષે જાન્યુઆરીથી ફ્રોઝન પોર્ક(ડુક્કર) સહિત લગભગ ૮૫૦ વસ્તુઓ પરની આયાત ડયુટીમાં ઘટાડો કરશે તેમ ચીનના નાણા મંત્રાલયે સોમવારે આ માહિતી આપી હતી. સરકારના આ નિર્ણયને કારણે પોર્કના પુરવઠામાં સર્જાયેલી તંગી દૂર થશે. ઉલ્લેખનીય છે કે આફ્રિકન સ્વાઈન ફિવરને કારણે ચીનમાં ડુક્કરોની અછત સર્જાઇ હતી. અલાંખોની સંખ્યામાં ડુકકરોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતાં. જેના કારણે પોર્કના માંસના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. ચીનના નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે ફ્રોઝન પોર્ક પરની આયાત ડયુટી ૧૨ ટકાથી ઘટાડીને આઠ ટકા કરવામાં આવશે. ટેરિફ કમિશનના જણાવ્યા અનુસાર આ પરિવર્તનને કારણે વેપાર માળખું વધુ મજબૂત બનશે અને અર્થતંત્રને ઉંચા દરે વિકાસ સાધવામાં મદદ મળશે. જે અન્ય વસ્તુઓ પર ડયુટી ઘટાડવામાં આવશે તેમાં માછલી, ચીઝ ઉપરાંત ફાર્મા તથા કેમિકલ ઉત્પાદન સામેલ છે. મંત્રાલયની વેબસાઈટ અનુસાર આગામી મહિને જુલાઈથી કેટલીક ટેકનોલોજી વસ્તુઓ ઉપર પણ ડયુટી ઘટાડવામાં આવશે. ન્યૂઝીલેન્ડ, સ્વીટ્ઝરલેન્ડ, આઈસલેન્ડ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, પાકિસ્તાનમાંથી આયાત થતી વસ્તુઓ પરની ડયુટીમાં પણ ઘટાડો કરવામાં આવશે.

# બુર્કીના ફાસોમાં મોટો આતંકી હુમલો, ૪૦ લોકોના મોત, ૮૦ આતંકીઓ ઠાર



આફ્રિકન દેશ બુર્કિના ફાસોમાં એક આતંકવાદી હુમલામાં ૪૦ લોકોના મોત થયા છે. સુરક્ષાબળોની સાથે અથડામણમાં ૮૦ આતંકવાદીને પણ ઠાર કરાયા છે. દેશના રાષ્ટ્રપતિ રોચ માર્ક કાબોરે તેની માહિતી આપતા કહ્યું કે આતંકી હુમલા બાદ સુરક્ષાબળોની સાથે થયેલ અથડામણમાં અંદાજે ૮૦ આતંકવાદી ઠાર કરાયા. દુનિયાભરમાં ઉજવાઈ રહેલા ક્રિસમસના તહેવારની ઉજવણીની વચ્ચે બુર્કિના ફાસોની ઘટનાએ દુનિયા આખીને હચમચાવી દીધી છે. રાષ્ટ્રપતિએ આ મોટા આતંકી હુમલાની માહિતી ટ્વિટર પર આપી. હુમલામાં મૃતકોમાં સૌથી વધુ મહિલાઓ છે. બુર્કિના ફાસોની સેના એ કહ્યું કે અરબિંદા શહેરમાં સવાર સવારમાં થયેલા આ આતંકી હુમલામાં ૭ જવાનોના મોત થયા છે. હુમલામાં કેટલાંય નાગરિત અને ૮૦ આતંકીઓના મર્યાના સમાચાર આપ્યા. છેલ્લાં પાંચ વર્ષમાં બુર્કિના ફાસોમાં આ સૌથી મોટી આતંકી ઘટના છે. સોઉમ પ્રાંતના અરબિંદામાં એક સૈન્ય ઠેકાણા પર આતંકીઓએ હુમલો કર્યો. બુર્કિના ફાસોના પાડોશી દેશ માલી અને નાઈઝર છે જ્યાં મોટાભાગે આતંકી હુમલા થતા રહે છે. આ આખા વિસ્તારમાં ૨૦૧૫ની આસપાસ આતંકી ઘટનાઓમાં વધારો જોવા મળ્યો. રાષ્ટ્રપિત રોચ માર્ક એ કહ્યું કે જવાનોની સાહસી કાર્યવાહીમાં ૮૦ આતંકી ઠાર કરાયા હતા.

## સ્થૂળકાય શરીરની સેક્સ લાઈફ ઉપર થતી અસરો



તનસ્વી તન, મનસ્વી મન

ડો. મુકુલ ચોક્સી

ગતાંકથી શરૂ...

- આથી વિરુદ્ધ ઘણાખરા મધ્યવયસ્ક જાડિયાપાડિયાઓ યુવાવયે પાતળ, ચુસ્ત, સ્લીક, મસ્ક્યુલર હોવાની સંભાવના છે. તેમની પત્નીઓને પાછળથી ઉમેરાયેલી આ સ્થૂળતા પારવાર નડી શકે છે. તેમને તેમના પતિદેવોની નવી શ્રીગણેશ જેવી યા સોટી-પોઠીમાંના પોઠી જેવી બોડીઈમેજ માફક નથી આવતી.

- સેક્સ કર્મમાં ચાપલ્ય, ચંચલતા, સહજપણું, ઈઝ ઓફ મુવમેન્ટ, તીવ્ર આકર્ષકતા વગેરેની જરૂર પડે છે. વેરીએશન્સ, બદલાતા આસનો વગેરે પણ ઘણા યુગલોની જીવાદોરી સમાન હોય છે. સ્થૂળતા ક્યારેક આ બધાનો ભોગ લઈ લે છે.

-જેમ પુરુષનો મેદસ્વીતા ઉત્તમ સેક્સ લાઈફમાં બાધારૂપ હોય છે. તેમ જ કદાચ તેથીય વધુ માત્રામાં સ્ત્રીની સેક્સલાઈફ સ્થૂળતાને લીધે બગડી શકે છે. કેમકે સ્ત્રીને આકર્ષક દેખાવ ધરાવતા પુરુષની જેટલી જરૂર હોય છે. એથી વધુ પરુષને આકર્ષક દેખાતી સ્ત્રીની જરૂર હોય છે. આમ સ્ત્રી જો મેદસ્વી થઈને અનાકર્ષક બની જાય તો તેના પતિને નિરસતા, અપાકર્ષણ યા અરૂચિ આવવાની સંભાવના ખૂબ વધી જાય છે.

- પતિની જરૂરિયાત કરતાંય વધુ તો સ્ત્રીને પોતાને સુંદર દેખાવું ગમે છે. પ્રત્યેક સ્ત્રી પોતાના સૌંદર્યુ અંગે સભાન તથા ચિંતિત હોય છે. પ્રસાધનનો આખો અબજો ડોલરનો ઉદ્યોગ આ મૂળભૂત વૃત્તિ ઉપર તો નિર્ભર છે. સ્થૂળતા, મેદસ્વીતા સ્ત્રીના સૌંદર્યના હણે છે, જે કોઈ સ્ત્રીને પરવડતું નથી.

- મેદસ્વીતા કેટલીક સ્ત્રીઓમાં ડિપ્રેશન, ફ્રસ્ટ્રેશન, નિરાશા લાવે છે. જેનાથી કામેચ્છા હજુ વધુ મંદ પડી જાય છે. આમ પાર્ટનરની અરૂચિમાં પોતાની અરુચિ ભળવાથી ક્યારેક સેક્સલાઈફ શૂન્ય બનીને રહી જાય છે.

- મેદસ્વીતાને લીધે ઊભી થયેલી અરુચિ યોનિસ્ત્રાવમાં ઘટાડો, ઈનએડીક્વેટ ફોરપ્લે વગેરે જન્માવે છે. જેથી કોઈટલ પેઈન થઈ શકે છે. આમ એક નેગેટિવ વિશિયસ સાઈકલ સેટ થઈ જાય છે.

- મધ્ય વયે સ્ત્રીઓમાં આવતી ઓબેસીટી ઘણા યુલગો વચ્ચેના ખટરાગનું મહત્ત્વનું કારણ છે. સ્ત્રી મેનોપોઝ દરમિયાન સ્થૂળ બની શકે છે. જેથી પતિ અરુચિ દાખવે છે. લો ઈસ્ટ્રોજન, ડીસ્ટર્બ્ડ બોડી ઈમેજ, સમાગમ દરમિયાનની પીડાઓ વગેરેથી તેઓ વચ્ચેનું અંતર વધે છે. પોતાની બોડી ઈમેજ પ્રત્યે વધુ કોન્શિયસ સ્ત્રીઓ વધુ હેરાન થાય છે.

(ક્રમશઃ આવતા અંકે)

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**



મુંઝવણ

**પ્રશ્ન : નમસ્તે સર, મારી ઉંમર ૨૫ વર્ષની છે. મારા લિંગમાં ઉત્તેજના નથી થતી, મેં અમારા ફેમિલી ડોક્ટરને બતાવ્યું તો તેમણે મને જણાવ્યું કે હોર્મોન્સમાં બદલાવ આવ્યો હોય તેના કારણે લિંગમાં ઉત્તેજના ન આવતી હોય. તો મારે જાણવું છે કે લિંગમાં ઉત્તેજના આવે તે માટે શું કરવું? મને કોઇ આયુર્વેદિક પદ્ધતિ જણાવશો જેથી મારી આ તકલીફ દૂર થઇ જાય.**

જવાબ : હોર્મોન્સમાં બદલાવ આવે ત્યારે કોઈવાર લિંગમાં ઉત્તેજના ન આવે એવું નથી બનતું હોતું, બને કે તમને બીજી કોઈ તકલીફ હોય, આ માટે બીજો કોઈ ઉપાય કરતાં પહેલાં તમે કોઈ સારા ડોક્ટરને આ વિશે વાત કરો, આ માટે કોઈ સેક્સોલોજિસ્ટનો સંપર્ક કરો, તમને ખરેખર શું તકલીફ છે તે જાણો અને પછી જ દવા કરાવડાવો, આ માટે જાતે કે કોઈને પૂછીને દવા કરીને નવી મુશ્કેલી વહોરવાને બદલે પ્રોપર ટ્રીટમેન્ટ કરાવડાવો, કેમ કે તમારી ઉંમર ઘણી નાની છે. આટલી નાની ઉંમરમાં હોર્મોન્સને લગતો તો કોઈ પ્રશ્ન જ ન હોય.

**પ્રશ્ન : મારી ઉંમર ૨૪ વર્ષ છે. મારા ઘરમાં મારા માટે છોકરાઓ જોવાઇ રહ્યા છે. મારી સમસ્યા એ છે કે મારી બ્રેસ્ટ ખૂબ જ નાની છે, મેં ઘણી જગ્યાએ વાંચ્યું છે કે નાની બ્રેસ્ટવાળી છોકરીઓ પુરુષને નથી ગમતી હોતી. તો મને આ અંગે ખૂબ ચિંતા થઇ રહી છે. વળી મને પણ અમુક કપડાં આ કારણે નથી સારાં લાગતાં, તો મને આ અંગે કોઇ ઉપાય જણાવશો.**

જવાબ : ખોટી માન્યતા છે, ખરેખર તો યુવાનો જાણે છે કે નાની બ્રેસ્ટ ધરાવતી સ્ત્રીઓ વધારે જલદી ઉત્તેજિત થઈ જતી હોય છે. તમારે કોઈપણ જાતનું ક્રીમ કે દવા કામમાં નહીં આવે. રહી વાત કપડાંની તો આ માટે તમે પેડેડ ઈનરવેર પહેરી શકો છો.

**પ્રશ્નઃ મારી અને મારી મંગેતરની ઉંમર ૨૪ વર્ષ છે. અમારી સગાઇને ઘણો સમય થઇ ચૂક્યો છે. મારો પ્રશ્ન એ છે કે તે મારી સાથે સરખી રીતે વાત નથી કરતી. તે મને એનું કારણ એ જણાવે છે કે તેને લગ્ન સુધીનો સમય જોઇએ છીએ. મારી સમસ્યા એ છે કે હું તેની સાથે વાત કર્યાં વગર રહી નથી શકતો. તેની અમુક વાત પરથી એવું તો લાગે છે કે તે મને પ્રેમ કરતી હશે પણ તે વાત નથી કરતી, તો મારે શું કરવું જોઇએ?**

જવાબ : ભાઈ, તમે આ સંજોગોમાં માત્ર એક જ કામ કરી શકો કે તેની સાથે બેસીને ચર્ચા કરો. તેને જણાવો તમને તેના માટે કેટલી લાગણી છે, અને તેના આવા વર્તનને કારણે તમને તકલીફ થાય છે. તેને સમજાવો કે તેને જો આ સંબંધ મંજૂર ન હોય તો તે તમને જણાવી દે, કેમ કે લગ્ન પછી તેનું મન નહીં માને તો તમારી અને તેની બંનેની જિંદગી બગડશે. તેને સમજાવો કે જે પણ મનમાં પ્રશ્નો હોય, શંકા હોય તે વિશે ખુલ્લા દિલથી તમારી સાથે વાત કરશે તો તમે મળીને તે અંગે કોઈ ઉપાય શોધી શકશો. આમ વાત ન કરવાથી કે કોઈ પ્રશ્નને અવગણવાથી, કોઈને ઈગ્નોર કરવાથી ઉપાય મળવાને બદલે વાત વધારે વણસશે અને નિવેડો આવવાને બદલે વધારે ગૂંચવાશે. જો તે તેના મનની તકલીફ તમને જણાવી દેશે તો લગ્ન પહેલાં જ તેનું સોલ્યુશન આવી શકશે.

**પ્રશ્ન : મારી જાણ કારી મુજબ પિરિયડ્સના એક અઠવાડિયા પહેલાંનો અને એક અઠવાડિયા પછીનો સમયગાળો સમાગમ કરવા માટે સલામત ગણાય છે. શું આ સમયગાળો ૧૦૦ ટકા સલામ છે? આ ગાળામાં ગર્ભ રહેવાની કોઈ શક્યા ખરી?**

ઉત્તર : માસિકપાળી આવવાના એક અઠવાડિયા પહેલાં અને એક અઠવાડિયા પછીના સમયગાળામાં સમાગમ કરવાથી ગર્ભ રહેવાની શક્યતા ઓછી હોય છે, પણ નથી હોતી એવું નથી. માસિકપાળીના પહેલા જ દિવસે સમાગમ કર્યો હોય તોય ગર્ભ રહ્યો હોવાના કિસ્સાઓ મોજૂદ છે. એટલે તમે જ્યારે પણ ગર્લફ્રેન્ડ સાથે સમાગમ કરો ત્યારે ૧૦૦ ટકા સુરક્ષિતતા ઈચ્છતા હો તો કોન્ડોમ (નિરોધ) પહેરીને જ સમાગમ કરવો હિતાવહ રહેશે.



## ઈજાગ્રસ્ત બિયાન્કા આન્દ્રેસ્કૂ ઓકલેન્ડમાં ભાગ નહીં લે

વેલિંગ્ટન : યુએસ ઓપન બિયાન્કા આન્દ્રેસ્કૂ ઘૂંટણની ઈજાના કારણે ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમની પૂર્વતૈયારી રૂપે રમાતી ઓકલેન્ડ ક્લાસિક ટેનિસ ટૂર્નામેન્ટમાંથી ખસી ગઈ છે. ચાલુ વર્ષે વર્લ્ડ રેન્કિંગમાં ૧૫૨મા ક્રમાંકેથી પાંચમા ક્રમે પહોંચી ગયેલી કેનેડાની ૧૯ વર્ષીય ખેલાડીને ઓકલેન્ડ ક્લાસિકમાં ટોચનો ક્રમાંક અપાયો હતો પરંતુ આયોજકોએ જણાવ્યું હતું કે બિયાન્કા ઘૂંટણની ઈજાના કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયન ઓપનમાં તે રમી શકશે કે નહીં તે અંગે કોઈ ખુલાસો કરવામાં આવ્યો નહોતો. આન્દ્રેસ્કૂએ ચાલુ વર્ષે ત્રણ મેજર ટૂર્નામેન્ટ ઇન્ડિયન વેલ્સ, ટોરન્ટો ઓપન તથા યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમના ટાઇટલ જીત્યા હતા.

## ICC રેંકિંગ કચરો છે : માઇકલ વોન

સેંચુરિયન । ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઇકલ વોને એક મુલાકાતમાં કહ્યું હતું કે આઈસીસી રેંકિંગ કચરો છે. તેણે ઇંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડની ટીમના દેખાવને લઈને આ પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું હતું કે મને ખબર નથી કે ન્યૂઝીલેન્ડે કોઈ સિરીઝ જીતી છે છતાં એ બીજા ક્રમાંકે છે. ઇંગ્લેન્ડ ગત કેટલાક સમયથી સંઘર્ષ કરે છે પણ એ ચોથા સ્થાને છે. તેણે એશિઝ સિરીઝ ડ્રો કરી છે. તેણે આયર્લેન્ડને હરાવ્યું છે. મને લાગે છે કે ન્યૂઝીલેન્ડ બીજા સ્થાને રહેવાને લાયક નથી. ઓસ્ટ્રેલિયા એનાથી બહેતર છે અને છતાં એ પાંચમા સ્થાને છે. મને લાગે છે કે દુનિયામાં ભારત અને ઓસ્ટ્રેલિયાની જ બે ટીમો સર્વશ્રેષ્ઠ છે.

### દશકાના પાંચ સર્વશ્રેષ્ઠ વિઝડન ક્રિકેટર્સમાં

# કોહલીને સ્થાન : ધોની-રોહિત બાકાત

લંડન : ભારતીય સુકાની વિરાટ કોહલીને વિઝડન ક્રિકેટ અલમાનેક દ્વારા ચાર અન્યની સાથે દશકાના પાંચ સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોમાં સ્થાન આપ્યું છે. કોહલી ઉપરાંત સાઉથ આફ્રિકાના ડેલ સ્ટેઈન તથા એબી ડીવિલિયર્સ, ઓસ્ટ્રેલિયાના સ્ટિવ સ્મિથ અને વિમેન્સ ક્રિકેટની દિગ્ગજ ઓલરાઉન્ડર એલિસ પેરીને આ યાદીમાં સ્થાન અપાયું છે. કોહલીએ છેલ્લા ૧૦ વર્ષમાં કોઈ અન્ય બેટ્સમેનની સરખામણીમાં ૫,૭૭૫ વધારે રન બનાવ્યા છે અને તે દશકાનો સર્વશ્રેષ્ઠ બેટ્સમેન રહ્યો છે. ૩૧ વર્ષીય કોહલીને દશકાની વિઝડન ટેસ્ટ ટીમમાં પણ સુકાની તરીકે પસંદગી કરવામાં આવી હતી. તેનો બેસ્ટ વન-ડે ટીમ ઓફ ધ સેન્ચ્યુરીમાં પણ સમાવેશ કરવામાં આવ્યો છે. 'ધ ક્રિકેટર'માં દાયકાના સર્વશ્રેષ્ઠ ૧૦ ક્રિકેટરોમાં પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની



અથવા રોહિત શર્માનાં નામ શામેલ નથી.

વિઝડને લખ્યું છે કે કોહલી પ્રતિભાશાળી છે. ૨૦૧૪ના ઈંગ્લેન્ડના પ્રવાસના અંતથી લઈને બાંગ્લાદેશ સામે નવેમ્બર ૨૦૧૯માં કોલકાતા ખાતે રમાયેલી ડે-નાઈટ ટેસ્ટ મેચમાં ૬૩ની સરેરાશથી રન બનાવ્યા છે જેમાં ૨૧ સદી અને ૧૩ અડધી સદીનો સમાવેશ થાય છે. તે ત્રણેય ઈન્ટરનેશનલ ફોર્મેટમાં ઓછામાં ઓછા ૫૦ની એવરેજથી રન બનાવનાર બેટ્સમેન છે. નોંધનીય છે કે ઓસ્ટ્રેલિયાના સિનિયર ખેલાડી સ્ટિવ સ્મિથે પણ તાજેતરમાં જણાવ્યું હતું કે કોહલી જેવો કોઈ બેટ્સમેન નથી. વિઝડનના અનુસાર સચિન તેંડુલકરની નિવૃત્તિ બાદ મહેન્દ્રસિંહ ધોનીની કારકિર્દી પૂરી થવાના આરે આવી છે ત્યારે વિશ્વમાં કોઈ પણ અન્ય ક્રિકેટર એવો નથી જે કોહલી જેવા દબાણમાં રમતું નથી.

## કોહલીની વિરાટ ઈનિંગથી ભારતે વિન્ડીઝ સામે વન-ડે શ્રેણી જીતી

કટક : કટકમાં રમાયેલી વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી અને અંતિમ વન-ડેમાં ભારતે ચાર વિકેટે વિજય સાથે આ વન-ડે સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝે ૫૦ ઓવરમાં પાંચ વિકેટે બનાવેલા ૩૧૫ રનની સામે ભારતે ૪૮.૪ ઓવરમાં ૬ વિકેટે ૩૧૬ રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતે સતત ૧૦મી દ્વિપક્ષીય વન-ડે શ્રેણી જીતી લીધી છે. વિરાટ કોહલીને મેન ઓફ ધ મેચ અને રોહિત શર્માને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયા હતા. આ મેચમાં જીત માટે વિરાટ કોહલીએ કેપ્ટન્સ ઈનિંગ રમી હતી. તેણે ૮૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

# ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડની ટેસ્ટ નિહાળવા વિક્રમી સંખ્યામાં પ્રેક્ષકો એમસીજી પહોંચ્યા

- ૮૦ હજાર કરતાં વધારે પ્રેક્ષકો હાજર રહ્યા

મેલબોર્ન : ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અહીં રમાતી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ગુરુવારે એટલે કે બોક્સિંગ-ડે (૨૬મી ડિસેમ્બર) ના દિવસે ૮૦ હજાર કરતાં વધારે પ્રેક્ષકો મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) ખાતે હાજર રહ્યા હતા. બંને દેશ વચ્ચેની ટેસ્ટ મેચમાં આ નવો રેકોર્ડ છે. બોક્સિંગ-ડે ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયન ક્રિકેટના કેલેન્ડરનો એક મુખ્ય હિસ્સો રહ્યો છે. ઈંગ્લેન્ડ સામે ૨૦૧૩માં રમાયેલી એશિઝ મેચના પ્રથમ દિવસે કુલ ૯૧,૧૧૨ પ્રેક્ષકો એમસીજી ખાતે હાજર રહ્યા હતા. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાતી મેચના પ્રથમ દિવસે ૮૦,૪૭૩ પ્રેક્ષકોએ સ્ટેડિયમમાં પોતાની હાજરી નોંધાવી હતી. એશિઝ બાદ આ કોઈ અન્ય મેચમાં પ્રેક્ષકો હાજર રહ્યા હોય તેવી આ બીજી વિક્રમી સંખ્યા છે.

### સ્મિથની સદી તરફ કૂચ

મેલબોર્ન : અનુભવી બેટ્સમેન તથા ભૂતપૂર્વ સુકાની સ્ટિવ સ્મિથના અણનમ ૭૭ રન બનાવીને સદી તરફ આગેકૂચ કરતાં ઓસ્ટ્રેલિયાએ અહીં ન્યૂઝીલેન્ડ સામે રમાતી બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ચાર વિકેટે ૨૫૭ રનનો સ્કોર નોંધાવીને પલડું ભારે કર્યું હતું. સુકાની કેન વિલિયમ્સને ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. સ્ટમ્પના સમયે સ્મિથની સાથે હેડ ૨૫ રન બનાવીને રમી રહ્યો હતો. સ્મિથે અણનમ અડધી સદીમાં ૧૯૨ બોલનો સામનો કરીને આઠ બાઉન્ડ્રી તથા એક સિક્સર ફટકારી હતી.

# હું હિન્દુ હતો એટલે પાક.ના ખેલાડીઓ વાત પણ નહોતા કરતાઃ દાનિશ કનેરિયા

નવી દિલ્હી :પાકિસ્તાનના પૂર્વ બોલર શોએબ અખ્તર દ્વારા પાકિસ્તાની ક્રિકેટ ટીમમાં હિન્દુ ખેલાડીઓનાં થતા ઉત્પીડનનું સત્ય રજૂ કરાયા બાદ એક મોટો વિવાદ સર્જાયો છે. પાકિસ્તાની ખેલાડી રહેલા દિગ્ગજ સ્પિનર દાનિશ કનેરીયાએ પણ શોએબ અખ્તરની વાતનું સમર્થન કર્યું છે. દાનિશ કનેરીયાએ કહ્યું કે 'પાક ખેલાડીઓને કનેરીયા સાથે બેસીને ભોજન કરવામાં સમસ્યા થતી હતી, કેમ કે તે એક હિન્દુ ખેલાડી હતો, શોએબ અખ્તરે સાચું કહ્યું. હું એ ખેલાડીઓના નામ બતાવીશ જે મારી સાથે વાત કરવાનું પણ પસંદ કરતા



ન હતા, કેમ કે હું હિન્દુ હતો, એ સમયે આ અંગે બોલવાની હિંમત થતી ન હતી, પરંતુ હવે હું તે બોલીશ અને તેમના નામ પણ જણાવીશ'. અત્રે ઉલ્લેખનિય છે કે શોએબ અખ્તરે એક ચેટ શોમાં ખુલાસો કર્યો કે પુર્વ સ્પિનર દાનિશ કનેરીયા હિન્દુ હતો એટલા માટે પાકિસ્તાની ટીમમાં તેની સાથે ભેદભાવ થતો હતો. શોએબે કહ્યું કે 'વાત ખુલ્લી પડી જશે પરંતુ જણાવી દઉં કે કેટલાક ખેલાડીઓએ મને કહ્યું કે આ (દાનિશ) અહીંથી ભોજન કેમ લઈ રહ્યો છે,મેં કહ્યું કે તને અહીંથી ઉંચકીને બહાર ફેંકી દઈશ. કેપ્ટન હોઈશ તું તારા ઘરનો,તે તને ૬-૬ વિકેટ આપી રહ્યો છે.

ઈંગ્લેંડમાં દાનિશ અને શમીએ જ અમને સીરીઝ જીતાડી હતી'.તેણે કહ્યું કે કેટલાક ખેલાડીઓને તો તે બાબતનો વાંધો હતો કે તે આપણી સાથે બેસીને ભોજન કેમ લે છે'.

## BCCIની બાંગ્લાદેશને ચેતવણી, એશિયા ઈલેવનમાં કોઈ પાકિસ્તાની જોઈએ નહીં

નવી દિલ્હી : બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ માર્ચ મહિનામાં એશિયા અને વર્લ્ડ ઈલેવન વચ્ચેની બે મેચની યજમાની કરી રહ્યું છે. તેનું આયોજન બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા શેખ મુજીબ-ઉર-રહેમાનના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવી રહ્યું છે. આઈસીસીએ આ બંને મેચને ઈન્ટરનેશનલ મેચનો દરજ્જો આપ્યો છે. એશિયા ઈલેવનમાં પાંચ ભારતીય ખેલાડીઓ રમશે પરંતુ બીસીસીઆઈએ બાંગ્લાદેશ બોર્ડને ચેતવણી આપી દીધી છે કે એશિયા ઈલેવનમાં કોઈ પાકિસ્તાની ખેલાડી હોવો જોઈએ નહીં. આ મેચ ૧૮મી તથા ૨૧મી માર્ચે મીરપુર ખાતે રમાશે.

# બુમરાહ-ધવનનું ટી-૨૦, વન-ડેમાં પુનરાગમનઃ હાર્દિક હજુ અનફિટ

### ઓપનર રોહિત શર્માને શ્રીલંકા સામેની ત્રણ મેચોની ટી૨૦ શ્રેણીમાં આરામ અપાયો

મુંબઈ : ફિટનેસ હાંસલ કરી ચૂકેલા પેસ બોલર જસપ્રીત બુમરાહને આગામી મહિને ઘરઆંગણે શ્રીલંકા સામે રમાનારી ટી૨૦ શ્રેણી તથા ઓસ્ટ્રેલિયા સામે રમાનારી વન-ડે ઈન્ટરનેશનલ શ્રેણી માટે જાહેર થયેલી ભારતીય ટીમમાં સ્થાન અપાયું છે. ટોચના બેટ્સમેન રોહિત શર્માને શ્રીલંકા સામેની ટી૨૦ શ્રેણીમાં આરામ અપાયો છે. ડાબોડી ઓપનર શિખર ધવનને પણ બંને ટીમમાં પુનરાગમન કર્યું છે. ધવન સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની મેચમાં ઈજાગ્રસ્ત થયો હતો અને તેને ઘૂંટણમાં ૨૫ ટાંકા લેવા પડ્યા હતા. પસંદગી સમિતિના પ્રમુખ એમએસકે પ્રસાદે અહીં પાંચ સભ્યની સમિતિની બેઠક બાદ ટીમની જાહેરાત કરી હતી. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હજુ પણ ફિટ થયો નહીં હોવાના કારણે ટીમમાં પાછા ફરવા માટે હજુ તેને કેટલાક સમય સુધી રાહ જોવી પડશે. બુમરાહ પીઠના સ્ટ્રેસ ફ્રેક્ચરના કારણે કેટલાક સમયથી ટીમની બહાર હતો અને તેણે તાજેતરમાં જ વિશાખાપટ્ટનમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી વન-ડે પહેલાં ભારતીય ટીમની નેટ્સમાં બોલિંગ કરી હતી. છેલ્લા કેટલાક સમયથી સતત મેચ રમી રહેલા ઓપનર રોહિત શર્માને શ્રીલંકા સામેની શ્રેણીમાં આરામ આપવાનો પસંદગી સમિતિએ નિર્ણય કર્યો છે. ભારતીય ટીમ શ્રીલંકા સામે ત્રણ ટી૨૦ તથા ઓસ્ટ્રેલિયા સામે ત્રણ વન-ડે મેચ રમશે.

### શ્રીલંકા સામેની ટી૨૦ ટીમ

કોહલી (સુકાની), શિખર ધવન, લોકેશ રાહુલ, શ્રેયસ ઐયર, રિષભ પંત, જાડેજા, શિવમ દુબે, ચહલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, નવદીપ સૈની, શાર્દૂલ ઠાકુર, મનીષ પાંડે, વોશિંગ્ટન સુંદર, સંજૂ સેમસન.

### શ્રીલંકા સામેનો કાર્યક્રમ

પાંચમી જાન્યુઆરી પ્રથમ ટી૨૦, ગુવાહાટી
સાતમી જાન્યુઆરી બીજી ટી૨૦, ઇન્દોર
નવમી જાન્યુઆરી ત્રીજી ટી૨૦, પૂણે

### ઓસ્ટ્રેલિયા સામેનો કાર્યક્રમ

૧૪મી જાન્યુઆરી પ્રથમ વન-ડે, મુંબઇ
૧૭મી જાન્યુઆરી બીજી વન-ડે, રાજકોટ
૧૯મી જાન્યુઆરી ત્રીજી વન-ડે, બેંગ્લોર

### ઓસ્ટ્રેલિયા સામેની ટી૨૦ ટીમ

વિરાટ કોહલી (સુકાની), શિખર ધવન, રોહિત શર્મા, લોકેશ રાહુલ, શ્રેયસ ઐયર, મનીષ પાંડે, રિષભ પંત, કેદાર જાધવ, શિવમ દુબે, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, નવદીપ સૈની, શાર્દૂલ ઠાકુર, જસપ્રીત બુમરાહ

# સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન

## ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ

LOWEST FARES GUARANTEED

# Rank One
Travels & Tours

SPECIAL SEAT SALE

www.rankonetravels.com

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સૌથી સસ્તા દરે મુસાફરી કરો



FARES TO

MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA, DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD

**AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES - CRUISES - INSURANCE**

CALL US TODAY!

# 905.672.5300 I 1-866.929.5300

Email: rajesh@rankonetravels.com

tico.ca
LIC: 50021002

49, Hillcrest Avenue,
Unit - 203, Brampton L6W 4V4

CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.

# MOTEL for SALE

# NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

## Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.century21.ca/niraj.pancholi

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



## MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

**OUR TEAM IS SELLING OTHER BUSINESSES IN ONTARIO**

Contact us TO SELL your Plaza, Apartment Building, Retirement Home, Food Franchise, Restaurant, Gas Station or Any other business in Ontario.

**RECENT AWARDS FORM CENTURY 21 CANADA**

RECENT AWARDS FORM CENTURY 21 CANADA
#42 OF TOP 75 PRODUCER IN CANADA
CENTURION PRODUCER AWARD
PACESETTER PLATINUM AWARD

**NEW: 12 ROOM MOTEL FOR SALE OR LEASE**

Located on Hwy 7, 45 min form Peterborough
Spent about 200K on Renovation
10 Room with Kitchenette- high demand
Low operating costs: under 45K
**Asking For Sale: $750,000**
**Asking For Lease: $7,500/month**

**14 ROOM MOTEL & RESTAURANT ASKING $699K**

Inside corridor well maintained motel
located on Hwy 17 near Sudbury
Gross total revenue: about $300K
Seller willing to hold Mortgage

**FEW RECENTLY SOLD MOTELS**

- Franchise hotel in Gananoque/1000 Island - Sold
- Hotel near Goderich / Lake Huron - Sold
- Motel in Cochrane, Hwy 11- Sold
- Motel in Blind River, Hwy 17 - Sold
- Motel near Sault Ste Marie, Hwy 17 - Sold
- Franchise Motel in Cochrane, Hwy 11 - Sold

**NEW: 25 + ROOM MOTEL FOR SALE**

In Thunder Bay, 2 hrs flight time form Toronto
**Asking $2.3M**

**NEW: FRACHISE MOTEL FOR SALE**

3 HRS FORM TORONTO
**Asking under $5M**
Principal buyers with min 40% down payment only

**18 ROOM MOTEL & 3BR HOUSE ASKING $799K**

Spent thousands of dollar on Renovation
1.5 Hrs form Ottawa & 4 Hrs form Toronto

**OTHER MOTELS FOR SALE : $600K to $5M**

**Principal buyers only**
**Down payment require : 25% to 50%**
**Call for info or to set up personal meeting**

**Motel Manager Require:** To stay and operate motel in north English & Computer knowledge require, Experience preferred

**Working Partner:** Interested to operate motel as working partner with 10 to 20% of your investment opportunity coming in 2020

**URGENT LISTING REQUIRE: MOTELS & HOTELS**

Any Size, Any Price, Any Where, Franchise or Non Franchise
I have many Buyers for all : waiting for good motel

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke